RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

**સુવિચાર**
સમય કોઈનો સગો થતો નથી અને સગા બધા સમય જોઈને થાય છે ”

Date:- 26-05-2026 I VOL : 12 I Issue : 70 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3


નવા શૈક્ષણિક સત્રમાં વાલીઓની કમર તૂટશે : સ્કૂલ વાન અને રિક્ષાના ભાડા વધવાની સંભાવના

4

ભારતમાં 1961થી 2021 સુધીની ગરમીની સરેરાશ જોવામાં આવે તો હીટવેવમાં 2.5 દિવસનો...

6

સલમાન ખાનનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ કેમ ગાયબ થયું? ભાઈજાને ખુદ કર્યો મોટો ખુલાસો!

7

IPLના ઈતિહાસમાં રોહિત શર્માના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ

## એક નજર...

### નમ્રતા મલ્લાના સ્ટનિંગ લુકે વધાર્યો તાપમાનનો પારો



અભિનેત્રીએ હાલમાં જ તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં નમ્રતા સ્ટનિંગ લુકમાં જોવા મળી રહી છે. નમ્રતા ખૂબ જ હોટ અભિનેત્રીઓમાંની એક છે. ફેન્સ નમ્રતાને ખૂબ જ પસંદ કરે છે. નમ્રતાની આ તસવીરો સોશિયલ મીડિયા પર ખૂબ જ ખળભળાટ મચાવી રહી છે. નમ્રતાની ફેન ફોલોઈંગ પણ મોટી છે. ફેન્સ તેના દરેક લુકને પસંદ કરે છે.

# મહિનામાં ચોથીવાર પેટ્રોલ-ડિઝલના ભાવ વધ્યા

## દિલ્હીમાં પેટ્રોલ ₹2.61, ડીઝલ ₹2.71 પ્રતિ લિટર મોંઘું થયું; યુદ્ધની અસર ભારત સુધી પહોંચી

નવી દિલ્હી

તેલ કંપનીઓએ આજે 25 મેના રોજ પેટ્રોલ 2.61 પ્રતિ લિટર અને ડીઝલ 2.71 પ્રતિ લિટર મોંઘું કર્યું છે. આ વધારા પછી દિલ્હીમાં હવે એક લિટર પેટ્રોલની કિંમત 102.12 અને ડીઝલની કિંમત 95.20 થઈ ગઈ છે. આ મહિને ચોથી વખત વધ્યા પેટ્રોલ અને ડીઝલના ભાવ ઈંધણની કિંમતોમાં આ મહિને આ ચોથો વધારો છે




25 મેના રોજ પેટ્રોલ 2.61 પ્રતિ લિટર અને ડીઝલ 2.71 પ્રતિ લિટર મોંઘું. 23 મેના રોજ પેટ્રોલ 87 પૈસા, ડીઝલ 91 પૈસા મોંઘું કરવામાં આવ્યું હતું. 19 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સરેરાશ 90 પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. 15 મેના રોજ પણ કિંમતોમાં 3 પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો.

અન્ય વસ્તુઓના ભાવ પણ વધી શકે છે માલભાડું વધશે: ટ્રક અને ટેમ્પોનું ભાડું વધી જશે, જેના કારણે અન્ય રાજ્યોમાંથી આવતી શાકભાજી, ફળો અને રાશન મોંઘા થશે. ખેતીનો ખર્ચ: ટ્રેક્ટર અને પમ્પિંગ સેટ ચલાવવા માટે ખેડૂતોને વધુ ખર્ચ કરવો પડશે, જેના કારણે અનાજનો ખર્ચ વધશે. બસ-ઓટોનું ભાડું: જાહેર પરિવહન અને સ્કૂલ બસોના ભાડામાં પણ વધારો જોવા મળી શકે છે. પેટ્રોલ-ડીઝલના ભાવમાં શા માટે વધારો થયો? આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડની કિંમતો વધવાથી તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાનની ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલની કિંમતોમાં લાંબા સમય સુધી તેજી જળવાઈ રહેશે તો પેટ્રોલ-ડીઝલની કિંમતો વધુ વધારી શકાય છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો અને ડોલર સામે રૂપિયાની સ્થિતિના આધારે દેશમાં ઈંધણના ભાવ નક્કી કરવામાં આવે છે. સરકારી તેલ કંપનીઓ 'ડેઈલી પ્રાઈસ રિવિઝન' એટલે કે ડાયનેમિક પ્રાઈસિંગ સિસ્ટમ હેઠળ દરરોજ સવારે 6 વાગ્યે નવા ભાવ અપડેટ કરે છે.

## મહાબળેશ્વર નજીક 1500 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી કાર, 8 લોકોના દર્દનાક મોત

મહાબળેશ્વર

મહારાષ્ટ્રના પ્રખ્યાત હિલ સ્ટેશન મહાબળેશ્વર નજીક એક ભયાનક અકસ્માત સર્જાયો છે. કોંકણથી પરત ફરી રહેલા પ્રવાસીઓની એક સ્કોર્પિયો કાર અનિયંત્રિત થઈને આશરે 1500 ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દર્દનાક દુર્ઘટનામાં સતારાના 8 યુવકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં છે. ખીણ અતિશય ઊંડી હોવાના કારણે દૂરબીનની મદદથી મૃતદેહોની શોધખોળ કરવામાં આવી રહી છે. કોંકણથી પરત ફરતા વહેલી સવારે અકસ્માત મળતી માહિતી અનુસાર, આ ભયાનક અકસ્માત રાયગઢના આંબેનલી ઘાટ પર રવિવાર અને સોમવારની મધ્યરાત્રિએ વહેલી સવારે આશરે 2:45 વાગ્યે સર્જાયો હતો. અકસ્માતનો ભોગ બનેલી સ્કોર્પિયો કાર સતારા જિલ્લાના કોરેગાંવ તાલુકાના આસગાંવની છે. આ તમામ યુવકો કોંકણના હરણાઈ બીચથી ફરીને વહેલી સવારે પોલાદપુર માર્ગ થઈને સતારા તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ડ્રાઈવરે કાર પરથી નિયંત્રણ ગુમાવતાં કાર સીધી ઊંડી ખીણમાં પડી ભાંગી હતી. આ અકસ્માત એ જ જગ્યાની આસપાસ થયો છે, જ્યાં વર્ષ 2018માં દાપોલી કૃષિ યુનિવર્સિટીની બસ ખીણમાં ખાબકી હતી અને મોટો હોબાળો મચ્યો હતો. પોલાદપુર પોલીસ સ્ટેશનના અધિકારી આનંદ રાવડેએ જણાવ્યું કે, વહેલી સવારે અંધારામાં કાર પરથી કાબૂ ગુમાવવાને કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલાદપુર પોલીસની ટીમ સહિત મહાબળેશ્વર ટ્રેકર્સ, પ્રતાપગઢ રેસ્ક્યુ ટીમ, સિસ્કેપ મહાડ પોલાદપુર, આપદા મિત્ર અને સ્થાનિક લોકોની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ખીણ ખૂબ જ ઊંડી હોવાના કારણે શરૂઆતમાં બચાવ દળે દૂરબીનની મદદથી તપાસ શરૂ કરી હતી, જેમાં પહેલો મૃતદેહ દેખાયો હતો.

# Gen-Z જ મોદી સરકારનો અહંકાર તોડશે: રાહુલ ગાંધી

## CBSE બોર્ડ પરિણામ વિવાદ મુદ્દે સરકાર પર ભડક્યા રાહુલ ગાંધી

નવી દિલ્હી

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નીટ-યુજી પરીક્ષાનું પેપર લીક અને CBSE ધોરણ-12ના પરિણામ તેમજ ઑન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં ખામી મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલે મોદી-પ્રધાનની જોડીએ વધુ એક



પ્રતિષ્ઠિત સંસ્થાનને ગેરરીતિનું પ્રતિક બનાવી દીધું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે ચેતવણી પણ આપી છે કે, દેશના યુવાનો અને જેન-જી આ વખતે મોદી સરકારનો અહંકાર તોડીને જ રહેશે. રાહુલના વડાપ્રધાન-શિક્ષણ મંત્રી પર આકરા પ્રહાર કોંગ્રેસ નેતાએ સીબીએસઈ અને ડિજિટલ ઈવેલ્યુએશન સિસ્ટમ (ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમ)માં ખામીના કારણે પરેશાન થયેલા 18.5 લાખ બાળકોનો મુદ્દે ઉઠાવીને સરકારની સંવેદનશીલતા અને જવાબદારી પર ગંભીર સવાલો કર્યા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર મોદી સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે કે, 'વડાપ્રધાન મોદી અને શિક્ષણ મંત્રી પ્રધાનની જોડીએ વધુ એક સંસ્થાને ગેરરીતિનું પ્રતિક બનાવી દીધું છે. દાયકામાં પહેલીવાર CBSE બોર્ડ પરીક્ષા પર આવા ગંભીર સવાલો ઉઠ્યા છે. તેમણે કહ્યું કે, '18.5 લાખ ઉમેદવારોએ જેની પરીક્ષા આપી તે નીટ-યુજીનું પેપર લીક થયું, તે પછી એક અઠવાડિયાથી ઓન-સ્ક્રીન માર્કિંગ સિસ્ટમમાં ખોટી માર્કિંગ અને તપાસમાં ગડબડીની ફરિયાદો ઉઠી છે. આટલી બધી સમસ્યા છતાં શિક્ષણ મંત્રી પોતાની ખુરશી સાથે ચિપકાયેલા રહ્યા છે.' રાહુલ ગાંધી (Rahul Gandhi)એ પોસ્ટમાં એક પીડિત વિદ્યાર્થી સાથે બનેલી ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો છે. આ વિદ્યાર્થીએ પોતાની ઉત્તરવહી (આન્સર શીટ એક્સચેન્જ) બદલાઈ જવાની સમસ્યા પુરાવા સાથે સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ત્યારે આ મામલે રાહુલે ભાજપની આઈટી સેલને સાણસામાં લીધી છે. તેમણે લખ્યું કે, '17 વર્ષના વિદ્યાર્થીએ પોતાની ઉત્તરવહીની ખોટી તપાસ કરાઈ હોવાનો દાવો કરીને ન્યાયની આશાએ સોશિયલ મીડિયા પર વિગતો શેર કરી હતી, જોકે તેને મદદ કરવાના બદલે અપશબ્દો કહેવામાં આવ્યા. ભાજપની આઈટી સેલે તે વિદ્યાર્થીને દેશ વિરોધી કહ્યો, સોરોસનો એજન્ટ ગણાવ્યો, ડીપ સ્ટેટ પણ કહ્યો. આ 17 વર્ષના વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યને લઈને અવાજ ઉઠાવ્યો છે.

## NEWS TRACK

### ચીને કહ્યું- ભારત દલાઈ લામાના ઉત્તરાધિકારીના મામલાથી દૂર રહે

ચીને ભારતને દલાઈ લામાના ઉત્તરાધિકારના મુદ્દાથી દૂર રહેવાની સલાહ આપી છે. બીજિંગે કહ્યું કે દલાઈ લામાના પુનર્જન્મ અને ઉત્તરાધિકારી નક્કી કરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ચીનનો આંતરિક મામલો છે અને તેમાં કોઈ બાહ્ય હસ્તક્ષેપની મંજૂરી આપવામાં આવશે નહીં. ભારતમાં ચીની દૂતાવાસના પ્રવક્તા યુ જિંગે રવિવારે નિવેદન જારી કરીને કહ્યું કે દલાઈ લામાનો પુનર્જન્મ સદીઓ જૂના ધાર્મિક રીતિ-રિવાજો અને ઐતિહાસિક પરંપરાઓ હેઠળ થાય છે. તેમણે કહ્યું કે આ પ્રક્રિયા માટે ચીનની કેન્દ્રીય સરકારની મંજૂરી જરૂરી હોય છે અને 14મા દલાઈ લામાને પણ આ જ પ્રક્રિયા હેઠળ માન્યતા આપવામાં આવી હતી. ચીની દૂતાવાસે ભારતને તિબેટ પરના તેના જૂના વલણની યાદ પણ અપાવી. નિવેદનમાં કહેવામાં આવ્યું કે ભારતે તિબેટીયન સ્વતંત્રતા સંબંધિત ગતિવિધિઓ માટે મંચ ઉપલબ્ધ કરાવવો જોઈએ નહીં. આ પ્રાદેશિક સ્થિરતા અને ભારત-ચીન સંબંધો માટે જરૂરી છે. આ પહેલો પ્રસંગ નથી જ્યારે ચીને દલાઈ લામાના મુદ્દે ભારતને ચેતવણી આપી હોય. ગયા વર્ષે પણ બેઈજિંગે કહ્યું હતું કે દલાઈ લામાનો ઉત્તરાધિકાર ભારત-ચીન સંબંધોમાં કાંટા સમાન છે.

### અમેરિકાની ધમકીઓથી ડરતા નથી: ઈરાને કહ્યુ તેના પર ભરોશો નથી

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘાઈએ કહ્યું કે ઈરાન અમેરિકાની ધમકીઓથી ડરશે નહીં. તેમણે કહ્યું કે એવી કોઈ ગેરંટી નથી કે અમેરિકા કોઈપણ સંભવિત કરારનું સંપૂર્ણ પાલન કરશે. બાઘાઈએ કહ્યું કે ઈઝરાયલ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોને નબળી પાડવાનો પ્રયાસ કરી શકે છે. તેમણે કહ્યું કે ઈઝરાયલી શાસન આ કરારને થતો અટકાવવા માટે પુરા પ્રયાસો કરી રહ્યું છે. અમેરિકા અને ઈરાન યુદ્ધને ધીમે ધીમે સમાપ્ત કરવા અને હોર્મુઝ સ્ટ્રેટ પર ઈરાનની નાકાબંધી હટાવવા અંગે સૈદ્ધાંતિક રીતે એક કરાર પર સહમત થયા છે. આ માહિતી એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ આપી છે. જોકે, હજુ પણ ઘણા સંવેદનશીલ મુદ્દાઓ પર અંતિમ નિર્ણય બાકી છે. ઈરાન તરફથી હાલમાં જાહેરમાં એવું કહેવામાં આવ્યું નથી કે કરાર થઈ ગયો છે. છેલ્લા 24 કલાકમાં ઈરાની અધિકારીઓના નિવેદનોમાં પણ કેટલાક તફાવત જોવા મળ્યો છે. અમેરિકી અધિકારી અનુસાર કરાર પર હજુ હસ્તાક્ષર થયા નથી અને તેને અંતિમ મંજૂરી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના સુપ્રીમ લીડર મુજતબા ખામેની પાસેથી મળવાની બાકી છે.

# મહેસાણા ભાજપમાં પ્રચંડ ભૂકંપ: "કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યો ત્યારે મને 2 કરોડ આપ્યા"

## સી.જે. ચાવડાની કથિત ઓડિયો ક્લિપ વાઇરલ થતાં ખળભળાટ!

મહેસાણા:

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર પક્ષપલટા અને કરોડો રૂપિયાના વ્યવહારોને લઈને ભયંકર ગરમાવો આવી ગયો છે. વિજાપુરના પૂર્વ ધારાસભ્ય અને કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયેલા દિગ્ગજ નેતા સી.જે. ચાવડાની એક કથિત ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં મહેસાણા સહિત સમગ્ર ગુજરાતના ભાજપ સંગઠનમાં ભૂકંપ આવી ગયો છે. આ વાઈરલ ક્લિપમાં પક્ષપલટા માટે કરોડો રૂપિયાની લેતી-દેતી થઈ હોવાનો ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે.

### "5 કરોડ નક્કી થયા હતા, 2 કરોડ આપ્યા" – કથિત ક્લિપનો સનસનાટીભર્યો દાવો

સોશિયલ મીડિયા પર વહેતી થયેલી આ કથિત ઓડિયો ક્લિપમાં સી.જે. ચાવડા કોઈ કાર્યકર અથવા પરિચિત વ્યક્તિ સાથે વાતચીત કરી રહ્યા હોય તેવું સંભળાય છે. ક્લિપના સંવાદો મુજબ:

જ્યારે સામી વ્યક્તિ પૂછે છે કે, 'તમને ભાજપવાળાએ કંઈ આપ્યું કે નહીં?'

ત્યારે સામેથી કથિત રીતે એવો જવાબ મળે છે કે, '૫ કરોડ નક્કી થયા હતા, જેમાંથી ૨ કરોડ રૂપિયા મને આપી દીધા છે અને બાકીના ૩ કરોડ રૂપિયા હજુ આપવાના બાકી છે.'

આ વાતચીત સામે આવતા જ રાજકીય ગલિયારાઓમાં ચર્ચાની બજારો ગરમ થઈ ગઈ છે અને પક્ષપલટા પાછળના ખેલનો પર્દાફાશ થયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

### રાજકારણ ગરમાયું: કોંગ્રેસ આક્રમક, ભાજપ બેકફૂટ પર?

આ ઓડિયો ક્લિપ વાઈરલ થતાં જ વિપક્ષી નેતાઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકશાહીની ખરીદ-વેચાણના ગંભીર આક્ષેપો સાથે સોશિયલ મીડિયા પર ભાજપ સરકારને ઘેરવામાં આવી રહી છે.

બીજી તરફ, આ ક્લિપની સત્યતા કેટલી છે તે હજુ સત્તાવાર રીતે સાબિત થયું નથી. જોકે, આ વિવાદના કારણે મહેસાણા ભાજપના આંતરિક જૂથવાદ અને નારાજગીના વરવા દ્રશ્યો ફરી એકવાર સપાટી પર આવી ગયા છે.

**નોંધ: 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ વાઈરલ ઓડિયો ક્લિપની સત્યતા કે પ્રમાણભૂતતાની કોઈ પુષ્ટિ કરતું નથી. પરંતુ આ કથિત ક્લિપે હાલ ઉત્તર ગુજરાતના રાજકારણમાં ભારે હોબાળો મચાવી દીધો છે તે હકીકત છે. હવે જોવાનું એ રહેશે કે આ મામલે સી.જે. ચાવડા કે ભાજપ સંગઠન તરફથી શું સત્તાવાર સ્પષ્ટતા આવે છે.**




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## સંતરામપુરના ઉખરેલી PHCમાં CHO દ્વારા દર્દીના પિતા પર હુમલો

મહીસાગર

મહીસાગરના સંતરામપુર તાલુકાના ઉખરેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) ખાતે એક ચોંકાવનારી ઘટના બની છે. પુત્રની સારવાર કરાવવા ગયેલા પિતા પર ફરજ પરના કમ્યુનિટિ હેલ્થ ઓફિસર-CHO અજીત તડવી દ્વારા હુમલો કરી, લાફા મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો આરોપ લાગ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પીડિત પિતા ખાંટ કાનજીભાઈએ તાલુકા હેલ્થ ઓફિસર (THO)ને કરેલી લેખિત ફરિયાદ મુજબ, 13 મેના રોજ તેઓ પોતાના પુત્રની સારવાર માટે ઉખરેલી PHC ગયા હતા. ત્યાં ફરજ પરના CHO અજીત તડવીએ તેમની સાથે ઉદ્ધત વર્તન કર્યું હતું અને સારવાર આપવાનો ઈનકાર કરી દીધો હતો. CHO અજીત તડવીએ કાનજીભાઈને જણાવ્યું હતું કે, 'અહીં કોઈ દવા નહીં મળે, સંતરામપુર સિવિલ લઈ જાઓ.'

કાનજીભાઈએ સારવાર માટે વિનંતી કરતા CHO તડવી ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે કાનજીભાઈ સાથે ઝપાઝપી કરી, બે થપ્પડ મારી અને ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત, તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આરોપ છે કે સ્ટાફના અન્ય સભ્યોએ પણ 'તારો પુત્ર ભલે મરી જાય, અમે અહીં દવા નહીં આપીએ' તેમ કહી ક્રૂરતાપૂર્વક વર્તન કર્યું હતું.

આ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં ઉતારી પીડિત પરિવારને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ મામલે પીડિત પિતાએ તાલુકા હેલ્થ ઓફિસરને લેખિત અરજી આપી CHO તડવી અને અન્ય જવાબદાર કર્મચારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## સુરતમાં કાળજું કંપાવતી ઘટના : 3 રખડતા કૂતરાં માસૂમ બાળક પર ટૂટી પડ્યા

સુરત

સુરત શહેરમાં રખડતા શ્વાનનો આતંક દિવસબદિવસ બેકાબૂ બની રહ્યો છે. શહેરમાંથી એક એવી હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેના સીસીટીવી (CCTV) ફૂટેજ જોઈને કોઈપણ વ્યક્તિ ધ્રૂજી જશે. એક સોસાયટીની બહાર રમી રહેલા માસૂમ બાળક પર ત્રણ રખડતા કૂતરાં એકાએક ટૂટી પડ્યા હતા. કૂતરાઓએ બાળકને બચકાં ભરીને અંદાજે ૧૦ ફૂટ સુધી રસ્તા પર ઢસડ્યો હતો. સામે આવેલા સીસીટીવી ફૂટેજ અનુસાર, માસૂમ બાળક ઘર નજીક એકલો હતો ત્યારે જ ત્રણ હિંસક કૂતરાઓએ તેને ઘેરી લીધો હતો. બાળક કંઈ સમજે તે પહેલાં જ કૂતરાઓએ તેના પર હુમલો કરી દીધો. અંદાજે ૪૦ સેકન્ડ સુધી કૂતરાં બાળકને પીંખતા રહ્યા અને તેને નિર્દયતાથી ઢસડતા રહ્યા. બાળકની ચીસાચીસ સાંભળીને આસપાસના લોકો અને પરિવારજનો તાત્કાલિક લાકડીઓ લઈને દોડી આવ્યા હતા અને બાળકને કૂતરાઓના મોંમાંથી માંડ-માંડ બચાવ્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા બાળકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં સુરત મહાનગરપાલિકા (SMC) સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. 'રખડતા કૂતરાઓનો ત્રાસ હદ વટાવી ગયો છે. પાલિકા તંત્ર માત્ર કાગળ પર કામગીરી કરે છે. શું તંત્ર કોઈનો જીવ જવાની રાહ જોઈ રહ્યું છે?'

આ કાળજું કંપાવતી ઘટનાએ ફરી એકવાર શહેરી વિસ્તારોમાં રખડતા પશુઓ અને શ્વાનના નિયંત્રણ સામે મોટા સવાલો ઊભા કર્યા છે.

## ભાવનગરમાં આઈપીએલ મેચ પર જુગાર રમતો રીક્ષા ચાલક ઝડપાયો

ભાવનગર

આઈપીએલ ક્રિકેટની સીઝન શરૂ થતાં જ સટ્ટાબાજો સક્રિય થઈ ગયા છે, ત્યારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે (એલસીબી) જુગારની પ્રવૃત્તિઓ સામે મોટી કાર્યવાહી કરી છે. ભાવનગર રેન્જ આઈજી રાજેન્દ્ર વી. અસારી અને એસપી નિતેશ પાંડેયની સૂચના હેઠળ એલસીબીના ઈન્ચાર્જ પીઆઈ પી.સી. શીંગરખીયા અને ટીમ ભાવનગરના ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ટીમ જ્યારે મહુવા ટાઉન વિસ્તારમાં હતી, ત્યારે તેમને એક મહત્વની બાતમી મળી હતી.

બાતમીના આધારે પોલીસે મહુવા ટાઉનના જનતા પ્લોટ નંબર-૨માં, ડૉ. લાડાણીના દવાખાનાની સામે જાહેર રોડ પર દરોડો પાડ્યો હતો. ત્યાં તુલશીભાઈ ભીમાભાઈ બાંભણીયા નામનો ૪૩ વર્ષનો રીક્ષા ચાલક આઈપીએલની મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ પર અનોખી રીતે જુગાર રમાડતો હતો. તે કાગળની ચિઠ્ઠીઓ પર ખેલાડીઓના નંબરની જોડી બનાવી ગ્રાહકો પાસેથી રોકડા રૂપિયા લઈને હારજીતનો જુગાર રમતો અને રમાડતો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી આરોપી તુલશીભાઈ બાંભણીયાની ધરપકડ કરી છે. તેની પાસેથી કુલ ૪૧,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૧૫,૫૦૦ રૂપિયા રોકડા, ૧,૦૦૦ રૂપિયાની કિંમતનો સેમસંગ કંપનીનો મોબાઈલ, ૨૫,૦૦૦ રૂપિયાનું એક્ટિવા સ્કૂટર (નંબર GJ-27-AB-7997), કાગળની ચિઠ્ઠીઓ અને પેન સામેલ છે.

આ પકડાયેલા આરોપી વિરુદ્ધ મહુવા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એલસીબીની આ સફળ કામગીરીથી સ્થાનિક જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## વિશ્વપ્રસિદ્ધ રૂપાલના વરદાયિની માતાના મંદિર પરિસરમાં તસ્કરોનો તરખાટ; 3 દાનપેટીની ચોરી

ગાંધીનગર

લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર અને વિશ્વપ્રસિદ્ધ પલ્લી ઉત્સવ માટે જાણીતા ગાંધીનગરના રૂપાલ ગામના વરદાયિની માતાના મંદિર પરિસરમાંથી ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. સુરક્ષા વ્યવસ્થાને ભેદીને રાત્રિના અંધકારમાં તસ્કરોએ આચરેલી આ લૂંટને પગલે સમગ્ર પંથકના ભક્તોમાં ભારે રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૨૪ મેની રાત્રે ૯ થી ૨૫ મેની વહેલી સવારે ૪ વાગ્યાની વચ્ચે બે અજાણ્યા તસ્કરો નદી તરફના માર્ગેથી મંદિર પરિસરમાં ઘૂસ્યા હતા. તસ્કરોનો મુખ્ય ઈરાદો વરદાયિની માતાના મુખ્ય મંદિરમાં જ હાથફેરો કરવાનો હતો.

પરંતુ, મુખ્ય મંદિર મજબૂત લોખંડી સુરક્ષા કવચ અને ચુસ્ત લોકીંગ સિસ્ટમથી સજ્જ હોવાને કારણે તસ્કરો ત્યાં ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા. ફેરો ફોગટ ન જાય તે માટે તસ્કરોએ પરિસરમાં જ આવેલા ખોડિયાર માતાના મંદિરના તાળા તોડ્યા હતા અને ત્યાં રાખેલી ૩ દાનપેટીઓ ઉઠાવીને રફુચક્કર થઈ ગયા હતા.

વહેલી સવારે ચોકીદાર કનુભાઈ રાવળને તાળા તૂટ્યા હોવાની જાણ થતા જ મંદિરના મેનેજર કનુભાઈ પટેલ અને ટ્રસ્ટી નિતિનભાઈ પટેલ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તપાસ દરમિયાન મંદિરની ત્રણેય દાનપેટીઓ નજીકના તળાવ કિનારેથી તૂટેલી હાલતમાં મળી આવી હતી. મંદિર પ્રશાસનના જણાવ્યા મુજબ, દાનપેટીઓમાં આશરે ૧૦ થી ૧૫ લાખ રૂપિયા જેટલી રોકડ રકમ હોવાનું અનુમાન છે. CCTV માં કેદ થયા તસ્કરો: મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા બે અજાણ્યા શખસો તાળું તોડીને દાનપેટીઓ લઈ જતા સ્પષ્ટ દેખાયા છે. આ અંગે પેથાપુર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને પોલીસે તસ્કરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### સિંચાઈ વિભાગની સર્વેની કામગીરીમા નબળાઈના કારણે ખેડૂતો ચિંતામાં

# કલેકટર અર્પિત સાગરની કડક સૂચના આપેલી ખેડૂતોના નુકશાનમા પાકમા સર્વે કરવામાં જવાબદાર અધીકારીઓની કામગીરી ગોકુળ ગતિએ

મહીસાગર

મહીસાગર જીલ્લામાં આવેલા ગોધર તાલુકામાં મોહીલાપડ તળાવમાં રીપેરીંગની કામગીરી હાલમાં ચાલી રહી છે.ત્યારે મોહીલાપડ તળાવમાં પાણી વધારે હોવાથી કોન્ટ્રાકટરની રીપેરીંગની કામગીરીને અવરોધ પાણી હોવાથી તળાવમાંથી પાણી બહાર છોડવામાં આવ્યું હતું. કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીને કારણે કોઈ પ્રકારનું લેખિત મૌખિક જાણ કર્યા વગર પોતાની સતા ચલાવીને પાણી છોડવામાં આવતા નીચાણવાળા વિસ્તારોમાં ખેડૂતોના મોટા પાકને નુકસાન થયું છે. જવાબદાર તંત્ર દ્વારા વહેલી તકે સર્વે કરવામાં આવશે એવા મોટા મોટા બણગાં ફૂંકવામાં આવે અધીકારીઓ દ્વારા એક સાથે ત્રણ અધીકારીઓની સૂચનાનો અમલ થતો નથી મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર પણ ખેડૂતોના નુકશાન બાબતની ચિંતા કરી સ્થળ તપાસ કરી હતી.એમણે પણ સિંચાઈ વિભાગના અધીકારીઓને વહેલી તકે સર્વે કરવા સૂચન કર્યું ધારાસભ્યે મામલતદારે કલેકટરે છતાં ખેડૂતોના ખેતરે સર્વેની કામગીરીમા વિલંબ પાકને મોટું નુકસાન બાબતે એક અઠવાડી થયુ હોવા છતાં.ખેડૂતોને નવીન ખેતીની કામગીરી કરવાની હોય પરંતુ પરીણામે ખેડૂતોને નુક્સાન બાબતે આજદીન સુધી એક અઠવાડિયુ થવા છતાં આજદીન સૂધી સર્વે કરવામાં કોઈ અધીકારી ખેડૂતોના ખેતરે દેખાયા નથી ગોધર મામલતદાર અંકીત પરમારે પણ તાત્કાલિક સિંચાઈ વિભાગને જાણ કરી હતી છતાં સિંચાઈ વિભાગના અધીકારીઓ તરફથી સર્વે કરવામાં સિંચાઈ વિભાગ નિષ્ફળ નિવડયા છે એક અઠવાડિયા જેટલો સમય છતા ખેડૂતોને આજદીન સુધી નુકસાન બાબતે ખેડૂતોને કાગળો કરવામાં જવાબદાર વિભાગની આળસના કારણે ખેડૂતોને વિલંબ જોવા મળે છે અમારા નીચાણ વાળા વિસ્તારોમાં આવતા કોન્ટ્રાક્ટરની બેદરકારીના ભાગરૂપે નુકશાન બાબતે વહેલી તકે સર્વે કરી વહેલી તકે નુકસાન બાબતનું ધ્યાન રાખીને નાણાકીય સહાય ચૂકવવા આવે વહેલી તકે એવું હાલતો ખેડૂતો તરફથી એક મોટી આશા રાખી રહ્યા છે જો યોગ્ય નિર્ણય ન લેવામાં આવે તો સમગ્ર ખેડૂતો દ્વારા તળાવની કામગીરી બંધ કરવામા આવશે તેવું સમગ્ર ખેડૂતો તરફથી એક અવાજ જોવા મળે છે. મારા ખેતરે આવી પરિસ્થિતિ મુજબ ચોમાસા કરતા વધારે પાણી છોડવામાં આવ્યું કોતરના નજીક મારૂ ખેતર આવેલું છે મારા સાથે ચારથી પાંચ ખેડૂતોને નુક્સાન થયેલુ છે

મામલતદાર કલેકટર અને ધારાસભ્ય નિમિષાબેન સુથારની કડક સૂચના છે વહેલી તકે નુકશાન પામેલા ખેડૂતોને સર્વે કરી વળતર ચૂકવવામાં આવે પરંતુ સિંચાઈ વિભાગની ગંભીર બેદરકારીને કારણે આજદીન સુધી સર્વે કરવામાં આવેલ નથી



## યુવા રાણા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ અંકલેશ્વરની સરાહનીય કામગીરી

### 35 ગંગાસ્વરૂપ અને નિરાધાર બહેનોને જીવનજરૂરી કીટનું વિતરણ કરાયું

અંકલેશ્વર

ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાં યુવા રાણા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વધુ એક વખત પ્રશંસનીય અને પ્રેરણાદાયી સમાજલક્ષી સેવાકીય કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા અંકલેશ્વર રાણા સમાજની આર્થિક રીતે નબળી, ગંગાસ્વરૂપ એટલે કે વિધવા અને નિરાધાર બહેનોની વહારે આવીને તેમને રોજિંદા જીવનમાં ઉપયોગી થાય તેવી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અનોખા સેવા યજ્ઞનું આયોજન ભરૂચી નાકા પાસે આવેલા જલારામ મંદિર રાણા પંચની વાડી ખાતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અંકલેશ્વર રાણા સમાજની આશરે ૩૫ જેટલી ગંગાસ્વરૂપ તથા નિરાધાર બહેનોને આર્થિક ટેકો મળી રહે તે હેતુથી અન્નકિટ (રાશન કીટ), સાડી, પ્રેશર કુકર, સાબુ, ટુવાલ અને બેગ સહિત કુલ ૨૭ જેટલી વિવિધ જીવન ઉપયોગી વસ્તુઓની કીટ બનાવીને આદરપૂર્વક અર્પણ કરવામાં આવી હતી. આ કીટ મેળવીને જરૂરિયાતમંદ બહેનોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી હતી. આ ગરિમાપૂર્ણ સેવાકીય પ્રસંગે યુવા રાણા સમાજના પ્રમુખ ગૌરાંગ રાણા, રીતેશ રાણા, નીલેશ રાણા, મુકેશ રાણા તેમજ આ કાર્યક્રમના મુખ્ય દાતા રમેશભાઈ રાણા સહિત રાણા સમાજના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ચેક રીટર્ન કેસમાં ચોંકાવનારો વળાંક

## લોનના બહાને ડ્રાઈવરના નામે બોગસ એકાઉન્ટ ખોલી આચરાયું કૌભાંડ : આરોપી નિર્દોષ જાહેર...

કાલોલ

હાલોલની એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં વર્ષ ૨૦૧૯થી ચાલી રહેલા એક હાઈ-પ્રોફાઈલ ચેક રીટર્ન કેસ (ક્રિમીનલ કેસ નં. ૮૧૯/૨૦૧૯) માં એક અત્યંત ચોંકાવનારી હકીકત સામે આવી છે. એક સામાન્ય ડ્રાઈવરના અજાણતા તેના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને બેંક મેનેજર અને અન્ય ઈસમોની મિલીભગતથી લાખો રૂપિયાનું લોન કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો બચાવ પક્ષ દ્વારા કોર્ટ સમક્ષ ખુલાસો કરવામાં આવ્યો છે. શું છે સમગ્ર મામલો? શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ કંપની લિમિટેડ (હાલ મર્જ થયેલ શ્રીરામ ફાઈનાન્સ કંપની) ના અધિકૃત અધિકારી દ્વારા ઘોઘંબા તાલુકાના ચંન્દૂનગરના વેપારી દશરથભાઈ મનુભાઈ પરમાર વિરુદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ, આરોપી દશરથભાઈએ 'ફોર્સ ક્રૂઝર-પી' (વાહન રજીસ્ટ્રેશન નં. GJ-06-BL-4611) ખરીદવા માટે કંપનીમાંથી લોન લીધી હતી. આ લોનના હપ્તાની બાકી નીકળતી રકમ પૈકી રૂપિયા ૪,૦૧,૯૯૭/ ની ચુકવણી માટે તેમણે ઈન્ડિયન ઓવરસીઝ બેંક, હાલોલ શાખાનો ચેક આપ્યો હતો. આ ચેક આઈસીઆઈસીઆઈ બેંકમાં જમા કરાવતા 'ફંડસ ઈનસફિશિયન્ટ' ના શેરા સાથે પરત ફર્યો હતો. લીગલ નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતા કંપનીએ કોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા. જેમાં આરોપી તરફે એડવોકેટ કે ડી મલેક હાજર રહ્યા હતા.ફરિયાદીએ ઊલટ તપાસમાં સ્વીકારેલ કે જે વ્યક્તિનું નામ આરસી બુકમાં હોય તેને જે લોન મળે.બીજી ફાઈનાન્સ કંપની ની લોન બાકી હોય તો એ ફાઈનાન્સ કંપની ની એનઓસી વગર નવુ ધિરાણ ન મળે તેવું પણ સ્વીકારેલ છે.કોર્ટમાં ડ્રાઈવરના નિવેદનથી મચ્યો ખળભળાટ,આ કેસમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે સી.આર.પી.સી. કલમ-૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવ્યું.

દશરથભાઈ પરમારે કોર્ટ સમક્ષ જણાવ્યું કે તેઓ અત્યારે હાલોલ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટ પર ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. આ અગાઉ વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૫ દરમિયાન તેઓ લાલાભાઈ પુજાભાઈ પારેખ અને મરણજનાર અશોકભાઈ પારેખને ત્યાં ડ્રાઈવિંગની નોકરી કરતા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે નોકરી દરમિયાન તેમના ઘરના તમામ અસલ દસ્તાવેજો જેવા કે આધારકાર્ડ, લાયસન્સ, રેશનકાર્ડ અને ફોટોગ્રાફ્સ શેઠ પાસે હતા. આ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને લાલાભાઈ, તેમના ભાઈ અને ઈન્ડિયન ઓવરસીઝ બેંકના તત્કાલીન મેનેજરે ભેગા મળીને તેમની ખોટી સહીઓ કરી બેંકમાં બોગસ ખાતું (એકાઉન્ટ નં. ૨૧૬૫૦૧૦૦૦૦૦૨૫૦૯) ખોલાવી દીધું હતું.

### ફિલ્મી પીછા બાદ દારૂ-બિયર ભરેલી ઇનોવા કાર ઝડપાઈ


## આજવા ચોકડી નજીક પોલીસની મોટી કાર્યવાહી

વડોદરા

વડોદરા શહેરમાં કપુરાઈ પોલીસ દ્વારા ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી ઈનોવા કાર ઝડપી પાડવામાં આવી હતી. પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી તેમની સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસને બાતમી મળી હતી કે કપુરાઈ ચોકડીથી વાઘોડિયા ચોકડી તરફ વિદેશી દારૂ ભરેલી ઈનોવા કાર પસાર થવાની છે. જેના આધારે ગઈ રાત્રે આશરે 11:30 વાગ્યે હરિયાળી હોટલ સામે પોલીસે વોચ ગોઠવી હતી.

બાતમી મુજબની ઈનોવા કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કાર ચાલકે વાહન ઊભું રાખવાને બદલે પુરઝડપે દોડાવી મૂકતાં પોલીસે




તેનો પીછો શરૂ કર્યો હતો. પોલીસ અને કારચાલક વચ્ચે થોડા સમય સુધી ફિલ્મી ચેઝ ચાલ્યા બાદ આખરે આજવા ચોકડી પાસે આવેલી કાન્હા લેન્ડમાર્ક સોસાયટીના એચ-વન ટાવર નજીક કારને આંતરી પાડી હતી.

પોલીસે કારમાં સવાર રવિ મધુભાઈ મર્મલ (રહે. રાજુલા, અમરેલી) તથા મેહુલ શાર્દુલભાઈ સાંભળ (રહે. પાલીતાણા, ભાવનગર)ને ઝડપી પાડ્યા હતા. કારની તપાસ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો.

કારમાંથી પોલીસે 312 નંગ બિયર કિંમત રૂ.68,640, દારૂના 144 ક્વોટર કિંમત રૂ.24,624, બે મોબાઈલ ફોન તથા ઈનોવા કાર સહિત કુલ રૂ.10,94,764નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપી મેહુલે કબૂલાત કરી હતી કે "નેપાલ" નામનો શખ્સ, રહે. અલીરાજપુર (મધ્યપ્રદેશ), ડભોઈ ખાતે દારૂ ભરેલી કાર આપી ગયો હતો. કપુરાઈ પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે તેમજ દારૂ સપ્લાય કરનાર નેપાલ નામના શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

### પતિને ઝીંકી દીધી સણસણતી થપ્પડ!

## ખાખીનો ખોફ ખાખ! વડોદરાની પોલીસ ચોકીમાં જ પત્ની વિફરી

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશન હેઠળની ઈલોરાપાર્ક પોલીસ ચોકીમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક એવી ઘાતક ઘટના સામે આવી છે, જેણે પોલીસ પ્રશાસનને સવાલોના કઠેડામાં ઊભું કરી દીધું છે. એક અરજીના નિવેદન માટે આવેલા પતિ પર તેની જ પત્નીએ પોલીસની હાજરીમાં ઉશ્કેરાઈને સણસણતી થપ્પડ ઝીંકી દીધી હતી! એટલું જ નહીં, જાહેરમાં પોતાના ગુંડા સાગરીતોને બોલાવી જાનથી મારી નાખવાની ધમકી પણ અપાવી. મળતી માહિતી મુજબ, કરોડિયા રોડના પાર્થ રોહિત વિરૂદ્ધ તેની પત્ની ઉર્વશી નાઈએ અરજી કરી હતી. પાર્થ જ્યારે નિવેદન નોંધાવવા ચોકી પર પહોંચ્યો, ત્યારે ઉર્વશીએ ત્યાં જ હોબાળો મચાવી દીધો અને જાહેરમાં પાર્થને લાફો મારી દીધો. ત્યારબાદ તેણે મનીષ રાઠોડ અને આશીફ ઉર્ફે મુચ્છડ જેવા સાગરીતોને બોલાવ્યા, જેમણે પાર્થને ધમકી આપી કે, 'રૂપિયા પાછા આપી દે, નહીંતર ગોરવામાં રહેવું ભારે પડી જશે.' પોલીસ વચ્ચે પડતાં જ તમામ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. બીજી તરફ, આ મામલામાં પત્ની ઉર્વશીએ ઘાતક વળાંક આપતા પોલીસ અને પતિ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ઉર્વશીના મતે, પાર્થે નડિયાદના તાંત્રિક પાસે તેના પર મેલી વિદ્યા કરાવીને બળજબરીથી લગ્ન કર્યા હતા.

### કાલોલ તાલુકા પંચાયતમાં

## પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે સંજયસિંહ રાઠોડની તાજપોશી પસંદગી કરાઈ

કાલોલ

કાલોલ તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠક આજરોજ તાલુકા પંચાયતના સભાખંડમાં પંચમહાલ જિલ્લા નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડયુટી)ડો.એમ.કે. ડોડીયા ની અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જેમાં કાલોલ તાલુકા વિકાસ અધિકારી આર.પી.પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જેમાં કાલોલ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે જયપાલસિંહ રાઠોડ ની વરણી કરવામાં આવી. જ્યારે ઉપપ્રમુખ તરીકે સંજયસિંહ રાઠોડ ની પસંદગી સાથે જ કાલોલ તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી ત્યારે કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલી બેઠક દરમિયાન નવા હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી ત્યારે તાલુકા પંચાયતના સભાખંડમાં વરણી પ્રક્રિયા દરમિયાન કાલોલ મતવિસ્તારના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને



કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, જીલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ,પંચમહાલ જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ કિરણસિંહ સોલંકી, પંચમહાલ મહિલા મોરચાના પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય સાથે ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાલોલ નગરપાલિકાના સભ્યો તેમજ કાર્યકરોની વિશેષ હાજરી જોવા મળી હતી. જ્યાં જીલ્લા નાયબ કલેકટર (સ્ટેમ્પ ડ્યુટી) ના અધ્યક્ષ સ્થાને સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ કરવામાં આવી હતી અને વિજેતા ઉમેદવારોને સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા હતા.

## વડોદરા શહેરમાં હરણી વિસ્તારમાં સાઇટ પરથી પટકાતા શ્રમજીવીનું મોત

વડોદરા

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલી નવી બંધાતી સાઈટ પર કામ દરમિયાન અકસ્માત સર્જાતા એક યુવાન શ્રમજીવીનું મોત થયું છે. પાંચમા માળેથી નીચે પટકાતા યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા બાદ તેનું મૃત્યુ નિપજ્યું હતું. માહિતી મુજબ, રાજસ્થાનના સાંચોર જિલ્લાના પહાડપુરા ગામનો રહેવાસી ૧૯ વર્ષીય વિક્રમકુમાર સગતારામ ચૌધરી છેલ્લા ઘણા સમયથી વડોદરામાં મજૂરી કામ કરતો હતો. આજે સવારે હરણી રોડ પર આવેલી "હરણી ઈન્ફિનિટી" નામની નવી બંધાતી સાઈટ પર સેન્ટિંગનું કામ કરતી વખતે તે અચાનક પાંચમા માળેથી નીચે પટકાયો હતો.

અકસ્માત બાદ સાથી કામદારો દ્વારા તેને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

### વડોદરાના ચકચારી દારૂ કેસમાં મોટા સમાચાર

## કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોષીને બોડેલી કોર્ટે આપ્યા શરતી જામીન

વડોદરા/બોડેલી

વડોદરા મહાનગરપાલિકા (VMC)ની ચૂંટણી વખતે દારૂ મંગાવવાના હાઈપ્રોફાઈલ અને ચકચારી કેસમાં જેલવાસ ભોગવી રહેલા કોંગ્રેસના નેતાને આખરે મોટી કાનૂની રાહત મળી છે. વોર્ડ નંબર ૧૫ ના કોંગ્રેસી કાઉન્સિલર આશિષ જોષીની જામીન અરજી બોડેલી કોર્ટે ગ્રાહ્ય રાખી છે. કોર્ટે આશિષ જોષીને રૂપિયા ૫૦ હજારના શરતી જામીન પર મુક્ત કરવાનો મહત્વનો હુકમ કર્યો છે, જેને પગલે કોંગ્રેસ ખેમામાં આંશિક રાહત જોવા મળી રહી છે.

આ હાઈપ્રોફાઈલ કેસમાં શુક્રવારે બોડેલી કોર્ટમાં બંને પક્ષના વકીલો વચ્ચે ભારે કાનૂની જંગ જામ્યો હતો. સરકાર પક્ષ તરફથી જામીનનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો. જો કે, આરોપી કાઉન્સિલર આશિષ જોષી વતી ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી (એડવોકેટ) હિતેશ ગુપ્તા કોર્ટમાં હાજર રહ્યા હતા. હિતેશ ગુપ્તાએ કાયદાના વિવિધ પાસાઓ અને પુરાવાઓને ટાંકીને કોર્ટ સમક્ષ એવી ધારદાર દલીલો રજૂ કરી હતી કે અદાલતે બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખવી પડી હતી.

ચૂંટણીના સમયે રાજકીય ગરમાવો વધારનારા આ લિકર કેસમાં ધરપકડ થયા બાદ આશિષ જોષી છેલ્લા એક અઠવાડિયાથી જેલના સળિયા પાછળ દિવસો વિતાવી રહ્યા હતા.

જો કે, બોડેલી કોર્ટે તેમને મુક્ત કરવાનો આદેશ તો કર્યો છે, પણ સાથે કેટલીક આકરી શરતો પણ મૂકી છે. આ શરતી જામીન અંતર્ગત તેમણે તપાસમાં સહયોગ આપવો પડશે અને કોર્ટની મંજૂરી વિના કોઈ ચોક્કસ પ્રક્રિયાઓ કરી શકશે નહીં.

'ચૂંટણીમાં દારૂ મંગાવવાનો આ કેસ વડોદરા કોંગ્રેસ માટે ભારે નામોશી લાવ્યો હતો. હવે કાઉન્સિલર ભલે જેલમુક્ત થઈ રહ્યા હોય, પરંતુ કાનૂની ગૂંચ હજુ લાંબી ચાલશે.'

પાક્કો ગુજરાત

મંગળવાર | 26 મે 2026 | અમદાવાદ




# નવા શૈક્ષણિક સત્રમાં વાલીઓની કમર તૂટશે : સ્કૂલ વાન અને રિક્ષાના ભાડા વધવાની સંભાવના

ગુજરાત

ઉનાળુ વેકેશન પૂરું થવાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે શાળાઓ શરૂ થતાંની સાથે જ વાલીઓ પર મોંઘવારીનો વધુ એક મોટો કોરડો વિંઝાવા જઈ રહ્યો છે. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત પહેલા જ સ્કૂલ વાન અને રિક્ષા એસોસિએશન દ્વારા ભાડામાં તોતિંગ વધારો કરવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેને કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વાલીઓની ચિંતામાં મોટો વધારો થયો છે.

આ ભાવ વધારા પાછળનું મુખ્ય કારણ ઈંધણ અને ખાસ કરીને સીએનજી ગેસના ભાવમાં ઝીંકાયેલો અસહ્ય વધારો છે. વાહનચાલકોનું કહેવું છે કે, વર્ષ ૨૦૨૪ ની સરખામણીએ અત્યાર સુધીમાં સીએનજી ના ભાવમાં પ્રતિ કિલો સીધો ૧૦ રૂપિયા જેટલો તોતિંગ વધારો થઈ ચૂક્યો છે.

આ ઉપરાંત વાહનોના સ્પેરપાર્ટ્સ, વીમો અને મેન્ટેનન્સનો ખર્ચ પણ આકાશે આંબી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં જૂના ભાડામાં સ્કૂલ વાન કે રિક્ષા ચલાવવી પરવડે તેમ ન હોવાથી તેઓ ભાડું વધારવા માટે સંપૂર્ણ મજબૂર બન્યા છે.

એક તરફ મોંઘીદાટ સ્કૂલ ફી, પુસ્તકો, યુનિફોર્મ અને સ્ટેશનરીના ખર્ચથી વાલીઓ પહેલેથી જ પરેશાન છે, ત્યાં હવે માસિક ટ્રાન્સપોર્ટેશનના ભાડામાં થનારો આ વધારો આખા મહિનાનું બજેટ ખોરવી નાખશે. વાલીઓ સોશિયલ મીડિયા પર અને અંદરોઅંદર બળાપો કાઢી રહ્યા છે કે જો આ જ રીતે મોંઘવારી વધતી રહેશે તો બાળકોને ભણાવવા કેવી રીતે?

પાક્કો ગુજરાતનો સળગતો સવાલ એ છે કે, ખાનગી શાળાઓની ફી અને વાહનોના ભાડા પર નિયંત્રણ રાખવામાં સરકાર કેમ સદંતર નિષ્ફળ સાબિત થઈ રહી છે? મોંઘવારીના આ રાક્ષસ સામે પીસાતી સામાન્ય જનતાને રાહત આપવા માટે કોઈ ઠોસ પગલાં લેવાશે ખરા કે પછી વાલીઓએ મૂગા મોઢે આ આર્થિક બોજ સહન કરવો જ પડશે? - રિપોર્ટ પાક્કો ગુજરાત.

રાજપીપળામાં જંગી જનમેદની સાથે

# AAP પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની વિજય યાત્રા

નર્મદા

સમગ્ર ગુજરાતમાં ફક્ત નર્મદા જિલ્લા પંચાયતમાં જ આમ આદમી પાર્ટીએ પૂર્ણ બહુમત સાથે સત્તા મેળવી છે ત્યારે નર્મદા જિલ્લા પંચાયત ભવન ખાતે કલેક્ટર અને ડીડીઓની ઉપસ્થિતિમાં નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી.જેમાં ભાજપે કોઈ ઉમેદવારી ન નોંધાવતા નર્મદા જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે ડેડિયાપાડાની સામોટ બેઠકના અંજનાબેન વસાવા અને ઉપપ્રમુખ તરીકે ગરૂડેશ્વરની નઘાતપોર જિલ્લા પંચાયતના સંગીતા તડવીની બિનહરીફ વરણી કરાઇ હતી.આ પ્રસંગે ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત આમ આદમી પાર્ટીના હોદ્દેદારોએ નવા પ્રમુખ અને ઉપપ્રમુખને અભિનંદન આપ્યા હતા.



તો બીજી બાજુ રાજપીપળામાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ઉપસ્થિતિમાં જંગી જનમેદની સાથે વિજય યાત્રા નીકળી હતી.જેમાં આમ આદમી પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી, પ્રવીણ રામ, ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતુ કે છેલ્લા 75 વર્ષમાં ગુજરાતમાં ફક્ત ભાજપ અને કોંગ્રેસની જ સરકાર બનતી હતી, ત્યારે હવે નર્મદા જિલ્લાની પ્રજાએ ત્રીજી પાર્ટી તરીકે આમ આદમી પાર્ટીની સરકાર બનાવી છે.

નર્મદા જિલ્લાએ જે કર્યું છે એ 2027 વિધાનસભા ચુંટણીમાં આખું ગુજરાત કરી બતાવશે અને આખા રાજ્યમાં આ ચિંગારી ફેલાશે.છેલ્લા ઘણા વર્ષોથી ભાજપના અત્યાચાર, દમન અને ભ્રષ્ટાચારને લીધે ગુજરાતની પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે.

કોંગ્રેસ નેતા અમિત ચાવડાનો સણસણતો આક્ષેપ

# ચૂંટણીમાં ભાજપના ઈશારે વહીવટી તંત્રનો દુરુપયોગ, લોકશાહીનું હનન

ગાંધીનગર

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ દરમિયાન સત્તાધારી ભાજપ દ્વારા સરકારી તંત્ર અને પોલીસ પ્રશાસનનો ખુલ્લો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો સાથે કોંગ્રેસે મોરચો માંડ્યો છે. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા પક્ષના નેતા તુષાર ચૌધરીએ ભાજપ સરકાર પર પ્રહારો કર્યા હતા.



અમિત ચાવડાએ આક્ષેપ કર્યો કે, તાપીની વ્યારા તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસે ૧૩ બેઠકોની સ્પષ્ટ બહુમતી હોવા છતાં, મતદાનના દિવસે પોલીસની ૧૧ ગાડીઓએ કોંગ્રેસના સભ્યોને ગેરકાયદેસર રીતે અટકાવી રાખ્યા હતા.

તેવી જ રીતે દિયોદર તાલુકા પંચાયતમાં પણ ભાજપના ઈશારે પ્રાંત અધિકારીએ પૂર્વઆયોજિત ષડયંત્રના ભાગરૂપે સ્થિતિ કાબૂ બહાર હોવાનું બહાનું ધરીને ચૂંટણી બેઠક જાણી જોઈને મુલતવી રાખી હતી.

આણંદ જિલ્લા પંચાયતની પ્રમુખપદની ચૂંટણીનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ નેતાઓએ જણાવ્યું કે, મૂળ મહારાષ્ટ્રના ભાજપના ઉમેદવાર મયુરીબેન પટેલે ખોટા આદિવાસી પ્રમાણપત્રના આધારે ફોર્મ ભર્યું હતું, જે DDO દ્વારા રદ કરાયું હતું. તેમ છતાં, કોંગ્રેસના પ્રમુખ ગૌરીબેન તડવીને કોઈ પણ નોટિસ આપ્યા વિના રાતોરાત વચગાળાનો સ્ટે આપી દેવાયો હતો.

ગુજરાતના આદિવાસીઓ માટે ચિંતાજનક સ્થિતિ:

તુષાર ચૌધરીએ જણાવ્યું કે આ ઘટના ગુજરાતના મૂળ આદિવાસી સમાજ માટે ઘોર અન્યાય સમાન છે. જો અન્ય રાજ્યના લોકો ખોટા પ્રમાણપત્રોના આધારે અહીં હક જમાવશે, તો સ્થાનિક આદિવાસીઓ માટે નોકરીઓ અને રાજકીય પદો જોખમમાં મુકાશે.

કારોબારી ચેરમેન ખીમાબેન ચૌહાણ, પક્ષના નેતા રાજેશ સંગાડા અને દંડક તરીકે એલ્વીનાબેન ભૂરીયાની નિમણૂક

# ઝાલોદ તા.પંચાયત પ્રમુખપદે સુરેશ કટારા અને ઉપપ્રમુખપદે તેજલબેન ભાભોર બિનહરીફ ચૂંટાયા

દાહોદ

ઝાલોદ તાલુકા પંચાયતના મીટિંગ હોલ ખાતે ચુંટણી અધિકારી એ.કે. ભાટિયા તથા નાયબ ચુંટણી અધિકારી નાનજીભાઈ રાઠવાના અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યોની પ્રથમ સામાન્ય બેઠક યોજાઈ હતી. બેઠકમાં તાલુકા પંચાયતના તમામ 20 સભ્યો હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત વિવિધ હોદ્દાઓ માટે ભાજપ દ્વારા રજૂ કરાયેલા ઉમેદવારોના નામોને તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. પરિણામે પ્રમુખપદે સુરેશ કટારા અને ઉપપ્રમુખપદે તેજલબેન ભાભોર બિનહરીફ ચૂંટાયા હતા.



તે ઉપરાંત કારોબારી ચેરમેન તરીકે ખીમાબેન ચૌહાણ, પક્ષના નેતા તરીકે રાજેશ સંગાડા તથા દંડક તરીકે એલ્વીનાબેન ભૂરીયાની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવા હોદ્દેદારોની વરણી થતાં જ તાલુકા પંચાયત પરિસરમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

સમર્થકો દ્વારા ફટાકડાની આતશબાજી, ઢોલ-નગારાં અને ડીજેના તાલે નાચી ઉજવણી કરવામાં આવી હતી. વિજેતા હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી અને મીઠાઈ ખવડાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ભાજપ સમર્થકો દ્વારા ભવ્ય વિજય સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું. વિજય રેલી દરમિયાન નવા ચૂંટાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત આગેવાનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ નવા ચૂંટાયેલા પ્રમુખ સુરેશ કટારાએ માંડલેશ્વર મહાદેવ મંદિરે પહોંચી ભોળાનાથના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા, ભાવસીંગભાઈ વાઘેલા, નરેન્દ્ર સોની, શીતલબેન વાઘેલા, ભરત શ્રીમાળી, પંકજ અગ્રવાલ, ભરત સોલંકી, ઝાલોદ તાલુકા ભાજપ પ્રમુખ સુરેશ ભાભોર સહિત ભાજપના આગેવાનો, નગરપાલિકા કાઉન્સિલરો અને મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# અંકલેશ્વર તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરાઇ

## ભાજપના વિવેક ભરડીવાલા અને યોગીતા દેવધરાને સોંપાઇ જવાબદારી

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય સભા આજે પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. બેઠક દરમિયાન પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.જેમાં કોમ્પ્યુટર એન્જીનીયર વિવેક ભરડીવાલા પ્રમુખ અને ઉપપ્રમુખ તરીકે યોગિતાબેન દેવધરા તેમજ કિરીટ માસ્ટર ની કારોબારી અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી ભાજપ પ્રદેશ નિરીક્ષકો દ્વારા બે દિવસ સેન્સ પ્રક્રિયા હાથ ધરાયા બાદ પ્રદેશમાંથી આવેલા મેન્ડેટ જિલ્લા ભાજપ પ્રભારીએ ખોલ્યા હતા. આજરોજ અંકલેશ્વર તાલુકા પંચાયત ના પ્રમુખ અને ઉપ પ્રમુખ સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી ત્યારે અંકલેશ્વર તાલુકા પંચાયત ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી જીગ્નેશ મિસ્ત્રી મેન્ડેડ લઈ ને આવ્યા હતા ભારતીય જનતા પાર્ટી દ્વારા અગાઉ જાહેર કરાયેલા મેન્ડેટ અનુસાર પ્રમુખ પદ માટે કોમ્પ્યુટર એન્જીનીયર વિવેક ભરડીવાલા તથા ઉપપ્રમુખ પદ માટે યોગીતા દેવધરાના નામ રજૂ કરવામાં આવ્યા હતા.બાદ તાલુકા પંચાયતના સભાખંડ ખાતે પ્રથમ સામાન્ય સભા પ્રાંત અધિકારીની અધ્યક્ષતા હેઠળ બેઠક યોજાઈ હતી.જેમાં તાલુકા પંચાયત ના પ્રમુખ અને વિવેક ભરડીવાલા તથા ઉપપ્રમુખ પદ માટે યોગીતા દેવધરાના નામ રજૂ કરવામાં આવ્યા હતા.આ ઉપરાંત તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ તરીકે કિરીટ માસ્ટર તથા દંડક તરીકે સેજલસિંહ વાંસિયાના નામની પણ વરણી કરવામાં આવી હતી.વરણી જાહેર થતા ભાજપના કાર્યકરો અને સમર્થકોમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખ અને કારોબારી અધ્યક્ષ તથા દંડક નું ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# નીતિન પટેલનું રાજકારણ પૂરું થઈ ગયું કહેનાર કોર્પોરેટરને ભાજપની 'શો-કોઝ' નોટિસ : પક્ષમાં ગરમાવો

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાંથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરવી એક કોર્પોરેટરને ભારે પડી ગઈ છે. નીતિન પટેલનું રાજકારણ હવે પૂરું થઈ ગયું છે તેવું નિવેદન આપનારા પક્ષના જ કોર્પોરેટરને ભાજપ હાઈકમાન્ડ દ્વારા કડક વલણ અપનાવીને 'શો-કોઝ' (કારણ દર્શાવો) નોટિસ ફટકારવામાં આવી છે. આ ઘટનાને પગલે ભાજપના આંતરિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે.



મળતી માહિતી મુજબ, ભાજપના શાસિત કોર્પોરેશના એક કોર્પોરેટરે પક્ષના જ સિનિયર નેતા નીતિન પટેલના રાજકીય ભવિષ્યને લઈને જાહેરમાં કે સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'નીતિન પટેલનું રાજકારણ હવે પૂરું થઈ ગયું છે.' પક્ષના પાયાના અને કદાવર નેતા વિરુદ્ધ આ પ્રકારની શિસ્તહીન ટિપ્પણીની વાત વાયુવેગે પ્રદેશ ભાજપ સંગઠન સુધી પહોંચી હતી.

ભાજપ હંમેશા પોતાની શિસ્ત અને સંગઠન માટે જાણીતું છે. પક્ષના વરિષ્ઠ નેતાનું અપમાન ચલાવી ન લેવાના મૂડમાં રહેલા સંગઠને તાત્કાલિક પગલાં ભર્યા છે. પ્રદેશ ભાજપના આદેશથી સંબંધિત કોર્પોરેટરને નોટિસ પાઠવીને પૂછવામાં આવ્યું છે કે, તેમના આ શિસ્તહીન વર્તન બદલ તેમની સામે કેમ શિક્ષાત્મક પગલાં ન લેવા? અને આ નિવેદન પાછળ તેમનો શું ઈરાદો હતો?

'ભાજપમાં આંતરિક લોકશાહી છે, પરંતુ જાહેરમાં પક્ષના વરિષ્ઠ નેતાઓ વિરુદ્ધ આવી ટિપ્પણી શિસ્તભંગની વ્યાખ્યામાં આવે છે. આગામી દિવસોમાં આ કોર્પોરેટર સામે વધુ કડક પગલાં લેવાઈ શકે છે.'

# જામકંડોરણા અને ભાણવડ પ્રોહિબિશન ગુનાના નાસતા ફરતા આરોપીને લોકલ ક્રાઇમ બ્રાન્ચે ઝડપ્યો

જેતપુર

રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે એક સફળ કામગીરી કરીને છેલ્લા છ મહિનાથી પોલીસને થાપ આપી નાસતા ફરતા એક પ્રોહિબિશનના ગુનાના આરોપીને ઝડપી પાડ્યો છે.

જામકંડોરણા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન એક્ટના ગુનામાં (જેમાં રૂ.૪૬,૦૦,૮૦૦/- ની કિંમતની વિદેશી દારૂની સીલબંધ કુલ ૩૭૨૦ બોટલો, ચાર વાહનો અને પાંચ મોબાઈલ સહિત કુલ રૂ. ૮૬,૫૫,૮૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો) આ આરોપી છેલ્લા ૬ માસથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હતો.

આ ઉપરાંત તે દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં પણ સંડોવાયેલો હતો અને નાસતો ફરતો હતો.આ કામગીરી દરમિયાન પોલીસ ટીમને ટેકનિકલ અને હ્યુમન સોર્સિસથી ખાનગી રાહે ચોક્કસ હકીકત મળી હતી કે આ ગુનાનો આરોપી જેતપુર તરફ આવી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસે તુરંત કાર્યવાહી કરી જેતપુર-જેતલસર ચોકડી પાસેથી આરોપી દીપકભાઇ લાખાભાઇ હુંણ (રહે. મેલાણ ગામ, તા. જામજોધપુર, જિલ્લો: જામનગર) ને પકડી પાડ્યો હતો.

પકડાયેલા આરોપી દીપકભાઇ હુંણનો ગુનાહિત ઈતિહાસ જોતા તેની સામે જામ જોધપુર, શેઠ વડાલા, જામકંડોરણા અને ભાણવડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન તેમજ આઇ.પી.સી. ની વિવિધ કલમો હેઠળ અગાઉ ચાર ગુનાઓ નોંધાઇ ચૂક્યા છે.

પકડાયેલા આરોપી વિરૂદ્ધ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આગળની કાયદેસરની કાર્યવાહી કરી, જામકંડોરણા પોલીસ સ્ટેશનને સોંપવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ડભોઇના ઢાલનગરમાં ભયજનક નમેલા વીજ થાંભલા : ચોમાસા પહેલા MGVCL જાગે તેવી માંગ

## આ લાઈવ વાયર અને થાંભલા ગમે ત્યારે ખેતરોમાં તૂટી પડે તો ઊભા પાકને ખાખ કરી શકે છે

ડભોઇ

ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે ડભોઈ આર. ટી.આઈ. (RTI) થી ઢાલનગર વસાહત તરફ જતા ગ્રામ્ય વિસ્તારમાં વીજ કંપનીની ઘોર બેદરકારી સામે આવી છે. આ વિસ્તારમાંથી પસાર થતી મુખ્ય વીજ લાઈનના કેટલાક વીજ થાંભલા (પોલ) અને ટ્રાન્સફોર્મર (DP) હાલ ભયજનક રીતે નમી ગયા છે. સ્થાનિક ખેડૂતો દ્વારા મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ (MGVCL) ને વારંવાર લેખિત-મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્ર હજુ સુધી ઘોર નિદ્રામાં છે, જેને પગલે જનતામાં ભારે રોષ છે.



પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર?

ધરાશાયી થવાની ભીતિ: સ્થાનિકોના જણાવ્યા મુજબ, જો ચોમાસા પહેલા આ નમી ગયેલા થાંભલાઓને સીધા કરવામાં નહીં આવે, તો સામાન્ય વાવાઝોડા કે પવનના ઝાપટામાં પણ આ આખી લાઈન જમીનદોસ્ત થઈ શકે છે.

ખેતી અને પશુઓ પર જોખમ: આ લાઈવ વાયર અને થાંભલા ગમે ત્યારે ખેતરોમાં તૂટી પડે તો ઊભા પાકને ખાખ કરી શકે છે. વળી, આ માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ, વાહનચાલકો અને પશુઓ માટે આ સ્થિતિ મોટા અકસ્માતને આમંત્રણ આપી રહી છે.

અંધારપટ છવાઈ જવાનો ડર

જો ચોમાસામાં આ થાંભલા પડી જશે, તો સમગ્ર ઢાલનગર વસાહત અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાઈ જશે. અંધારપટને કારણે લોકોને પીવાના પાણીથી માંડીને રોજિંદી જરૂરિયાતો માટે ભારે પરેશાની ભોગવવી પડશે.

ખેડૂતોની ઉગ્ર માંગ

ચોમાસું માથે છે ત્યારે MGVCL ના જવાબદાર અધિકારીઓ આળસ ખંખેરી તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરે અને નમેલા વીજ થાંભલા તેમજ ટ્રાન્સફોર્મરને રિપેર કરે, જેથી કોઈ મોટી દુર્ઘટના અને આર્થિક નુકસાન નિવારી શકાય.

# રાજભા ગઢવીની વગ સામે વનવિભાગ નમ્યો?

જૂનાગઢ

લોકસાહિત્યકાર રાજભા ગઢવીને ગીરના જંગલમાં માલધારી તરીકે વસવાટ કરવાની મંજૂરી મળતા જ એક નવો વિવાદ છેડાયો છે. સવાલ એ ઉઠી રહ્યો છે કે શું સામાન્ય નાગરિકો માટે આકરા ગણાતા વનવિભાગના કાયદા સેલિબ્રિટીઝની વગ સામે ટૂંકા પડે છે? આ સમગ્ર મામલો અત્યારે સોશિયલ મીડિયાથી લઈને સરકારી કચેરીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. મળતી વિગતો મુજબ, વર્ષ ૨૦૨૩માં રાજભા ગઢવીના પિતા દ્વારા ગીરના જંગલમાં પરંપરાગત માલધારી તરીકે રહેવા અને નેસડાની સુવિધા મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. તે સમયે વનવિભાગે નિયમોનું ચુસ્ત પાલન કરીને આ અરજીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. પરંતુ તાજેતરમાં રાજભા ગઢવીએ પોતે જ્યારે આ જ બાબત માટે નવી અરજી કરી, ત્યારે વનવિભાગે અકળ કારણોસર તેમને તાત્કાલિક મંજૂરી આપી દીધી. એક તરફ સરકાર ગીરમાંથી માલધારીઓને સ્વેચ્છાએ બહાર લાવીને તેમનું પુનઃવસન કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, જેથી વન્યજીવો અને સિંહોની સુરક્ષા જળવાઈ રહે. બીજી તરફ, વનવિભાગના આ બેવડા ધોરણો સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

ગોંડલમાં જિગીશા પટેલની આરપારની લડાઇ

# આંદોલનની ચીમકી સાથે કહ્યું, ભાજપના લોકોનું દબાણ હટાવો

ગોંડલ

સૌરાષ્ટ્રના રાજકારણના એપીસેન્ટર ગણાતા ગોંડલમાં ફરી એકવાર રાજકીય ગરમાવો આવી ગયો છે.

ગોંડલના સ્થાનિક રાજકારણમાં જાણીતો ચહેરો એવા જિગીશા પટેલે સત્તાધારી પક્ષના નેતાઓ સામે સીધો મોરચો ખોલી દીધો છે. તેમણે વહીવટી તંત્ર અને સરકારને ખુલ્લી ચેતવણી આપતા આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. જિગીશા પટેલે આકરા પ્રહારો કરતા સાફ શબ્દોમાં જણાવ્યું છે કે, ગોંડલમાં ચાલી રહેલું ભાજપના લોકોનું દબાણ અને દાદાગીરી તાત્કાલિક ધોરણે હટાવવામાં આવે.



મળતી વિગતો મુજબ, જિગીશા પટેલે સ્થાનિક પ્રશ્નો, સરકારી જમીનો પર થતા કથિત દબાણો અથવા વહીવટી પ્રક્રિયામાં સત્તાધારી પક્ષના નેતાઓની દખલગીરીને લઈને આક્રોશ વ્યક્ત કર્યો છે. તેમનો આક્ષેપ છે કે ભાજપના કેટલાક વગદાર લોકોના દબાણને કારણે સામાન્ય જનતા પીસાઈ રહી છે અને તંત્ર મૂકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહ્યું છે. જો આ દબાણો વહેલી તકે દુર કરવામાં નહીં આવે, તો તેઓ સ્થાનિક લોકોને સાથે રાખીને રસ્તા પર ઉતરશે અને ઉગ્ર આંદોલન કરશે.

ગોંડલની ધરતી હંમેશાથી રાજકીય રીતે ખૂબ જ સંવેદનશીલ રહી છે, ત્યારે જિગીશા પટેલના આ આક્રમક વલણને કારણે સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. વિપક્ષી નેતાઓ અને જનતામાં પણ આ મુદ્દે અંદરખાને વ્યાપક ચર્ચાઓ શરૂ થઈ ચૂકી છે. આ કથિત દબાણો પાછળ કોના આશીર્વાદ છે, તે સવાલ હવે ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

પાક્કો ગુજરાતનો સળગતો સવાલ એ છે કે, શું જિગીશા પટેલની આ ચીમકી પછી વહીવટી તંત્ર જાગશે ખરા? શું સત્તાધારી પક્ષના વગદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની હિંમત સ્થાનિક અધિકારીઓ બતાવશે કે પછી આ મામલાને રાજકીય દબાણ હેઠળ દબાવી દેવામાં આવશે? આગામી દિવસોમાં ગોંડલનું રાજકારણ કઈ દિશામાં વળે છે, તેના પર સૌની નજર રહેશે. -

## તંત્રી લેખ...

# ચારે દિલ નિર્ણયો લે, ત્યારે દિમાગ હારી જાય છે

વધુ પડતા લાગણીશીલ લોકોની સૌથી મોટી નબળાઈ એ હોય છે કે તેઓ સંબંધોમાં ગણિત નથી માંડી શકતા. જ્યાં લોજિક વાપરવાનું હોય, જ્યાં વ્યક્તિની દાનત પારખવાની હોય, ત્યાં પણ તેઓ પ્રેમ અને ભરોસાની પટ્ટી આંખો પર બાંધી લે છે. દુનિયા જ્યારે સ્વાર્થના ચશ્મા પહેરીને ફરે છે, ત્યારે આ ભોળા દિલના લોકો નિઃસ્વાર્થ ભાવે સંબંધો નિભાવે છે. પરિણામે, જ્યારે સામેથી અપેક્ષા મુજબનો પ્રેમ કે આદર નથી મળતો, ત્યારે તેમનું દિલ કાચની જેમ તૂટી જાય છે.

**અપેક્ષાઓનું ભારણ અને ના ન કહી શકવાની આદત**

દિલથી જીવતા લોકોની અંદર એક ગજબની સંવેદનશીલતા હોય છે. તેઓ કોઈનું દુઃખ જોઈ શકતા નથી. કોઈ તેમને અડધી રાત્રે પણ મદદ માગે તો પોતાનું કામ છોડીને દોડી જાય છે.

તેઓ ક્યારેય કોઈને ના પાડી શકતા નથી, ભલે પછી તેનાથી તેમને પોતાને તકલીફ પડતી હોય.

તેઓ સામેવાળી વ્યક્તિને પોતાનાથી પણ વધુ પ્રેમ કરવા લાગે છે.

તેઓ નાની-નાની વાતોને મન પર લઈ લે છે અને દિવસો સુધી અંદર ને અંદર મૂંઝાતા રહે છે.

આ જ આદતોના કારણે સ્વાર્થી દુનિયા આવા લોકોનો ફાયદો ઉઠાવવામાં જરાય પાછીપાની કરતી નથી. કામ નીકળી ગયા પછી લોકો તેમને એક બાજુ મૂકી દે છે, અને આ એકલતા લાગણીશીલ માણસને અંદરથી તોડી નાખે છે.



તો શું લાગણીશીલ હોવું પાપ છે?

ના, બિલકુલ નહીં. લાગણી જ માણસને પશુથી અલગ પાડે છે. જો દુનિયામાંથી લાગણીશીલ લોકો ખતમ થઈ જશે, તો આ સંસાર પથ્થર જેવો થઈ જશે. પણ હા, અતિ સર્વત્ર વર્જયેત. વધુ પડતી લાગણી જ્યારે તમારા આત્મસન્માન અને માનસિક શાંતિને હણવા લાગે, ત્યારે થોડું થોભી જવું જરૂરી છે.

પાક્કો ગુજરાતની સલાહ: દિલ અને દિમાગ વચ્ચે બેલેન્સ રાખો

જો તમે પણ દિલથી જીવનારા માણસ છો અને વારંવાર દુઃખી થાઓ છો, તો જીવનમાં આટલા ફેરફાર લાવવા જરૂરી છે:

૧. ભરોસો જરૂર કરો, પણ અંધભરોસો નહીં. સામેવાળી વ્યક્તિ તમારા પ્રેમ અને સમયને લાયક છે કે નહીં, તે દિમાગથી ચેક કરો.

૨. જ્યાં તમારો ગેરફાયદો ઉઠાવવામાં આવતો હોય, ત્યાં મક્કમતાથી ના કહેતા શીખો.

૩. તમારી ખુશીઓનો રિમોટ કંટ્રોલ બીજાના હાથમાં ન આપો. કોઈના બદલાયેલા વ્યવહારથી તમારી જાતને તકલીફ આપવાનું બંધ કરો.

દુનિયા ગોળ છે અને અહીં લોકો પોતાના સ્વાર્થ મુજબ વહેવાર બદલતા રહે છે. તેથી, દિલ જરૂર સાફ રાખો, પણ તેને એટલું ભોળું ન બનાવો કે કોઈ પણ આવીને તેની સાથે રમી જાય. જીવો દિલથી, પણ રક્ષણ દિમાગથી કરો!

- ગ્રુપ એડિટર પવન માકન

# નોબલ પ્રાઇઝે જ્યારે રવીન્દ્રનાથ ટાગોરને દુઃખી-દુઃખી કરી નાખ્યા...

**મારે નિરાંતની મિજલસ રચવી છે અને મારા વિચારોને આકાશની નીલિમામાં ઝબોળવા છે. ચોપાસ ઊડતાં પંખીઓ કોઈ માનઅકરામની પરવા વિના આનંદના ટહુકા કર્યા કરે છે.**

આ મહિને કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ એક વાર નહીં, બે વાર ઊજવાયો. એમનો ઓફિશિયલ બર્થડે ૭ મે, ૧૮૬૧ છે, પણ બંગાળી કેલેન્ડર પ્રમાણે ટાગોરનો જન્મ વૈશાખ મહિનાના પચ્ચીસમા દિવસે (પોચીશે બોઈશાખ) થયો હતો. આ દિવસ મે મહિનાની ૯મી તારીખે પડતો હતો. આમ, બંગાળે તો આ મહિને સાતમી અને નવમી એમ બન્ને દિવસે ટાગોરની જન્મજયંતીની ઉજવણી કરી. ટાગોર જો આજે હયાત હોત તો તેમણે ૧૬૫ વર્ષ પૂરાં કરીને ૧૬૬મા વર્ષમાં પ્રવેશ કર્યો હોત... અને ટાગોર જો આપણી વચ્ચે હોત તો પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીમાં થયેલા ભાજપના ભવ્ય વિજય વિશે શું બોલ્યા હોત? ખેર! રવીન્દ્રનાથ ટાગોરને ૧૯૧૩માં સાહિત્યનું નોબેલ પ્રાઈઝ મળ્યું ત્યારે ૪૮ વર્ષના હતા. યુરોપિયન ન હોય એવી કોઈ વ્યકિતને નોબેલ પ્રાઈઝ મળ્યું હોય એવી આ પહેલી ઘટના. કેટલી પ્રચંડ સિદ્ધિ. એકલું પશ્ચિમ બંગાળ નહીં, આખું ભારત આજે ૧૧૩ વર્ષ પછીય ટાગોરને મળેલા આ સન્માનના કેફમાં ઝુમી રહ્યું છે. કોઈપણ સાહિત્યકાર માટે નોબેલ પ્રાઈઝ કરતાં વધારે મોટી સ્વીકૃતિ બીજી કઈ હોવાની. આ કક્ષાનું આંતરરાષ્ટ્રીય બહુમાન મળે એટલે માણસ ધન્ય ધન્ય થઈ જાય, સુખી સુખી થઈ જાય, ખરું? ના! ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરને આનંદ, ગર્વ, સંતોષ બધું જ થયું હશે, એક સર્જક તરીકેનો એમનો ઈગો પણ ખૂબ સંતોષાયો હશે, પણ એમણે લખેલા પત્રો વાંચતા આપણને સમજાય છે કે નોબેલ પ્રાઈઝે એમને આશ્ચર્ય થાય એટલી હદે અકળાવી મૂક્યા હતા. ગુરૂદેવે લંડનવાસી ચિત્રકાર અને પોતાના પરમ મિત્ર એવા વિલિયમ રોધેન્સ્ટાઈનને કેટલાક પત્રો લખ્યા હતા. ટાગોરને અને એમની કૃતિઓને પશ્ચિમમાં સર્વપ્રથમ ઈન્ટ્રોડ્યુસ કરાવનાર વ્યકિત એટલે વિલિયમ રોધેન્સ્ટાઈન. તેઓ પહેલી વાર પ્રત્યક્ષ મળ્યા ત્યારે ટાગોર ઓગણચાલીસ વર્ષના હતા અને રોધેન્સ્ટાઈન પચાસના. ક્રમશઃ અંતરંગ બનતી ગયેલી એમની મૈત્રી ત્રણ દાયકા સુધી વિસ્તરી. મેરી લેગો નામનાં અમેરિકન મહિલાએ આ બંને કલાપુરુષો વચ્ચે થયેલા પત્રવ્યવહારનું અદભુત સંપાદન કર્યું છે. ટાગોરે નોબેલ પ્રાઈઝને કારણે પેદા થયેલું ફ્રેસ્ટ્રેશન મુકતમને પોતાના વિશ્વાસુ સખા રોધેન્સ્ટાઈન સાથે શેર કર્યું છે.

૧૮ નવેમ્બર, ૧૯૧૩ના રોજ શાંતિનિકેતનથી ટાગોર લખે છેઃ 'મારા પ્રિય મિત્ર, મને નોબેલ-સન્માનથી નવાજેશ મળી એ સંદેશો આવ્યો એ જ ઘડીએ મારું હ્રદય સ્નેહ અને કૃતજ્ઞાતાથી સભર તમારી તરફ વળ્યું છે. (આ ઘટનાથી) મારા મિત્રોમાંથી તમારા કરતાં વધુ ખુશી કોઈને ન થાય તેની મને ખાતરી છે. સર્વોચ્ચ સન્માન તો એ છે કે આવા સન્માનથી પ્રિયજનોના હૈયે હર્ષના હિલ્લોળ ઊઠે. પણ સાથે સાથે આ બધું મારી આકરી કસોટી કરે એવું છે. પ્રજાના ઉન્માદનો જે વંટોળ ઊઠયો છે એ સાચે જ બિહામણો છે. કૂતરાની પૂંછડીએ ખાલી ડબલું બાંધીએ તો એ જ્યાં જશે ત્યાં અવાજ કરીને લોકોને ભેગા કરશે. બસ, આના જેવી જ નઠારી સ્થિતિ મારી છે. થોડા દિવસથી (ખુશાલીના) તાર-કાગળનો ઢગલો થાય છે.

જેમને મારે માટે સદભાવનાનો છાંટો નહોતો કે જેમણે મેં લખેલો અક્ષરેય વાંચ્યો નથી એ લોકોનો કોલાહલ સહુથી કર્ણકટુ છે. આ શોરબકોરથી કેટલો થાકયો છું એ તમને કઈ રીતે કહું? ખરેખર તો આ લોકો મને નહીં, મને મળેલ સન્માનને નવાજવા નીકળ્યા છે. હા, શાંતિનિકેતનનાં બાળકો જે સાચુકલા ગર્વ અને આનંદપૂર્વક પ્રસંગ ઉજવે છે એ એકમાત્ર સાટું વાળનાર બીના છે.' પ્રજાનો ઉન્માદ ટાગોરને બિહામણો લાગે છે અને પોતાની જાતને તેઓ લગભગ કૂતરા સાથે સરખાવી દે છે! ત્રણ જ અઠવાડિયાં પછી, ૧૦ ડિસેમ્બર ૧૯૧૩ના રોજ કવિવર બીજા એક કાગળમાં સ્પષ્ટપણે એવા મતલબનું લખે છે કે નોબેલને લીધે જે મારી આસપાસ જે હાઈપ ઊભી થઈ છે તે મારી પ્રકૃતિને અનુરૂપ છે જ નહીં. 'મારા મિત્ર, મારા આ દિવસો ખલેલોથી ખદબદ, મારે માટે સાવ નકામા છે. પત્રો લખીને, ખોબે ભરીને આભારવચનો પાઠવીને અને મુલાકાતીઓને આવકારીને હું થાકી ગયો છું. તમને કઈ રીતે સમજાવું કે એકાએક આવી પડેલ આ બહુમાનને ગાંઠે એવી મારી પ્રકૃતિ નથી. શિયાળાનો આ તડકો મધુરો લાગે છે, અને હરિયાળી પોતાનો વૈભવ મારી ચોતરફ પાથરીને બેઠી છે.. મારે નિરાંતની મિજલસ રચવી છે અને મારા વિચારોને આકાશની નીલિમામાં ઝબોળવા છે. ચોપાસ ઊડતાં પંખીઓ કોઈ માનઅકરામની પરવા વિના આનંદના ટહુકા કર્યા કરે છે.

# જાહેર સ્થળો પરથી રખડતા કૂતરા દૂર કરવાનો સુપ્રીમનો કડક આદેશ

**.માનવતા બજારમાં વેચાતી નથી પણ દરેક માનવતા પડેલી હોય છે. દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હોય એમ લાગે છે. મેટ્રો સિટી, ટાઉન અને નાના ગામડા. મેટ્રો સિટીમાં રખડતા કૂતરા માટે કોઇ સ્થાન નથી.**

૪૫ ડિગ્રી ગરમીમાં કે ધોધમાર વરસાદમાં કે કડકડતી ઠંડીમાં રખડતા કૂતરાંની મદદે કોર્ટની મદદ કરવા કોઇ આદેશ નથી આવતો પણ માનવતા મદદે આવે છે.માનવતા બજારમાં વેચાતી નથી પણ દરેક માનવતા પડેલી હોય છે. દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હોય એમ લાગે છે. મેટ્રો સિટી, ટાઉન અને નાના ગામડા. મેટ્રો સિટીમાં રખડતા કૂતરા માટે કોઇ સ્થાન નથી. તેમને પકડીને જંગલોમાં છોડી દેવાય છે જ્યાં તે ભૂખે તરસે મોતને ભેટે છે. ટાઉન અને ગામડામાં તેમને માનથી જોવામાં આવે છે. જો કે બીજી તરફ કૂતરાં કરડવાની સમસ્યા હકીકતે ગંભીર છે. ભારતમાં દર વર્ષે ૩૭ લાખ જેટલા ડોગ બાઈટના (કૂતરા કરડવાના)કેસો નોંધાય છે. એટલેકે રોજ અંદાજે ૧૦,૦૦૦ જેટલા ડોગબાઈટના કેસો બને છે. માનવજાત સાથે સદીઓથી રહેતા કૂતરાને ભગવાન દત્તાત્રયે ૨૪ ગુરૂઓ પૈકી એકનું પદ આપ્યું છે. પરંતુ હવે કૂતરા તરફનો અપ્રોચ બદલાઈ ગયો છે. સુપીમ કોર્ટે જાહેર સ્થળો પરથી કૂતરાં પકડવાનો કડક આદેશ આપ્યો છે તે આવકાર્ય છે પરંતુ માનવ વસાહત સાથે સદીઓથી રહેતા કૂતરાંની સમસ્યા સાંભળનાર કોઇ નથી. મેનકા ગાંધી જેવા નેતાઓ મૂંગા પ્રણીઓની સેવા કરતા આવ્યા છે. કૂતરાંઓની સેવા કરતી અનેક સંસ્થાઓ કોર્ટના ચૂકાદા પર આંસુ સારી રહી છે. સનાતન ધર્મ અબોલ જીવોની સેવા સાથે જોડાયેલો છે. કૂતરાના ખસીકરણને અમાનવીય કહેવાયું છે પરંતુ તેમની વસ્તી ઘટાડવાનો તે એક ઉત્તમ ઉપાય સાબિત થયો છે. સુપ્રીમ કોર્ટનો આદેશ માનવજાતને થતી હેરાનગતી અટકાવવાનો છે. કૂતરાં કરડવાના અનેક વિડીયો જોઈને ડર લાગે છે. પાંચ સાત કૂતરા નાના બાળકને પીંખી નાથે ત્યારે કૂતરાં ખતમ કરી નાખવાનું યોગ્ય લાગે છે. ટાઉન લેવલે કૂતરા હડેહડે થાય છે છતાં તેમને લોકો નિયમિત ખાવાનું આપે છે. તેમના માટે પાણી મુકવામાં આવે છે. એનિમલ વેલફેર સંસ્થાઓ તેમની સારવાર પણ કરે છે. અનેક સેવાભાવીઓ કૂતરાઓને દૂધ પીવડાવતા જોવા મળે છે. ટાઉન લેવલ અને ગામડાઓમાં કૂતરા તરફનો પ્રેમ જોવા મળે છે. ગરમીમાં તેમના માટે પાણી, વરસાદમાં તેમને ઓટલા પર આશરો અપાય છે જ્યારે ઠંડીમાં તેમના માટે કાપડના ગાભામાંથી વિશેષ ગોદડી પાથરીને તેમને હૂંફ મળે તેવું આયોજન કરાય છે. ગામડામાં કૂતરૂં એ ઘરના સભ્ય સમાન હોય છે. તે ચોકીદારીનું કામ કરે છે. ગામડામાં ખેતરમાં ભાથું લઈને જતી કોઈ મહિલાનું ચિત્ર જોશો તો તેમાં મહિલાએ કેડમાં બાળક રાખ્યું હશે.માથે ઘાસનો ભારો હશે અને તેની આગળ કે પાછળ કૂતરૂં ચાલતું હશે.ગામડામાં બાળકો સાથે કૂતરાં રમતાં જોવા મળે છે. શહેરનું બાળક કૂતરાને જોઈને ગભરાય છે. જ્યારે ગામડાનું બાળક કૂતરા સાથે દોસ્તી કરીને તેના કાન આમળતું જોવા મળે છે. પાળેલા કૂતરાં કરતાં શેરી કૂતરૂં વધુ શક્તિશાળી અને વધુ વફાદાર હોય છે. તે સોસાયટી કે પોળના દરેક લોકોને ઓળખે છે. પોતાની શેરીના કૂતરાંને કોઇ પથ્થર મારે તો મારામારી થતી હોવાના ઉદાહરણો જોવા મળે છે કેમકે તે માનવ વસાહતના એક અંગ સમાન ગણાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પ્રાણી પ્રેમ પ્રતિ માનવીય અભિગમના એક ભાગ રૂપે તાજેતરમાં પાળેલા કૂતરાં માટે વિશેષ સ્મશાન બનાવ્યું છે. એક સમય હતો કે જ્યારે ઘરફોડ ચોરો ત્રાટકે તે પહેલાં શેરીમાં કેટલા કૂતરાં છે અને જે ઘરમાં ચોરી કરવાની છે ત્યાં કેટલા કૂતરાં છે તેની રેકી કરીને માહિતી મેળવતા હતા. આજે ઘરફોડ ચોરોની જગ્યાએ સાયબર ક્રિમિનલો આવી ગયા છે. પોતાના માલિકને ડિજીટલ એરેસ્ટના ટ્રેપમાંથી કૂતરો બચાવી શકતો નથી. ગામડામાં બહુ ઘરફોડો ચોરો આવે છે માટે ત્યાં કૂતરાને માન સાથે રાખવામાં આવે છે. ઘરમાં પહેલી રોટલી શેરીના કૂતરા અને શેરીની ગાય માટે રાખવામાં આવતી હતી. જેને ગાય-કૂતરાંનું કાઢવું એમ કહેવાતું હતું. તે સંસ્કૃતિના એક ભાગ સમાન હતું. તે પ્રથા શહેરોમાં હવે ગાયના અભાવે બંધ થઇ ગઇ છે, હવે શેરી કૂતરાંને ટાર્ગેટ કરાઇ રહ્યા છે. કેમકે શેરી કૂતરાઓથી લોકો ડરવા લાગ્યા છે. અનેક શહેરોમાં વાનરોનો ત્રાસ પાછળનું કારણ કપાતા જંગલો દર્શાવાય છે. વાનરોને રહેવાની જગ્યા કપાઇ માટે તે શહેર તરફ આવ્યા પરંતુ કૂતરાના ત્રાસ પાછળનું કોઇ કારણ જોવા મળતું નથી. કૂતરાં તો દાયકાઓથી માણસ જાત સાથે રહેતા આવ્યા છે.

# તાપમાન વધવા પર વધતો ગુસ્સો, ચીડિયાપણું: ગરમીની અસર

ઉનાળામાં તાપમાન વધવા પર મોટાભાગના લોકો થાક, ચીડિયાપણું કે ઓછી ઊંઘ જેવી સમસ્યાઓ અનુભવે છે. ઘણીવાર કામમાં ધ્યાન ઓછું થઈ જાય છે, વાત-વાત પર ગુસ્સો આવે છે કે વગર કારણે બેચેની વધે છે. હીટ વેવ કે સતત ઊંચા તાપમાનથી સ્ટ્રેસ લેવલ, ઊંઘની સમસ્યાઓ અને મૂડ સ્વિંગ્સ સંબંધિત કેસ વધી શકે છે. 'ઇન્ટરનેશનલ જર્નલ ઓફ એન્વાયર્નમેન્ટલ રિસર્ચ એન્ડ પબ્લિક હેલ્થ'માં પ્રકાશિત એક અભ્યાસ મુજબ, ઉનાળામાં મેન્ટલ હેલ્થ ડિપાર્ટમેન્ટના કેસ 8% સુધી વધી જાય છે. ઉનાળામાં વધુ તાપમાન હોવાને કારણે શરીરને ઠંડુ રાખવા માટે વધુ ઊર્જા ખર્ચ થાય છે, જેનાથી થાક અને ચીડિયાપણું વધી શકે છે. ડિહાઈડ્રેશન થઈ શકે છે, જેનાથી ફોકસ અને યાદશક્તિ પર ખરાબ અસર પડે છે. બ્રેઈનમાં સેરોટોનિન અને ડોપામાઈન જેવા ફીલ ગુડ હોર્મોન્સનું સંતુલન બગડી શકે છે. તેનાથી મૂડ સ્વિંગ, બેચેની અને ગુસ્સો વધવાની શક્યતા રહે છે. સ્લીપ ક્વોલિટી ખરાબ થઈ શકે છે, જે બ્રેઈન ફંક્શનને અસર કરે છે. લાંબા સમય સુધી હીટ એક્સપોઝરથી નિર્ણય લેવાની ક્ષમતા અને ફોકસ પણ નબળું પડી શકે છે. અમેરિકન સાયકોલોજિકલ એસોસિએશન અનુસાર, હીટ વેવના સમયે માનસિક તણાવ અને ચીડિયાપણું વધી શકે છે. વધુ ગરમીથી શરીરનું થર્મોરેગ્યુલેશન સિસ્ટમ સતત સક્રિય રહે છે, જેનાથી માનસિક થાક વધે છે. રાત્રે પણ તાપમાન વધુ રહેવાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે, જે મૂડને અસર કરે છે. ડિહાઈડ્રેશનથી બ્રેઈન સેલ્સ સુધી બ્લડ અને ઓક્સિજન સપ્લાય પ્રભાવિત થઈ શકે છે, જેનાથી વિચારવાની ક્ષમતા ઘટે છે. શરીરમાં ફ્લુઈડ ઓછું થવાથી ફોકસ અને એલર્ટનેસમાં ઘટાડો અનુભવાય છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનના કારણે લો એનર્જી અને માનસિક સુસ્તી વધી શકે છે. ઈમોશનલ કંટ્રોલ નબળો પડી શકે છે, જેનાથી ગુસ્સો કે ઉદાસી ઝડપથી આવે છે. લાંબા સમય સુધી ડિહાઈડ્રેશનથી કન્ફ્યુઝન અને ચીડિયાપણું પણ વધી શકે છે. માનસિક અને વર્તન સંબંધિત કેટલાક ફેરફારો એવા હોય છે, જે દર્શાવે છે કે બ્રેઈન અને ઈમોશન્સ પર દબાણ વધી રહ્યું છે. હીટ સ્ટ્રેસથી આ લક્ષણો વધુ સ્પષ્ટ અને ગંભીર બની શકે છે. પરસેવા સાથે ઈલેક્ટ્રોલાઈટ ગુમાવવાથી મગજનું કાર્ય અને મૂડ નિયંત્રણ પ્રભાવિત થઈ શકે છે. તીવ્ર પ્રકાશ અને દિવસો લાંબા થવાથી સર્કેડિયન રિધમ બગડી શકે છે, જેનાથી ઊંઘની ગુણવત્તા ખરાબ થાય છે. ડિહાઈડ્રેશનને કારણે એકાગ્રતા અને ચિંતા જેવી સમસ્યાઓ વધી શકે છે. વધુ પડતો થાક અને ઓછી ઊર્જા ડિપ્રેશનના લક્ષણોને ટ્રિગર કરી શકે છે. ઉનાળામાં વધુ શારીરિક પ્રવૃત્તિથી મગજ પર તણાવના હોર્મોન્સ વધી શકે છે. વધુ કેફીન કે સુગરવાળા પીણાં લેવાથી મૂડ સ્વિંગ્સ અને હૃદયના ધબકારા વધી શકે છે. મોડી રાત સુધી સ્ક્રીનનો ઉપયોગ કરવાથી મેલાટોનિનનું પ્રકાશન ઘટે છે અને ઊંઘનું ચક્ર બગડે છે. અનિયમિત ભોજન કે જંક ફૂડથી બ્લડ સુગરમાં વધઘટ થાય છે, જે ભાવનાત્મક સ્થિરતાને અસર કરે છે. એસી અને બહારની ગરમી વચ્ચે વારંવાર સંપર્કમાં આવવાથી શરીર પર એડજસ્ટમેન્ટ સ્ટ્રેસ વધે છે. ઓછું પાણી પીવાથી પણ માનસિક અને શારીરિક કાર્યક્ષમતા ઘટી શકે છે. સવાર કે સાંજ ના ઠંડા સમય માં હળવી કસરત કે વોક કરો. આખા દિવસ માં પૂરતું પાણી અને ઈલેક્ટ્રોલાઈટ્સ લો. સ્લીપ હાઈજીન સુધારો, રૂમ નું તાપમાન ઓછું રાખો અને લાઈટ ઓછી રાખો. આહારમાં તાજા ફળો, સલાડ અને ઓમેગા-3 થી ભરપૂર ખોરાક સામેલ કરો. દિવસ માં નાના-નાના બ્રેક લો અને રિલેક્સેશન ટેકનિક (જેમ કે ડીપ બ્રીધિંગ) અપનાવો.

# ભારતમાં 1961થી 2021 સુધીની ગરમીની સરેરાશ જોવામાં આવે તો હીટવેવમાં 2.5 દિવસનો વધારો થયો

**જાણકારોના મતે ભારતમાં હીટવેવની જે સમસ્યા વકરી રહી છે તે પણ ખૂબ જોખમી છે. 1961થી 2021 સુધીની ગરમીની સરેરાશ જોવામાં આવે તો હીટવેવમાં 2.5 દિવસનો વધારો થયો છે. જાણકારો માને છે કે, જે રીતે ભારતમાં ગરમી વધી રહી છે તેના કારણે આ સદીના અંત સુધીમાં હીટવેવમાં 18 દિવસ સુધીનો વધારો થઈ શકે છે : ભારતમાં શહેરીકરણ ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. તેના કારણે ગ્રીન કવર ઓછું થઈ રહ્યું છે. કોંક્રિટના જંગલોનો વધારો થતાં શહેરો હીટ આઈલેન્ડમાં ફેરવાઈ રહ્યા છે અને ગરમીમાં સખત વધારો થઈ રહ્યો છે.**

ગરમીના કારણે ચારે તરફ લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. આકાશમાંથી જાણે કે આગ વરસી રહી હોય તેવી સ્થિતિ થઈ ગઈ છે. તાજેતરમાં ભારતની સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. રિયલ ટાઈમ ગ્લોબલ ટેમ્પ્રેચર રેંકિંગમાં દુનિયાના ટોચના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૮ શહેરો ભારતના આવે છે. તેવી જ રીતે એક્યુઆઈ ડોટ ઈન ઉપર લાઈવ રેન્કિંગમાં તો તમામ ૧૦૦ શહેરો ભારતના જ બતાવે છે. અનેક શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી ઉપર અને ૪૮ ડિગ્રી સુધી જઈ રહ્યું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લા, મહારાષ્ટ્રના વિદર્ભમાં, રાજસ્થાન, તેલંગણા, ઓડિશા અને છત્તીસગઢમાં ગરમીના કારણે સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ છે. તાજેતરમાં આવેલા નેચર પત્રિકાના અહેવાલે પણ જણાવ્યું છે કે છેલ્લાં બે દાયકામાં ભારતમાં હીટવેવની તિવ્રતા અને તેનો સમય વધી ગયા છે. તે ઉપરાંત ગરમીના હોટસ્પોટ હવે નવા નવા વિસ્તારોમાં ફેલાઈ રહ્યા છે અને અલનીનો જેવી ઘટનાઓ વાતાવરણ વધારે ખરાબ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, વિવિધ કારણોના લીધે જ હવે દર વર્ષે એપ્રિલ મહિનો શરૂ થતાં થતાં તો ભયાનક ગરમી પડવા લાગે છે. જાણકારોના મતે ભારતમાં હીટવેવની જે સમસ્યા વકરી રહી છે તે પણ ખૂબ જોખમી છે. ૧૯૬૧થી ૨૦૨૧ સુધીની ગરમીની સરેરાશ જોવામાં આવે તો હીટવેવમાં ૨.૫ દિવસનો વધારો થયો છે. જાણકારો માને છે કે, જે રીતે ભારતમાં ગરમી વધી રહી છે તેના કારણે આ સદીના અંત સુધીમાં હીટવેવમાં ૧૮ દિવસ સુધીનો વધારો થઈ શકે છે. તે ઉપરાંત મહત્તમ તાપમાનમાં પણ સખત વધારો જોવા મળશે. અત્યાર સુધીમાં ૨૦૨૪માં દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૫૨.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયેલું છે. આગામી વર્ષોમાં દેશના કોઈપણ સ્થળે, ખાસ કરીને પશ્ચિમ ભારતમાં ૫૫ ડિગ્રી સુધી પહોંચી જાય તેવી શક્યતાઓ છે. ભારતમાં ગરમીમાં જે વ્યાપક વધારો થયો છે તેની પાછળ એક નહીં પણ ઘણા કારણો જવાબદાર છે. તેમાં સૌથી પહેલું તો ભૌગોલિક કારણ છે. ભારત ઉષ્ણકટિબંધીય વિસ્તારમાં આવે છે. કર્ક રેખા અને મકર રેખાની વચ્ચે આવતા આ વિસ્તારમાં સામાન્ય રીતે જ ગરમી વધારે હોય છે. અહીંયા સુર્યના કિરણો સીધા પડતા હોવાથી તાપમાન સરેરાશ કરતા થોડું વધારે રહે છે. તે ઉપરાંત ઉત્તર પશ્ચિમ ભારત અને તેમાંય ખાસ કરીને રાજસ્થાન, હરિયાણા અને પંજાબમાં થારનું રણ છે જે ગરમીમાં ભયાનક સ્તરે તપે છે. તેમાંથી નીકળતી ગરમી લૂ બનીને સમગ્ર ભારતમાં તાપમાનનો પારો ઉંચો લઈ જતી હોય છે. આ સિવાય જોઈએ તો ભારતમાં શહેરીકરણ ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. તેના કારણે ગ્રીન કવર ઓછું થઈ રહ્યું છે. કોંક્રિટના જંગલોનો વધારો થતાં શહેરો હીટ આઈલેન્ડમાં ફેરવાઈ રહ્યા છે અને ગરમીમાં સખત વધારો થઈ રહ્યો છે. શહેરોમાં સમસ્યા એ થાય છે કે, કોંક્રિટ અને ડામર ગરમીને લાંબા સમય સુધી શોષી લે છે અને રાતના સમયે તેમાંથી ગરમી મુક્ત થવા લાગે છે. તેના પગલે શહેરી વિસ્તારોમાં ગામડાની સરખામણીએ તાપમાન વધારે રહે છે. તેમાંય દિલ્હી, નાગપુર, અમદાવાદ, ઈન્દોર, વિદર્ભ, જલગાંવ અને અન્ય શહેરોનું તાપમાન ગામડા કરતા ઘણું વધારે આવે છે. સરેરાશ આઠથી દસ ડિગ્રીનો તફાવત જોવા મળે છે. ગરમી અને અન્ય કુદરતી સમસ્યાઓ



વધવાનું એક મોટું કારણ જંગલોનો અવિચારી નાશ પણ છે. જંગલો અને વૃક્ષો કુદરતી એરકંડિશનર તરીકે કામ કરતા હોય છે. શહેરોના વિકાસમાં જંગલોનું નિકંદન કાઢવામાં આવ્યું અને ધરતીનું કુદરતી કવચ ઓછું થઈ ગયું. ક્લાઈમેટ ઈમ્પેક્ટ સ્ટ્રેકરના એક અહેવાલ પ્રમાણે ભારતમાં ખેતીના વિસ્તાર અને ઔદ્યોગિકરણ તથા શહેરીકારણના નામે મોટપાયે જંગલોનો નાશ થયો છે. જંગલોનો નાશ થવાથી કુદરતી સંતુલન ખોરવાઈ રહ્યું છે. તાપમાન વધી રહ્યું છે, ઠંડી ઘટી રહી છે, વરસાદ પણ અનિયમિત થઈ ગયો છે. શહેરોમાં પણ ગ્રીન કવર ઘટી ગયું છે અને તેના કારણે ગરમીમાં વ્યાપક વધારો થયો છે. ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ પણ ભારતમાં ગરમી વધવાનું એક મોટું પરિબળ છે. ૨૦૧૪થી ૨૦૨૩ની સમયગાળાને ભારતના સૌથી ગરમ દાયકા તરીકે નોંધવામાં આવ્યો હતો. આ દરમિયાન કાર્બન ડાયોક્સાઈડનું સ્તર ૪૨૫ પીપીએમના નવા સ્તરે પહોંચી ગયું હતું. ઈન્ટરગવર્નમેન્ટર પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જનો અહેવાલ જણાવે છે કે, હાલમાં વૈશ્વિક તાપમાન પૂર્વ ઔદ્યોગિક સમયગાળા કરતા ૧.૧ ડિગ્રી વધી ગયું છે. ૨૦૨૪માં મહાસાગરોની ગરમીમાં પણ છેલ્લાં ૬૫ વર્ષમાં સૌથી મોટો વધારો નોંધાયો હતો. ૧૯૬૦થી ૨૦૨૫ સુધીમાં મહાસાગરો જેટલા ગરમ નથી થયા તેનાથી વધારે પ્રમાણમાં છેલ્લાં બે દાયકામાં થયા છે. છેલ્લાં બે દાયકામાં મહાસાગરો ગરમ થવાનું પ્રમાણ બમણું થઈ ગયું છે. ઉલ્લેખનીય છે કે, મોટાભાગે સમયાંતરે ભારતમાં અલ નીનોની અસર અને ચોમાસામાં વિલંબના કારણે પણ ગરમીના પ્રમાણમાં વધારો થઈ જાય છે. ઈતિહાસના આંકડા પણ જણાવે છે કે, ભારતમાં અલનીનોની અસર દરમિયાન ચોમાસું નબળું રહે છે. તેમાંય ૧૮૭૭માં સુપલ અલ નીનોના કારણે ભારતમાં લાખો લોકોના જીવ ગયા હતા. આ વખતે પણ અલ નીનોની અસર ભયાનક રહેવાના વરતારા છે. બીજી તરફ દેશમાં ઔદ્યોગિકરણો જે અંધાધૂંધ અને અવિચારી વિકાસ થયો તેના કારણે ગ્રીનહાઉસ ગેસમાં વ્યાપક વધારો થયો છે. ઉનાળામાં ઘર, મકાન, ઓફિસ, ગાડી અને બીજા વાહનો ઠંડા રાખવામાં એસી ચાલે છે, વીજળીની ડિમાન્ડ અને વપરાશ વધી જાય છે. તેના કારણે બહારની ગરમીમાં વધારો થાય છે. ગરમીના કારણે સ્થિતિ એવી થઈ છે કે, લોકોને જીવ ગુમાવવાના વારા આવી રહ્યા છે. ભયાનક ગરમીના કારણે ઘણા લોકોનાં મોત થઈ રહ્યા છે. એક અહેવાલ પ્રમાણે ૧૯૯૨થી ૨૦૧૫ દરમિયાન ભારતમાં જ લૂ લાગવાથી ૨૪ હજારથી વધારે લોકોનાં મોત થયા હતા. તાજેતરમાં પણ વિશ્વ આરોગ્ય સંસ્થાએ જણાવ્યું કે, ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના કારણે સ્થિતિ વધારે વકરી રહી છે. તેનાથી હીટવેવની સમસ્યા વધારે ગંભીર બની છે. તેના પગલે લોકોનાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. આ સિવાય ખેતી અને મજૂરી કામ ઉપર પણ વ્યાપક અસર પડી છે. તેનાથી કૃષિ ઉત્પાદન ઘટયું છે, સ્વાસ્થ્ય ખર્ચ વધ્યો છે અને લોકોની આવકમાં પણ ઉતારચઢાવ જોવા મળી રહ્યા છે. જાણકારોના મતે ભારતમાં અને ખાસ કરીને તેના શહેરી વિસ્તારોમાં દિવસની ગરમી અને લૂ કરતા રાતનું તાપમાન વધારે જીવલેણ બની રહ્યું છે. શહેરી વિસ્તારોમાં ગ્રીન કવર ઓછું છે અને કોંક્રિટના વિશાળ મકાનોના કારણે ગરમી ઉપર ઉઠતી જ નથી અને નીચે ભરાઈ રહે છે. રાત્રી દરમિયાન આ ગરમી શહેરોમાં અને ખાસ કરીને મકાનોમાંથી નીકળવા મથે છે પણ લોકોના ઘર બંધ હોય છે અને તેથી પૂરતું વેન્ટિલેશન મળતું નથી. તેના પગલે લોકો માટે આ ગરમી અસહ્ય થઈ જાય છે અને ઘણા કિસ્સામાં મોત પણ થવા લાગે છે. ગરમીની ઋતુમાં સામાન્ય રીતે રાત્રે શરીર આરામ ઝંખે છે. આખો દિવસ ગરમી હોવાથી શરીર રાત્રે ઠંડુ પડવા પ્રયાસ કરે છે અને રિકવર થાય છે. સમસ્યા એ થાય છે કે, શહેરોમાં હવે રાતનું સરેરાશ તાપમાન પણ ૩૫થી ૩૭ ડિગ્રી જેટલું હોય છે. તેના કારણે શરીર અને મગજને આરામ મળતો નથી. તેમાંય નાના મકાનોમાં રહેતા ગરીબો, મિડલ ક્લાસના લોકો પાસે એસી લગાવવા જેવી વ્યવસ્થા હોતી નથી. આ લોકોના મકાન ઠંડા થતા નથી અને શરીર પણ તેના પગલે ગરમ રહે છે અને સ્થિતિ વધારે ખરાબ થવા લાગે છે. જાણકારોના મતે બહારની ગરમી કરતા ઘરની ગરમી શરીરને સરેરાશ વધારે નુકસાન કરે છે. અમદાવાદમાં ઉનાળા દરમિયાન રાત્રીનું તાપમાન વધતા મોતના આંકડા વધી જાય છે શહેરોમાં વકરી રહેલી ગરમી લોકો માટે જીવલેણ બની રહી છે તેનો અંદાજ છે પણ તેનું પ્રમાણ કેટલું ભયાનક છે તે તાજેતરમાં સામે આવ્યું હતું. ગાંધીનગરના ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થના એક અધિકારીએ આ વિશે ઉંડો અભ્યાસ કરીને એક અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, અમદાવાદમાં વિવિધ વિસ્તારોના તાપમાનમાં મોટો તફાવત જોવા મળે છે. બીજી તરફ અમદાવાદમાં દિવસની સરખામણીએ રાત્રીનું તાપમાન પણ અસહ્ય રીતે વધવા લાગ્યું છે. અમદાવાદમાં સામાન્ય દિવસોમાં વિવિધ કારણોના લીધે સરેરાશ લગભગ ૧૦૦ લોકોનાં મોત થાય છે. તેમાં ઉનાળામાં ગરમીનું કારણ વધારે પ્રબળ બની જાય છે. બીજી તરફ તેમણે એવું પણ જણાવ્યું કે જ્યારે દિવસનું તાપમાન ૪૫ ડિગ્રી અને રાત્રીનું તાપમાન ૨૮ ડિગ્રી સુધી હોય છે ત્યારે મોતનો આંકડો વધતો નથી. જેમ જેમ રાત્રીની ગરમીનું પ્રમાણ વધવા લાગે છે તેમ તેમ લોકોનાં મોતના આંકડા મોટા થતા જાય છે. રાત્રીનું તાપમાન ૨૮ ડિગ્રીથી વધવા લાગે અને ૩૦ ડિગ્રી સુધી પહોંચી જાય છે ત્યારે શહેરમાં મોતનો આંકડો ૧૬૫ સુધી જતો રહે છે. બીજી તરફ રાત્રીનું તાપમાન ૩૦ ડિગ્રીને પાર કરી જાય છે ત્યારે રોજિંદા મોતનો આંકડો ૨૬૫ થઈ જાય છે. તેમના મતે રાત્રી દરમિયાન મકાનો બંધ રાખીને ઉંઘવું, રહેવું અને ગરમી બહાર ન નીકળવી તે સ્વાસ્થ્ય માટે સૌથી જોખમી પરિબળ છે અને તેના કારણે લોકોને ભયાનક લૂ લાગે છે અને તેમના મૃત્યુની શક્યતાઓ વધવા લાગે છે. ગરમીના કારણે ચારે તરફ લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. આકાશમાંથી જાણે કે આગ વરસી રહી હોય તેવી સ્થિતિ થઈ ગઈ છે. તાજેતરમાં ભારતની સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. રિયલ ટાઈમ ગ્લોબલ ટેમ્પ્રેચર રેંકિંગમાં દુનિયાના ટોચના ૧૦૦ સૌથી ગરમ શહેરોમાંથી ૯૮ શહેરો ભારતના આવે છે. તેવી જ રીતે એક્યુઆઈ ડોટ ઈન ઉપર લાઈવ રેન્કિંગમાં તો તમામ ૧૦૦ શહેરો ભારતના જ બતાવે છે. અનેક શહેરોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી ઉપર અને ૪૮ ડિગ્રી સુધી જઈ રહ્યું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશના કેટલાક જિલ્લા, મહારાષ્ટ્રના વિદર્ભમાં, રાજસ્થાન, તેલંગણા, ઓડિશા અને છત્તીસગઢમાં ગરમીના કારણે સ્થિતિ અત્યંત કફોડી થઈ ગઈ છે. તાજેતરમાં આવેલા નેચર પત્રિકાના અહેવાલે પણ જણાવ્યું છે કે છેલ્લાં બે દાયકામાં ભારતમાં હીટવેવની તિવ્રતા અને તેનો સમય વધી ગયા છે. તે ઉપરાંત ગરમીના હોટસ્પોટ હવે નવા નવા વિસ્તારોમાં ફેલાઈ રહ્યા છે અને અલનીનો જેવી ઘટનાઓ વાતાવરણ વધારે ખરાબ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, વિવિધ કારણોના લીધે જ હવે દર વર્ષે એપ્રિલ મહિનો શરૂ થતાં થતાં તો ભયાનક ગરમી પડવા લાગે છે. જાણકારોના મતે ભારતમાં હીટવેવની જે સમસ્યા વકરી રહી છે તે પણ ખૂબ જોખમી છે. ૧૯૬૧થી ૨૦૨૧ સુધીની ગરમીની સરેરાશ જોવામાં આવે તો હીટવેવમાં ૨.૫ દિવસનો વધારો થયો છે. જાણકારો માને છે કે, જે રીતે ભારતમાં ગરમી વધી રહી છે તેના કારણે આ સદીના અંત સુધીમાં હીટવેવમાં ૧૮ દિવસ સુધીનો વધારો થઈ શકે છે. તે ઉપરાંત મહત્તમ તાપમાનમાં પણ સખત વધારો જોવા મળશે. અત્યાર સુધીમાં ૨૦૨૪માં દિલ્હીના મુંગેશપુરમાં મહત્તમ તાપમાન ૫૨.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયેલું છે.

પાક્કો ગુજરાત

મંગળવાર | 26 મે 2026 | અમદાવાદ

# લાયન્સ ક્લબ ઓફ ઝાલોદની ઓફિશિયલ મુલાકાતે જિલ્લા ગવર્નર લાયન દીપક સુરાનાનું ભવ્ય સ્વાગત

## 51 વર્ષની સેવાકીય યાત્રાને બિરદાવતાં લાયન સભ્યોનું સન્માન, કેક કટિંગ સાથે ખુશીઓ વહેંચાઇ



દાહોદ

ઝાલોદ ખાતે યોજાયેલ લાયન્સ ક્લબ ઓફ ઝાલોદની ઓફિશિયલ મુલાકાત પ્રસંગે જિલ્લા ગવર્નર MJF લાયન દીપક સુરાનાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોનું સ્ટેજ આગમન બાદ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરાયું હતું.કાર્યક્રમની શરૂઆત ડૉ. સોનલ દેસાઈ દ્વારા કૃષ્ણ ભજન અને પ્રાર્થના સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રકાશ બંસલ દ્વારા ધ્વજવંદના કરવામાં આવી હતી. લાયન્સ ક્લબના પ્રમુખ વિષ્ણુપ્રસાદ અગ્રવાલે પ્રાથમિક ઉદ્બોધન આપતાં સૌનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

સેક્રેટરી જવાહર અગ્રવાલે છેલ્લા 51 વર્ષથી લાયન્સ ક્લબ ઓફ ઝાલોદ દ્વારા કરવામાં આવતી અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ અંગે સંક્ષિપ્ત માહિતી આપી હતી. ત્યારબાદ લાયન ડૉ. ધર્મેન્દ્ર અગ્રવાલે જિલ્લા ગવર્નર MJF લાયન દીપક સુરાનાનો પરિચય આપતાં તેમની વિવિધ સેવાકીય કામગીરી અને સિદ્ધિઓ વિશે માહિતી આપી હતી. જિલ્લા ગવર્નર લાયન દીપક સુરાનાએ પોતાના સંબોધનમાં ઝાલોદ લાયન્સ ક્લબની 51 વર્ષની સેવાયાત્રાની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે લોકો સુધી ઠંડુ પીવાનું પાણી પહોંચે તે માટે 125 વોટર કૂલર સ્થાપિત કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો, જેમાંથી અત્યાર સુધી 102 વોટર કૂલર કાર્યરત થઈ ચૂક્યા છે અને તેનો લાભ અસંખ્ય લોકો લઈ રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડોદરાની હોસ્પિટલ સાથે એમ.ઓ.યુ. કરી ગરીબ મજૂર વર્ગ માટે હેલ્થ ચેકઅપ અને સારવારનું આયોજન કરવામાં આવ્યું છે. ગરીબોની રોજિંદી આવકને નુકસાન ન થાય તે માટે બે એમ્બ્યુલન્સ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં જઈ આરોગ્ય સેવા આપવામાં આવી રહી છે, જેમાં અત્યાર સુધી 12 હજારથી વધુ લોકોએ લાભ લીધો છે.

સંજનાબેન વસાવા પ્રમુખ જ્યારે ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન તડવી ચૂંટાયા

# નર્મદા જિલ્લાના ઇતિહાસમાં સૌપ્રથમવાર નર્મદા જિ. પંચાયત AAP પાર્ટી સત્તામાં આવી

રાજપીપળા

આજરોજ નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે નર્મદા જિલ્લાના ઈતિહાસમાં સૌપ્રથમવાર નર્મદા જિલ્લા પંચાયત આમ આદમી પાર્ટી એ સંપૂર્ણ બહુમતી સાથે જીતી હતી.

આવી જ સૌને વધાવવા આજે જિલ્લા પંચાયત કચેરી ખાતે નવા પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કલેક્ટર નાઅધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

જેમાં પ્રમુખ તરીકે જેમાં પ્રમુખ તરીકે આદિજાતિ અનામત બેઠક પર સામોટ બેઠકના વિજેતા સંજનાબેન અનિરુદ્ધ વસાવા ને મહિલા પ્રમુખ તરીકે ચુટી કાઢવામાં આવ્યા હતા.જ્યારે ઉપપ્રમુખ તરીકે. નઘાતપોર બેઠકના ઉમેદવાર સંગીતા વિક્રમ તડવીની વરણી કરવામાં આવી હતી.

જેમાં જિલ્લા પંચાયતની કુલ 22 બેઠકો



પૈકી બહુમતી ધરાવતા આમ આદમી પાર્ટીના 15 સદસ્યો અને ભાજપના સાત સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા આમ આદમી પાર્ટીના આ વિજય ગૌરવને વધારવા આજે ખાસડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા, જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા સહીત આપના કાર્યકરોએ ફુલહાર પહેરાવી શુભકામના પાઠવી હતી પ્રમુખે સૌનો આભાર માની જિલ્લા પંચાયતનું લોકાભીમુખ સ્વચ્છ વહીવટ કરવા અને લોકો ના તથા વિકાસના કાર્યો કરવાનીખાત્રી આપી હતી

# કૃષ્ણ ભક્તિ શિવ કૃપા વગર ન મળે : પૂ.પારસભાઈ શાસ્ત્રી

## હરિદ્વારમાં બારોટ અને ધાખડા પરિવારની ભાગવત કથા

વેળાવદર

હરિદ્વાર ખાતે મનોજ પરિવાર અને ધાકડા પરિવારના સંયુક્ત આયોજન હેઠળ ભવ્ય અને દિવ્ય કથાનું આયોજન કરવામાં આવ્યું છે આ કથા નો પ્રારંભ તારીખ 20 મે ના રોજ કરવામાં આવ્યો અને પૂર્ણાહુતિ તારીખ 27 મે 2026 ના રોજ થશે. પરિવારના પિતૃઓની મોક્ષાર છે અને જગત કલ્યાણના શુભ સંકલ્પથી યોજાયેલી આ ભાગવત જ્ઞાન યજ્ઞ કથા ના વ્યાસપીઠ પર બગદાણા ના પ્રસિદ્ધ કથા વાચક પૂજ્ય પારસ ભાઈ શાસ્ત્રીજી શ્રોતાઓને ભાવ તરબોળ અવસ્થામાં લઈ જઈને સુંદર મજાનું કદ રત્ન કરાવી રહ્યા છે.



પાંચમા દિવસના કથા સંવાદમાં શાસ્ત્રી શ્રી પૂજ્ય પારસભાઈએ જણાવ્યું કે આવું ભવ્ય આયોજન આવા પવિત્ર અધિક શ્રાવણ માસના સમયે આપણા સૌ કોઈ માટે સૌભાગ્યનો વિષય બની રહ્યું છે.

કૃષ્ણ ચરિત્ર અનેક વખત ગાવા છતાં પણ તે નાવીન્યપૂર્ણ અને સૌને અતૃપ્ત અવસ્થામાં તેનું પાન કરવા હંમેશા લાલાઈત કરે છે.અગ્નિ વગર દાઝવું હોય તો સેવા કરવી. એનેકગણું ઝેર પણ પીવુ પડે. કૃષ્ણ ભક્તિ શિવ કૃપા વગર ન મળે.

કથાના યજમાન અંકલેશ્વરના સ્વ.છત્રસિંહ બારોટ અને ઉચૈયાના સ્વ વાજસુરબાપુ ધાખડા પરિવારના સભ્યો કર્યું છે. શ્રી પંકજભાઈ બારોટ અને શ્રી અમરુભાઈ ઘાખડા દ્વારા આયોજિત આ સમગ્ર ધર્મોત્સવ અનેરો બની રહ્યોં છે. સમગ્ર આયોજનમાં પંકજભાઈ બારોટના પરિવારના મોટી સંખ્યામાં લોકો કથા લાભ લઈ રહ્યા છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં લોહીયાળ ખેલ

# ધાનપુર તા.પં.ના આપના 12 સદસ્યો પર ફાયરિંગ, પથ્થરમારો અને તીરકામઠાંથી ઘાતક હુમલો કરાયા

## પંચાયતના આમ આદમી પાર્ટીના 12 સદસ્યો પર મોટો જીવલેણ હુમલો થતાં સમગ્ર રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે

રાજપીપળા

ગુજરાતના રાજકારણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રમુખ-ઉપપ્રમુખની વરણી વખતે જ એક લોહીયાળ અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકા પંચાયતના આમ આદમી પાર્ટીના ૧૨ સદસ્યો પર મોટો જીવલેણ હુમલો થતાં સમગ્ર રાજ્યના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. સામાન્ય સભામાં ભાગ લેવા જઈ રહેલા આપના સભ્યોની ગાડીઓ આંતરીને ફાયરિંગ, પથ્થરમારો અને આદિવાસી પરંપરાગત હથિયાર એવા તીરકામઠાંથી ઘાતક હુમલો કરવામાં આવતા અફરાતફરી મચી ગઈ હતી.

આ ગંભીર ઘટના અંગે આમ આદમી પાર્ટીના ફાયરબ્રાન્ડ નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ આવીને આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે, ધાનપુર તાલુકા પંચાયતમાં જનતાએ આપના ૧૨ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવ્યા છે. આજે બપોરે ૧૨ વાગ્યે પ્રમુખ-ઉપપ્રમુખની વરણી માટે સામાન્ય સભા યોજાવાની હતી. આ સભામાં ભાગ લેવા માટે જ્યારે અમારા સભ્યો ચાર ગાડીઓમાં જઈ રહ્યા હતા, ત્યારે ધાનપુર તાલુકા પંચાયત પહેલા આવતા ફાટા નજીક રસ્તા પર ઝાડ કાપીને તેમજ તુફાન ગાડીઓ આડી મૂકીને રસ્તો બ્લોક કરી દેવાયો હતો. ત્યારબાદ ભાજપના નેતાઓના ઈશારે કેટલાક અસામાજિક તત્વોએ ગાડીઓ પર અંધાધૂંધ ફાયરિંગ, પથ્થરમારો અને તીરકામઠાંથી હુમલો કર્યો હતો. ચૈતર વસાવાએ વધુમાં ઉમેર્યું કે, પથ્થરમારામાં અમારા સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે અને ગાડીઓને ભારે નુકસાન થયું છે, પરંતુ સદનસીબે તમામ સભ્યો હેમખેમ બચીને નીકળ્યા હતા. ઘટનાની પોલીસને જાણ કરાતાં ડીવાયએસપી કાફલા સાથે દોડી આવ્યા હતા અને સભ્યોને સુરક્ષિત રીતે સામાન્ય સભામાં લઈ ગયા હતા. તેમણે આક્ષેપ કર્યો કે ભાજપ ૩૦ વર્ષથી શાસનમાં છે અને તેમનો ભ્રષ્ટાચાર ઉજાગર ન થાય તે માટે આ નિમ્નકક્ષાનો પ્રયાસ કરાયો છે.

# ડભોઇ રેલ્વે સ્ટેશનનો મુખ્ય ગેટ બન્યો ડેન્જર ઝોન: અકસ્માતને ખુલ્લું આમંત્રણ

ડભોઇ

ડભોઇ રેલ્વે સ્ટેશનના બહારના ભાગે બનાવવામાં આવેલો નવો મુખ્ય ગેટ હાલ વાહનચાલકો અને મુસાફરો માટે આશીર્વાદને બદલે આફત સમાન સાબિત થઈ રહ્યો છે. રેલ્વે તંત્રની ગંભીર બેદરકારીને કારણે આ મુખ્ય ગેટ જાણે અકસ્માતને સીધું આમંત્રણ આપી રહ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે, જેને પગલે સ્થાનિકો અને મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



બ્લાઈન્ડ સ્પોટ બનતી દીવાલ: મુખ્ય ગેટની બિલકુલ બાજુમાં આવેલી ઊંચી દીવાલના કારણે સ્ટેશનની અંદરથી બહાર નીકળતા વાહનચાલકોને રોડની ડાબી કે જમણી બાજુથી આવતા વાહનો બિલકુલ દેખાતા નથી.

સ્પીડ બ્રેકરનો અભાવ: ગેટની આસપાસ કે મુખ્ય રોડ પર વાહનોની ગતિ ધીમી પાડવા માટે કોઈ યોગ્ય સ્પીડ બ્રેકર (બમ્પર) મૂકવામાં આવ્યા નથી. જેના કારણે રોડ પરથી વાહનો પૂરપાટ ઝડપે નીકળે છે.

મોટી જાનહાનિનો ભય અને સ્થાનિકોની માંગ

ડભોઇ રેલ્વે સ્ટેશન પરથી રોજની સેંકડો વાહનો અને હજારો મુસાફરોની અવરજવર રહે છે. ગેટની નબળી ડિઝાઈનને કારણે અહીં અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાય છે. સ્થાનિકોનું કહેવું છે કે, 'તંત્રએ સુંદરતા વધારવા ગેટ તો બનાવ્યો, પણ સુરક્ષાનો વિચાર ન કર્યો. જો વહેલી તકે બમ્પર અને સાઈનબોર્ડ નહીં મુકાય, તો કોઈ મોટી જાનહાનિ થઈ શકે છે.'

તંત્ર ક્યારે જાગશે?

કોઈ માસૂમ વ્યક્તિ આ નબળી વ્યવસ્થાનો ભોગ બને તે પહેલા રેલ્વે તંત્ર વહેલી તકે જાગે અને ગેટ પાસે વ્યુ ક્લિયર થાય તેવી વ્યવસ્થા કરે તે અત્યંત અનિવાર્ય બન્યું છે.

# ડીઝલના ભાવવધારાથી અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તારોના ઉદ્યોગ જગતમાં ચિંતા

અંકલેશ્વર

પેટ્રોલ અને ડીઝલના સતત વધી રહેલા ભાવો હવે અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં ચિંતાનો વિષય બન્યા છે.રો મટીરીયલ તેમજ તૈયાર પ્રોડક્ટની યાતાયાત મોંઘી બનતા ટ્રાન્સપોર્ટ કંપનીઓએ ઉદ્યોગો પાસે ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં આશરે ૧૦ ટકા વધારાની માંગ કરી છે.સાથે જ વીજ કંપની દ્વારા અપાતા પાવર કટના કારણે ઉદ્યોગોને ફરજીયાત જનરેટર ચલાવવા પડી રહ્યા છે, જેમાં વધતા ડીઝલ ભાવો વધુ બોજો ઊભો કરી રહ્યા છે




અંકલેશ્વર સહિતના ઔદ્યોગિક વિસ્તારોમાં પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોની સીધી અસર ઉદ્યોગો ઉપર જોવા મળી રહી છે.ઉદ્યોગકારોના જણાવ્યા મુજબ રો મટીરીયલ ફેક્ટરી સુધી પહોંચાડવા તેમજ તૈયાર માલ અન્ય શહેરો અને રાજ્યોમાં મોકલવાનો ખર્ચ સતત વધી રહ્યો છે.વધતા ઈંધણ ખર્ચને ધ્યાનમાં રાખી ટ્રાન્સપોર્ટ કંપનીઓએ ઉદ્યોગો ઉપર ટ્રાન્સપોર્ટેશન ચાર્જમાં આશરે ૧૦ ટકા જેટલો વધારો માંગ્યો છે. ટ્રાન્સપોર્ટર્સનું કહેવું છે કે ડીઝલના વધતા ભાવ વચ્ચે હાલના દરે વ્યવસાય ચલાવવો મુશ્કેલ બન્યો છે.

બીજી તરફ ઉદ્યોગોને વીજ કંપની દ્વારા સપ્તાહમાં એક દિવસ અપાતા પાવર કટના કારણે ઉત્પાદન પ્રક્રિયા ચાલુ રાખવા જનરેટરનો સહારો લેવો પડી રહ્યો છે.

પરંતુ જનરેટર માટે જરૂરી ડીઝલના વધતા ભાવ અને પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધતા ન હોવાને કારણે ઉદ્યોગોની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

ઉદ્યોગકારોનું માનવું છે કે જો ઈંધણના ભાવમાં નિયંત્રણ નહીં આવે તો ઉત્પાદન ખર્ચમાં વધારો કરવો ફરજીયાત બનશે, જેના કારણે બજારમાં વિવિધ ઉત્પાદનોના ભાવ પણ વધી શકે છે.ઉદ્યોગ જગતે સરકાર સમક્ષ ઈંધણના ભાવ સ્થિર રાખવા તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં ડીઝલની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની માંગ ઉઠાવી છે.

# નવયુગ વિદ્યાલય જંબુસરનું ઝળહળતું પરિણામ: આર્ટ્સમાં 100 ટકા અને કોમર્સમાં 98 ટકા સાથે શાળાનું ગૌરવ વધાર્યું

જંબુસર/ભરૂચ:

ભરૂચ જિલ્લાની પ્રતિષ્ઠિત અને નામાંકિત શૈક્ષણિક સંસ્થા નવયુગ વિદ્યાલય જંબુસરે એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ફરી એકવાર મેદાન માર્યું છે. તાજેતરમાં જાહેર થયેલા ધોરણ-૧૨ ના પરિણામોમાં શાળાના આર્ટ્સ વિભાગનું ૧૦૦ ટકા અને કોમર્સ વિભાગનું ૯૮ ટકા જેટલું શાનદાર પરિણામ આવ્યું છે. આ અભૂતપૂર્વ સફળતાને પગલે શાળા પરિવાર, વાલીઓ તેમજ સમગ્ર જંબુસર તાલુકામાં ભારે ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

આ પરીક્ષામાં નવયુગ વિદ્યાલયના વિદ્યાર્થી પ્રજાપતિ ધનસુખ દિનેશભાઈએ ૮૩ ટકા ગુણ મેળવીને શાળામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. ધનસુખે પોતાની આ ઝળહળતી સિદ્ધિ દ્વારા શાળા, પોતાના પરિવાર, સમાજ અને સમગ્ર જંબુસર તાલુકાનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીની આ અસાધારણ સફળતા બદલ શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ ઠાકોરે વિદ્યાર્થીનું મીઠું મોઢું કરાવી, માર્કશીટ અર્પણ કરીને તેને પ્રોત્સાહિત કર્યો હતો. આ સાથે જ શાળા મંડળના પ્રમુખ મહેશભાઈ સોલંકી સહિત સમગ્ર ટ્રસ્ટી મંડળ અને સ્ટાફ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ગોવિંદ ગુરુ લીમડી તાલુકા પંચાયત પર ભાજપનો ભગવો લહેરાયો

## પ્રમુખ તરીકે લક્ષ્મીબેન ડીંડોડ અને ઉપપ્રમુખ તરીકે મિનેષભાઇ ડામોર સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયા

દાહોદ

ગોવિંદ ગુરુ લીમડી તાલુકા પંચાયત ખાતે યોજાયેલી પ્રથમ સામાન્ય સભામાં ભાજપ સમર્થિત ઉમેદવારોની સર્વાનુમતે વરણી થતાં તાલુકા પંચાયત પર ભાજપનો ભગવો લહેરાયો હતો. ચૂંટણી અધિકારી અને સહ ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠક દરમિયાન પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે આવેલા ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત તમામ સભ્યોએ એકમતથી મંજૂરી આપી હતી.




તાલુકા પંચાયત પ્રમુખ પદે લક્ષ્મીબેન કલ્પેશભાઈ ડીંડોડ અને ઉપપ્રમુખ પદે મિનેષભાઈ કસુભાઈ ડામોરની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ઉપરાંત ભાજપ દ્વારા જાહેર કરાયેલા મેન્ડેટ મુજબ કારોબારી ચેરમેન તરીકે સુમિત્રાબેન મનસુખભાઈ ડામોર, પક્ષના નેતા તરીકે શીતલબેન નિલેશભાઈ પરમાર તથા દંડક તરીકે મહેશભાઈ લાલસિંગભાઈ મુનિયાની નિમણૂક કરવામાં આવી હતી. જાહેર થયેલા હોદ્દેદારોના નામોને તાલુકા પંચાયતના સભ્યોએ વધાવી લીધા હતા. તાલુકા પંચાયતની પ્રથમ સામાન્ય બેઠકમાં કુલ 26 સભ્યોમાંથી 25 સભ્યો હાજર રહ્યા હતા, જ્યારે ચાકલિયા-1 બેઠકના આપ પાર્ટીના સભ્ય સુમિત્રાબેન કનુભાઈ ડામોર ગેરહાજર રહ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ તાલુકા પંચાયત કચેરી પરિસરમાં ભાજપ કાર્યકર્તાઓમાં આનંદનો માહોલ છવાઈ ગયો હતો. ચૂંટાયેલા હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી, મીઠાઈ ખવડાવી અને શુભેચ્છાઓ પાઠવી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભૂરીયાએ ચૂંટાયેલા પ્રતિનિધિઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે તાલુકાના સર્વાંગી વિકાસ માટે સૌએ ટીમ ભાવનાથી કાર્ય કરવું જરૂરી છે. તેમણે માર્ગ, પાણી, આરોગ્ય અને ગ્રામ વિકાસના કામોને વધુ ગતિ આપવા પ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો. સાથે જ ભાજપના કાર્યકર્તાઓ અને જનતાનો વિશ્વાસ જાળવી વિકાસલક્ષી કામગીરી કરવાની પણ અપીલ કરી હતી. કાર્યક્રમ બાદ તાલુકા મુખ્ય મથકમાં ભવ્ય વિજય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ઢોલ-કુંડીના તાલે ભાજપ કાર્યકર્તાઓ ઉત્સાહભેર નાચ્યા હતા.

ખેડા પોલીસ તંત્રના લીરેલીરા : ભ્રષ્ટ વહીવટદારોના પાપે જિલ્લો બન્યો ગુનાખોરીનું એપીસેન્ટર!

# SMCના દરોડાથી LCB PI વેકરિયાની પોલ ખુલી

- રીઢા વહીવટદાર ભરતસિંહ પર SP વિજય પટેલ મહેરબાન?
- વહીવટદારોની લાલચમાં LCB PI વેકરિયા લાચાર!
- ACBના રડારમાં રહેલા વહીવટદાર ભરતસિંહ પર કયા ધારાસભ્યના આશીર્વાદ છે?

નડીયાદ/વડતાલ

ખેડા જિલ્લા પોલીસ બેડામાં સડો અને ભ્રષ્ટાચાર ચરમસીમાએ પહોંચ્યો હોવાના ચોંકાવનારા આક્ષેપો સામે આવ્યા છે. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે વડતાલમાં પાડેલા દરોડાએ સ્થાનિક પોલીસ અને ખાસ કરીને LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

ખેડા જિલ્લાના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કેટલી કથળી છે તેનો પુરાવો ત્યારે મળ્યો જ્યારે ગાંધીનગરથી ખાસ મહિલા પોલીસ અધિકારીની આગેવાનીમાં SMCની ટીમે વડતાલમાં ચાલી રહેલા એક મોટા જુગારધામ પર સફળ દરોડો પાડ્યો. સ્થાનિક LCB પીઆઈ કેવલ વેકરિયા જિલ્લામાં દારૂ, જુગાર અને સટ્ટા જેવા અસામાજિક દૂષણોને નાથવામાં સદંતર નિષ્ફળ સાબિત થયા છે, જેના કારણે છેક ગાંધીનગરથી ટીમ મોકલવી પડી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સૌથી મોટો સવાલ ખેડા એસપી (SP) વિજય પટેલની ભૂમિકા સામે પણ ઉઠી રહ્યો છે. ACB (એન્ટી કરપ્શન બ્યુરો)ના છટકામાંથી માંડ-માંડ છટકેલા રીઢા વહીવટદાર ભરતસિંહને કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે બદલી કરાયા બાદ, એક સ્થાનિક ધારાસભ્યના ઈશારે ફરીથી વડતાલ પોલીસ મથકમાં મલાઈદાર જગ્યાએ મૂકી દેવાયા છે

લોકમુખે ચર્ચા: શું એસપી વિજય પટેલ આ રીઢા વહીવટદારને ભ્રષ્ટાચાર કરવાનો ખુલ્લો પરવાનો આપી રહ્યા છે? જો રાજ્યના ડીજીપી (DGP) આ વહીવટદાર ભરતસિંહની કુંડળી ખંગાળે, તો તેને તાત્કાલિક જિલ્લા બહાર ધકેલવો પડે તેવી સ્થિતિ છે, છતાં સ્થાનિક કક્ષાએ કોઈ કાર્યવાહી થતી નથી.

આક્ષેપો મુજબ, જિલ્લાના કહેવાતા મુખ્ય બદમાશ વહીવટદાર મુકેશ બારોટ અને ડિફોલ્ટર જયેશ રબારીની કથિત લાલચમાં LCB પીઆઈ કેવલ વેકરિયા સંપૂર્ણપણે લાચાર અને નિષ્ક્રિય બની ગયા છે. આ નબળા, ભ્રષ્ટ અને બેદરકાર અધિકારીઓની નિષ્કાળજીના પાપે આજે આખો ખેડા જિલ્લો અસામાજિક તત્વો માટે 'હોટ ફેવરિટ' અને સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયો છે.

'પાક્કો ગુજરાત' ના ધારદાર સવાલો:

સ્થાનિક LCB ઊંઘતી રહી અને SMC એ દરોડો પાડ્યો, તો PI કેવલ વેકરિયા સામે પગલાં ક્યારે?

ACBના રડારમાં રહેલા વહીવટદાર ભરતસિંહ પર કયા ધારાસભ્યના આશીર્વાદ છે?

શું ગૃહ વિભાગ અને ડીજીપી ખેડા જિલ્લાના આ ભ્રષ્ટ નેક્સસને તોડવા માટે કોઈ કડક એક્શન લેશે?

ડભોઇ વઢવાણા રોડ પર આવેલી

# ઐતિહાસિક વણઝારાની વાવ બિસ્માર હાલતમાં : તંત્રની ઉદાસીનતા સામે રોષ

ડભોઇ

આ જના આધુનિક અને ટેકનોલોજીના યુગમાં આપણે પ્રાચીન સંસ્કૃતિ અને ભવ્ય વારસાને ભૂલતા જઈ રહ્યા છીએ જેનો જીવતો જાગતો પુરાવો ડભોઈ-વઢવાણા રોડ પર જોવા મળી રહ્યો છે. અહીં પહેલાના જમાનામાં વણઝારા સમુદાય દ્વારા બનાવવામાં આવેલી એક ઐતિહાસિક અને બેનમૂન કોતરણી ધરાવતી વાવ આજે વહીવટી તંત્રની ઘોર ઉપેક્ષાને કારણે આખરી શ્વાસ લઈ રહી છે ડભોઇ નજીક વઢવાણા રોડ પર હવે માત્ર આ એક જ વાવ બચી છે પરંતુ તેની યોગ્ય જાળવણી ન થતાં તે સંપૂર્ણપણે કંડમ અને ખસ્તા હાલતમાં ફેરવાઈ ગઈ છે વણઝારાઓ દ્વારા પાણીના સંગ્રહ માટે કરાયું



હતું અદભુત નિર્માણ ઈતિહાસ પર નજર કરીએ તો, પ્રાચીન સમયમાં વણઝારા સમુદાય જે સ્થળે લાંબા સમય માટે વસવાટ કરતા હતા , ત્યાં પોતાના પરિવારો અને પશુ-પંખીઓ (ઢોર-ઢાંકર) માટે પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવા વાવનું નિર્માણ કરતા હતા. આ વાવ માત્ર પાણીનો કૂવો નહોતો પરંતુ તેમાં અદભુત સ્થાપત્ય અને આકર્ષક ડિઝાઈનોનું કોતરકામ કરવામાં આવતું હતું વાવની ખાસિયત: કુદરતી એર-કંડિશનર જેવું ઠંડુ પાણી આ પ્રાચીન વાવની મુખ્ય ખાસિયત એ હતી કે તેમાં ગમે તેવી કાળઝાળ ગરમીમાં પણ પાણી એકદમ ઠંડુ રહેતું હતું અને લાંબા સમય સુધી પાણી બગડતું નહોતું. જે કલા અને કારીગરીથી આ વાવનું નિર્માણ કરાયું છે તેવી ભવ્ય અને મજબૂત કોતરણીવાળી વાવ આજે કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ બનાવવી અશક્ય છે હાલની સ્થિતિ: કચરાનું સામ્રાજ્ય અને દુર્ગંધ મારતું પાણી સમય બદલાતા અને નવી ટેક્નોલોજી આવતા આ પરંપરાગત જળ સ્ત્રોતો વિસરાઈ ગયા છે. હાલમાં ડભોઇ-વઢવાણા રોડ પર આવેલી આ એકમાત્ર ઐતિહાસિક વાવની હાલત અત્યંત દયનીય છે વાવની આસપાસ અને અંદર મોટા પ્રમાણમાં ઝાડી-ઝાંખરા અને બાવળો ઊગી નીકળ્યા છે. જાળવણીના અભાવે વાવનું પાણી અત્યારે ગંધ મારે છે અને તે કચરાપેટી સમાન બની ગઈ છે ઐતિહાસિક વારસાનું જતન થાય સ્થાનિક લોકો અને ઈતિહાસપ્રેમીઓમાં તંત્રની આ ઉદાસીનતા સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. જો આ વાવની તાત્કાલિક સાફ-સફાઈ કરાવીને તેનું સમારકામ કરવામાં નહીં આવે, તો ડભોઇ પંથકની આ છેલ્લી ઐતિહાસિક ધરોહર કાયમ માટે નામશેષ થઈ જશે. તંત્ર વહેલી તકે જાગે અને આ ભવ્ય વારસાને સાચવે તેવી લોકમાંગ ઉઠી છે.



## સોશિયલ મીડિયા પર બંનેના સંબંધોને લઈને ચર્ચાઓ તેજ બની

# વૃદ્ધ લોકોને રેડ કાર્પેટ પર જોવાની આદત પાડી લો: કંગના રણૌત

મુંબઇ

એક્ટ્રેસ કંગના રનૌતે તાજેતરમાં ઐશ્વર્યા રાયને ટ્રોલ કરનારાઓને ફટકાર લગાવી છે. ઐશ્વર્યા દર વર્ષની જેમ આ વર્ષે પણ કાન ફિલ્મ ફેસ્ટિવલનો ભાગ બની હતી. તેની તસવીરો જોરદાર વાઈરલ થઈ હતી. જ્યાં કેટલાક લોકો તેના ગ્લોબલ સ્ટારડમની પ્રશંસા કરી રહ્યા છે, ત્યાં કેટલાક તેના લુક્સને ટ્રોલ પણ કરી રહ્યા છે. હવે કંગના રનૌતે તે ટ્રોલર્સ પર ભડકતા કહ્યું છે કે ઐશ્વર્યાને કોઈને ખુશ કરવાની જરૂર નથી. કંગના રનૌતે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ઐશ્વર્યા રાયની તસવીર શેર કરીને લખ્યું છે કે, 'ફેશન અને સ્ટાઈલ વ્યક્તિની પોતાની ઓળખ અને પોતાને વ્યક્ત કરવાની રીત હોય છે. દરેક વ્યક્તિ પોતાની જિંદગી અને વિચારને પોતાની રીતે દર્શાવે છે. કોઈ પણ મહિલા કોઈને કંઈ સાબિત કરવા કે ખુશ કરવા માટે જવાબદાર નથી.' આગળ કંગનાએ લખ્યું છે, 'ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી છે. જેને તેને કોઈ અન્ય રીતે જોવા છે, તે પહેલા પોતે બતાવે કે તેમનામાં શું ખાસ છે. તે અહીં કોઈને ખુશ કરવા નથી આવી. તે શાનદાર છે. જો લોકોને રેડ કાર્પેટ પર વૃદ્ધ મહિલાઓને જોવાની આદત નથી, તો હવે તેની આદત પાડી લો. આભાર.' આ એ જ કંગના છે, જે અવારનવાર જયા બચ્ચન પર નિશાન સાધતી રહે છે. ક્યારેક તેણે જયા બચ્ચનના સંસદ પર આપેલા નિવેદન પર તેને અહંકારી કહ્યા, તો ક્યારેક તેણે કહ્યું હતું કે લોકો જયા બચ્ચનને ફક્ત એટલા માટે સહન કરે છે, કારણ કે તે અમિતાભ બચ્ચનના પત્ની છે. ઐશ્વર્યા આ વર્ષે કાનમાં મોડેથી પહોંચી. તે દર વર્ષે લોરિયલ પેરિસ તરફથી પહોંચે છે. જ્યારે આ વર્ષે તેમના પહેલા આલિયા ભટ્ટ લોરિયલ તરફથી કાન પહોંચી, ત્યારે દરેકનું કહેવું હતું કે તેમણે ઐશ્વર્યાને રિપ્લેસ કરી દીધા છે. જોકે, ક્લોઝિંગ સેરેમની પહેલા ઐશ્વર્યાએ કાનમાં પહોંચીને તમામ દાવાઓને ખોટા સાબિત કરી દીધા. ઐશ્વર્યા સાથે તેમની દીકરી આરાધ્યા પણ કાન ઈવેન્ટનો ભાગ બની. તેણે અમિત અગ્રવાલની ડિઝાઈનર ગાઉનથી રેડ કાર્પેટ પર વોક કરી, ત્યારબાદ તે બ્લશ પિંક ડ્રેસમાં ઈવેન્ટમાં પહોંચી. ઐશ્વર્યા રાયે વર્ષ 2002માં કાનમાં ડેબ્યૂ કર્યું હતું. ત્યારથી તે સતત કાનમાં હાજર રહે છે. ગયા વર્ષે ઐશ્વર્યાએ મનીષ મલ્હોત્રા દ્વારા ડિઝાઈન કરાયેલી સફેદ-ગોલ્ડન સાડી પહેરી હતી. રેડ ડાયમંડ જ્વેલરી અને સિંદૂર સાથે ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેનો ટ્રેડિશનલ લુક ખૂબ ચર્ચામાં રહ્યો હતો. કાનના બીજા લુકમાં ઐશ્વર્યા રાયે ગૌરવ ગુપ્તાના કલેક્શનની બ્લેક સિક્વલ ગાઉન સાથે ટ્રેલ કેરી કરી હતી. ખુલ્લા વાળ અને મિનિમલ જ્વેલરીમાં એક્ટ્રેસ ખૂબ જ ગ્લેમરસ લાગી રહી હતી.

**ઐશ્વર્યા રાયની મજાક કરતાં યુઝર્સને કંગનાની ફટકાર, લોકોને આડેહાથ લીધા**

# રણવીર સિંહ પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રતિબંધ

## ડોન-3 વિવાદમાં ફરહાન અખ્તરની ફરિયાદ બાદ FWICEની જાહેરાત

મુંબઇ

બોલિવૂડમાંથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. હિન્દી સિનેમાની ચર્ચિત ફ્રેન્ચાઈઝી 'ડોન 3'ને લઈને ચાલી રહેલા ગંભીર વિવાદ વચ્ચે ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝ (FWICE) દ્વારા અભિનેતા રણવીર સિંહ પર સત્તાવાર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. ડિરેક્ટર ફરહાન અખ્તર અને પ્રોડ્યુસર રિતેશ સિધવાનીની કંપની 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટ'ની ફરિયાદ બાદ સોમવારે 25મેના રોજ FWICEએ અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને રણવીર સિંહ પર પ્રતિબંધની જાહેરાત કરી છે. રણવીર સિંહ વિરુદ્ધ ફેડરેશનનો આકરો નિર્ણય ફેડરેશને રણવીર સિંહ વિરૂદ્ધ 'નોન-કોઓપરેશન ડાયરેક્ટિવ' (અસહકારનો આદેશ) જાહેર કર્યો છે, જેનો અર્થ એ થાય છે કે હવે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો કોઈ પણ ટેકનિશિયન, કલાકાર કે વર્કર રણવીર સિંહ સાથે આગામી સમયમાં કામ નહીં કરે. અહેવાલો અનુસાર 'ડોન 3' નું શૂટિંગ શરૂ થવાના ગણતરીના દિવસો બાકી હતા અને પ્રિ-પ્રોડક્શન પર કરોડો રૂપિયાનો ખર્ચ થઈ ગયો હતો. બરાબર એ જ સમયે રણવીર સિંહે અચાનક ફિલ્મમાંથી વોકઆઉટ કરી લીધું હતું. રણવીર સિંહ સ્ક્રિપ્ટમાં મોટા ફેરફાર કરવા માંગતો હતો: અહેવાલોમાં દાવો શાહરૂખ ખાનના સ્થાને વર્ષ 2023માં જ્યારે રણવીર સિંહને 'ડોન 3'નો નવો ચેહરો જાહેર કરાયો ત્યારે ફેન્સ ખૂબ ઉત્સાહિત હતા. પરંતુ ડિસેમ્બર 2025માં, આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર' ની સુપર સક્સેસ બાદ રણવીરના તેવર બદલાઈ ગયા હતા. અહેવાલો અનુસાર રણવીર સિંહે મૂળ સ્ક્રિપ્ટ અને વાર્તામાં મોટા ફેરફારો કરવાની માંગ કરી હતી, જે ડાયરેક્ટર ફરહાન અખ્તરને બિલકુલ મંજૂર નહોતી. સિનેમા ઈન્ડસ્ટ્રીમાં ખોટો ટ્રેન્ડ શરૂ થયો: અશોક પંડિત FWICEના ચીફ એડવાઈઝર અશોક પંડિતે આ મામલાને ગંભીર ગણાવતા મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, આ બહુ ગંભીર બાબત છે અને કલાકારોનો આ નવો ટ્રેન્ડ બિલકુલ ખોટો છે. તમે શૂટિંગ શરૂ થવાના માત્ર 10 દિવસ પહેલા કોઈ પ્રોજેક્ટમાંથી પાછા ન હટી શકો.



# સલમાન ખાનનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ કેમ ગાયબ થયું? ભાઈજાને ખુદ કર્યો મોટો ખુલાસો!


## થોડા સમય માટે ઝીરો ફોલોઅર્સ થઈ ગયા હતા; અગાઉ પોસ્ટ કરીને પાપારાઝી પર ગુસ્સો ઠાલવ્યો હતો

મુંબઇ

સોશિયલ મીડિયા પરના જાણીતા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર થોડા દિવસ અગાઉ સલમાન ખાનનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ યુઝર 'નોટ ફાઉન્ડ' જોવા મળતા તેના ચાહકોમાં ચર્ચાઓએ જોર પકડ્યું હતું. બોલીવુડના સ્ટાર સલમાન ખાનને લઈને સોશ્યિલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ ગઈ છે.તેમનું ઓફિશ્યિલ એકાઉન્ટ ઓપન ના થતા ચાહકો નિરાશ થઈ ગયા હતા. પરંતુ બાદમાં થોડા જ સમયમાં તે ફરી એકટિવેટ થઈ ગયું હતું.

સલમાન ખાન દ્વારા તેમનું એકાઉન્ટ બંધ કરવામાં આવ્યું હતું કે નહીં તે હજુ એમણે સ્પષ્ટ કર્યું નથી. તેમના ચાહકો માટે એક વાત મહત્વની રહી હતી કે સલમાનનું એક્સ અને ફેસબુક એકાઉન્ટ એકટિવ છે. લોકોનું કહેવું હતું કે આ કોઈ રમત હતી કે પછી ગ્લિચ એ હજુ સ્પષ્ટ થયું નથી. થોડા દિવસો પહેલા સલમાન ખાન દ્વારા અંગત જીવન તેમ જ સબંધોની ચર્ચા થઈ હતી, પણ બાદમાં તેમણે આ બાબતે ખુલાસો કર્યો હતો અને કહ્યું હતું કે હું એકલો નથી.

મારી સાથે મારા ચાહકો છે, પરિવાર અને મિત્રો પણ છે. તમારા બધાની શુભકામનાઓ મારી સાથે છે તો હું એકલો કેવી રીતે પડી શકું? બસ, મને થોડો મી ટાઈમ જોઈતો હતો. વધુમાં તેણે કહ્યું હતું કે,' આ વખતે તો કોઈ ફોટો વગર જ બ્રેકિંગ ન્યૂઝ બનાવી દીધા, મમ્મી પૂછી રહી છે શું થયું? આરામથી રહે, બધું સારું છે.' સોમવારે થોડા સમય માટે સલમાન ખાનનું સોશિયલ મીડિયા એકાઉન્ટ સંપૂર્ણપણે ગાયબ થઈ ગયું હતું. કેટલાક યુઝર્સને તેમનું પ્રોફાઈલ દેખાઈ રહ્યું હતું, પરંતુ ફોલોઅર્સ અને પોસ્ટની સંખ્યા શૂન્ય થઈ ગઈ હતી. જ્યારે ડેસ્કટોપ વર્ઝન પર 'સોરી, ધીસ પેજ ઈઝ નોટ અવેલેબલ' લખેલું આવી રહ્યું હતું. સલમાન સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે અને પોતાની ફિલ્મો સાથે જોડાયેલા અપડેટ્સ શેર કરે છે. ગયા અઠવાડિયે મંગળવારે સલમાન ખાન હિન્દુજા હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમને જોતા જ પેપરાઝીએ તેમની આગામી ફિલ્મ માતૃભૂમિ બૂમો પાડવાનું શરૂ કરી દીધું. પેપરાઝીના અવાજથી એક્ટર ભડકી ગયો. સલમાન નજીક આવ્યો અને બધાને સંભળાવવા લાગ્યો. તેણે પાપારાઝીને ખૂબ ખરી-ખોટી સંભળાવી અને પછીથી સિરીઝમાં પોસ્ટ શેર કરીને બધાને ચેતવણી આપી હતી. થોડા સમય પછી તેણે સત્તાવાર X એકાઉન્ટ પરથી એક પછી એક 4 પોસ્ટ કરી.







# 'વેલકમ ટુ ધ જંગલ'નું નવું ગીત રિલીઝ, દેશી સ્વેગથી છવાયા અક્ષય કુમાર

મુંબઇ

પહેલેથી જ પોતાની વિશાળ સ્ટારકાસ્ટ અને મોટા કોમિક યુનિવર્સને લઈને જબરદસ્ત ચર્ચામાં રહેલી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'એ હવે પોતાનું નવું ગીત 'ઘિસ ઘિસ ઘિસ' રિલીઝ કરી દીધું છે। આ ગીત બોલિવૂડ અને ભોજપુરી તડકાનું એવું ધમાકેદાર સંગમ છે, જે પ્લેલિસ્ટ, શાદીઓ અને સોશિયલ મીડિયા રીલ્સ પર છવાઈ જવા માટે સંપૂર્ણ તૈયાર છે। આ ગીતની સૌથી ખાસ વાત છે અક્ષય કુમાર અને ભોજપુરી સુપરસ્ટાર અક્ષરા સિંહની જબરદસ્ત જોડિ, જેઓની કેમિસ્ટ્રી અને સ્ક્રીન પ્રેઝન્સ આ ગીતમાં અલગ જ આગ લગાવી દે છે। ભવ્ય સેટ્સ, રંગબેરંગી વિઝ્યુઅલ્સ, ફેસ્ટિવ વાઈબ્સ અને વાયરલ થઈ શકે એવા હૂક સ્ટેપ્સ સાથે 'ઘિસ ઘિસ ઘિસ'ને સંપૂર્ણ રીતે માસ ઓડિયન્સને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે। અક્ષય કુમાર આ ગીતમાં સંપૂર્ણ અલગ અંદાજમાં જોવા મળે છે। પોતાના કૂલ ડાન્સ મૂવ્સ માટે જાણીતા અક્ષય આ વખતે દેશી અને રસ્ટિક અવતારમાં સંપૂર્ણ રીતે છવાઈ ગયા છે। વિક્રમ મોન્ટ્રોઝ દ્વારા કમ્પોઝ કરાયેલું 'ઘિસ ઘિસ ઘિસ' હાઈ એનર્જી, દેશી સ્વેગ અને ફુલ ઓન મસ્તીથી ભરપૂર એન્ટરટેનર છે વિક્રમ મોન્ટ્રોઝ અને સુપ્રિયા પાઠકના જબરદસ્ત અવાજ સાથે, અભિનવ શેખર દ્વારા લખાયેલા શબ્દો આ ગીતમાં 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની એ જ રંગીન, શોરગુલભરી અને મનોરંજક દુનિયાને જીવંત કરે છે, જેને દર્શકો ખૂબ પસંદ કરે છે। ગીત અંગે વાત કરતાં કમ્પોઝર અને સિંગર વિક્રમ મોન્ટ્રોઝે કહ્યું, "'ઘિસ ઘિસ ઘિસ'ને અમે સંપૂર્ણ બેફિકર અને દિલ ખોલીને એન્જોય કરી શકાય એવું ગીત બનાવવું ઈચ્છતા હતા। તેમાં બોલિવૂડની એનર્જી, ભોજપુરી ફ્લેવર અને 'વેલકમ ટુ ધ જંગલ'નું પાગલપણું બધું એકસાથે છે।" ગીતનો હૂક આઈડિયા ઈશ્તેયાક મુસ્તાકનો છે, જ્યારે તેનું મ્યુઝિક પ્રોડક્શન આકાશ યાદવ અને વિક્રમ મોન્ટ્રોઝે કર્યું છે જંગલી મ્યુઝિક દ્વારા રજૂ થયેલું 'ઘિસ ઘિસ ઘિસ' હવે તમામ મુખ્ય ઑડિયો પ્લેટફોર્મ્સ પર સ્ટ્રીમ થઈ રહ્યું છે, જ્યારે તેનો ફુલ મ્યુઝિક વિડિયો ટાઈમ્સ મ્યુઝિકના યૂટ્યુબ ચેનલ પર રિલીઝ કરવામાં આવ્યો છે। ફિલ્મમાં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, દિશા પટાણી, જેકલીન ફર્નાન્ડિઝ, અરશદ વારસી, જેકી શ્રોફ, પરેશ રાવલ, રવિના ટંડન, લારા દત્તા, ફરીદા જલાલ, જોની લિવર, શ્રેયસ તલપડે, તુષાર કપૂર, રાજપાલ યાદવ, કૃષ્ણા અભિષેક, કીકૂ શારદા, દલેર મહેંદી, આફતાબ શિવદાસાની, મુકેશ તિવારી, યશપાલ શર્મા, કિરણ કુમાર, જાકિર હુસૈન, વિંદુ દારા સિંહ, ઉર્વશી રૌતેલા, હેમંત પાંડે, બૃજેન્દ્ર કાલા, ફિરોઝ ખાન (અર્જુન), સ્વર્ગસ્થ પંકજ ધીર, પુનીત ઈસર, સુદેશ બેરી, જીતુ વર્મા, વૃહિ કોડવારા, આદિત્ય સિંહ અને ભાગ્ય ભાનુશાળી જેવા કલાકારો જોવા મળશે.

# વર્લ્ડ સિનેમાના નવા એક્શન કિંગ બન્યા ડૉન લી; કોરિયન 'સલમાન ખાન'ના દીવાના બન્યા ભારતીય યુવાનો

નવી દિલ્હી (વરિષ્ઠ પત્રકાર અતુલ સચદેવા)

સિનેમાની દુનિયામાં જ્યારે પણ મજબૂત કદ-કાઠી અને જોરદાર એક્શનની વાત થાય છે, ત્યારે હવે એક નામ આખી દુનિયામાં ગુંજી રહ્યું છે - ડૉન લી. જેમને મા ડોંગસેઓક તરીકે પણ ઓળખવામાં આવે છે. ડૉન લી આજે માત્ર કોરિયા જ નહીં, પરંતુ વૈશ્વિક સિનેમાના સૌથી મોટા એક્શન સુપરસ્ટાર બની ચૂક્યા છે. રસપ્રદ વાત એ છે કે ભારતના યુવા વર્ગમાં પણ તેમનો જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે. યુટ્યુબ પર તમિલ, તેલુગુ અને હિન્દીમાં ડબ થયેલી તેમની ફિલ્મોને લાખો વ્યુઝ મળી રહ્યા છે. ભારતીય ફેન્સને ડૉન લીની ફાઈટિંગ સ્ટાઈલ અને સ્ક્રીન પ્રેઝન્સમાં બોલિવૂડના સુલતાન સલમાન ખાનની સ્પષ્ટ ઝલક દેખાય છે. બંનેની વન-પંચ ફાઈટ સ્ટાઈલ એકબીજાને ઘણી મળતી આવે છે.

વર્ષ ૧૯ tracking માં જન્મેલા ડૉન લી ૧૯૮૯ માં પોતાના પરિવાર સાથે અમેરિકા જતા રહ્યા હતા. કોલંબિયા સ્ટેટ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પૂરું કર્યા પછી, તેમણે મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA) ફાઈટર્સના ફિઝિકલ ટ્રેનર તરીકે કામ કર્યું હતું. ફિલ્મોમાં તેમની સફર થોડી મોડી શરૂ થઈ હતી. વર્ષ ૨૦૦૫ માં ફિલ્મ 'હેવન્સ સોલ્જર્સ' થી કરિયરની શરૂઆત કર્યા પછી તેમણે ક્યારેય પાછું વળીને જોયું નથી. વર્ષ ૨૦૧૬ માં આવેલી 'ટ્રેન ટુ બુસાન' ફિલ્મે તેમને આંતરરાષ્ટ્રીય સ્તરે રાતોરાત સ્ટાર બનાવી દીધા હતા. ત્યારબાદ ૨૦૧૭ માં આવેલી 'ધ આઉટલોઝ' ફિલ્મે તેમને કોરિયાના નવા એક્શન હીરો તરીકે સ્થાપિત કર્યા. અલોંગ વિથ ધ ગોડ્સ, અનસ્ટોપેબલ અને ધ ગેંગસ્ટર, ધ કોપ, ધ ડેવિલ જેવી સતત હિટ ફિલ્મોના કારણે હવે ફિલ્મ સમીક્ષકો 'ડૉન લી ફિલ્મો' ને પોતાની રીતે એક અલગ જ ઝોનર માનવા લાગ્યા છે.

તેમની લોકપ્રિયતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેઓ માર્વેલ સિનેમેટિક યુનિવર્સની ફિલ્મ 'ઈટર્નલ્સ' માં ગિલ્ગામેશના પાત્રમાં જોવા મળ્યા હતા. તેમની બ્લોકબસ્ટર ફિલ્મ 'ધ રાઉન્ડઅપ' એ કોવિડ મહામારી પછી ૧ કરોડથી વધુ દર્શકોનો આંકડો પાર કરીને નવો ઈતિહાસ રચ્યો હતો, જેણે અંદાજે ૧૩૦ બિલિયન કોરિયન વોનની રેકોર્ડબ્રેક કમાણી કરી હતી. આજે ડૉન લીનું નામ જ બોક્સ ઓફિસ પર સફળતાની સૌથી મોટી ગેરંટી બની ગયું છે. - રિપોર્ટ પાક્કો ગુજરાત.



પાક્કો ગુજરાત
મંગળવાર | 26 મે 2026 | અમદાવાદ

## સ્પોર્ટ્સ

### રોહિત શર્મા માટે આઈપીએલ 2026ની આ સિઝન ઉતાર-ચઢાવ વાળી રહી છે

# IPLના ઈતિહાસમાં રોહિત શર્માના નામે નોંધાયો શરમજનક રેકોર્ડ

નવી દિલ્હી

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી આઈપીએલ 2026ની છેલ્લી લીગ મેચમાં રોહિત શર્મા 4 બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના શૂન્ય રને આઉટ થયો હતો. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે આઈપીએલમાં ચોથી વખત રોહિતને પોતાનો શિકાર બનાવ્યા હતો. આ શૂન્ય સાથે જ રોહિત શર્માના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વખત ઝીરો રને આઉટ થનારા બેટ્સમેનોની યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ સાથે 19 ડક સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. આ મામલે તેણે દિનેશ કાર્તિકને પાછળ છોડી દીધો છે. રોહિત શર્મા માટે આઈપીએલ 2026ની આ સિઝન ઉતાર-ચઢાવ વાળી રહી છે.



તેણે આ સિઝનની શરૂઆત શાનદાર કરી હતી અને કોલકાતા નાઈટ રાઈડર્સ સામે અડધી સદી ફટકારીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, ત્યારબાદ 12 એપ્રિલે વાનખેડે સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચ દરમિયાન તે હેમસ્ટ્રિંગની ઈજાનો ભોગ બન્યો હતો. આ ઈજાના કારણે તેઓ કેટલાક સમય માટે ટીમની બહાર રહ્યો હતો અને વાપસી કર્યા બાદ રમેલી 5 મેચોમાં માત્ર એક જ અડધી સદી ફટકારી શક્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ઈજાના કારણે આ સિઝનમાં કુલ 9 મેચ જ રમી શક્યો હતો. તેમણે 35.38ની એવરેજ અને 157.22ના સ્ટ્રાઈક રેટથી 283 રન બનાવ્યા છે, જેમાં બે અડધી સદી સામેલ છે. એકંદરે આ સિઝનમાં 39 વર્ષીય રોહિત શર્માનું પ્રદર્શન અપેક્ષા મુજબનું રહ્યું નથી.

IPLના ઈતિહાસમાં સૌથી વધુ વખત ડક આઉટ થનારા બેટ્સમેન રોહિત શર્મા - 19 વખત, ગ્લેન મેક્સવેલ - 19 વખત, દિનેશ કાર્તિક - 18 વખત, સુનિલ નરેન - 18 વખત, પીયૂષ ચાવલા - 16 વખત, રાશિદ ખાન - 16 વખત. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ સામે રમાયેલી આઈપીએલ 2026ની છેલ્લી લીગ મેચમાં રોહિત શર્મા 4 બોલ રમીને ખાતું ખોલાવ્યા વિના શૂન્ય રને આઉટ થયો હતો. ફાસ્ટ બોલર જોફ્રા આર્ચરે આઈપીએલમાં ચોથી વખત રોહિતને પોતાનો શિકાર બનાવ્યા હતો. આ શૂન્ય સાથે જ રોહિત શર્માના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. તે આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વખત ઝીરો રને આઉટ થનારા બેટ્સમેનોની યાદીમાં ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેક્સવેલ સાથે 19 ડક સાથે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. આ મામલે તેણે દિનેશ કાર્તિકને પાછળ છોડી દીધો છે.

## IPLના ઈતિહાસમાં સુનિલ નરેનના નામે ગજબનો રેકોર્ડ

મુંબઈ

આઈપીએલ ઈતિહાસમાં અનેક મહાન બેટ્સમેનોએ રેકોર્ડ બનાવ્યા છે, પરંતુ 19 વર્ષની સફરમાં એક એવો અનોખો રેકોર્ડ છે જે માત્ર એક જ ખેલાડીના નામે છે. વેસ્ટ ઈન્ડીઝના દિગ્ગજ ઓલરાઉન્ડર સુનીલ નરેને આઈપીએલમાં ઓપનિંગ કરવાથી લઈને 11 નંબર સુધી, એટલે કે તમામ પોઝિશન પર બેટિંગ કરી છે. સામાન્ય રીતે બોલિંગ માટે જાણીતા નરેનને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ની ટીમે દરેક ક્રમ પર અજમાવ્યો છે. ઓપનિંગમાં દમદાર




બેટિંગ, મિડલ ઓર્ડરમાં નબળું પ્રદર્શન સુનીલ નરેન જ્યારે પણ ટોપ ઓર્ડરમાં બેટિંગ કરવા આવ્યો છે ત્યારે તેણે ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી છે. નરેને 126 ઈનિંગ્સમાં 165.30ના શાનદાર સ્ટ્રાઈક રેટથી કુલ 1820 રન બનાવ્યા છે. તેણે ઓપનિંગ આવીને 177.98ના સ્ટ્રાઈક રેટથી 1342 રન ફટકાર્યા છે, જેમાં 1 સદી અને 6 અર્ધસદી સામેલ છે. તેનો સર્વોચ્ચ સ્કોર 109 રન છે. રસપ્રદ વાત એ છે કે મિડલ ઓર્ડરમાં (નંબર 4, 5 કે 6 પર) નરેનનું પ્રદર્શન નબળું રહ્યું છે અને ત્યાં તેની સરેરાશ 10 રનથી પણ ઓછી છે. સુનીલ નરેન માત્ર આક્રમક બેટર જ નહીં, પરંતુ આઈપીએલના ઈતિહાસમાં સૌથી વધુ વિકેટ લેનારા ટોચના બોલરોમાં ત્રીજા સ્થાને છે. તેણે અત્યાર સુધી કુલ 207 વિકેટ ઝડપી છે અને તે કેકેઆર તરફથી સૌથી વધુ વિકેટ લેનારો બોલર છે. ટી20 ક્રિકેટમાં જ્યાં બેટ્સમેનો રન લૂંટતા હોય છે, ત્યાં નરેનનો ઈકોનોમી રેટ 7ની આસપાસ રહે છે, જે તેની બોલિંગ પરની પકડ દર્શાવે છે. તે આઈપીએલમાં ઘણી વખત મેચમાં 4 કે તેથી વધુ વિકેટ લેવાની સિદ્ધિ પણ મેળવી ચૂક્યો છે.

### ક્રિકેટ જગતને ઝટકો

## મેચ રમતી વખતે હાર્ટ એટેક આવતાં પૂર્વ રણજી પ્લેયર અક્ષયનું 39 વર્ષની વયે નિધન

મુંબઈ

ભારતીય સ્થાનિક (ડોમેસ્ટિક) ક્રિકેટ જગતમાંથી એક અત્યંત આઘાતજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કર્ણાટકના પૂર્વ ફાસ્ટ બોલર એસ.એલ. અક્ષયનું (SL Akshay) રવિવારે એક ક્લબ મેચ રમવા દરમિયાન હાર્ટ એટેક આવવાને કારણે અવસાન થયું છે. તે માત્ર 39 વર્ષનો હતો. અક્ષય બેંગલુરુમાં કેએસસીએ (KSCA) થર્ડ ડિવિઝન લીગ મેચમાં સેફાયર સીસી (Sapphire CC) ટીમ તરફથી રમી રહ્યો હતો જે દરમિયાન આ ગંભીર ઘટના ઘટી હતી. ચાર ઓવર બોલિંગ કર્યા બાદ છાતીમાં દુખાવો ઉપડ્યો મળતી માહિતી મુજબ, મેચ દરમિયાન એસ.એલ. અક્ષયે પોતાની ટીમ માટે 4 ઓવર બોલિંગ કરી હતી. પરંતુ ત્યાર બાદ અચાનક જ



તેને અસ્વસ્થતા અને છાતીમાં તીવ્ર દુખાવો મહેસૂસ થયો હતો. તબિયત બગડતાં તે તરત જ મેદાનની બહાર જતો રહ્યો હતો. સ્થિતિ ગંભીર જણાતાં તેને વિલંબ કર્યા વિના નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડોક્ટરોની તમામ કોશિશ છતાં તેનો જીવ બચાવી શકાયો નહોતો. એસ.એલ. અક્ષય કર્ણાટકની એ મજબૂત ટીમનો ભાગ રહ્યો હતો જેણે 2014-15ની સીઝનમાં પ્રતિષ્ઠિત રણજી ટ્રોફીનો ખિતાબ જીત્યો હતો. ઘરેલું ક્રિકેટમાં તેમણે પોતાની ધારદાર ફાસ્ટ બોલિંગથી એક અલગ ઓળખ બનાવી હતી. 2011થી 2013 દરમિયાન તેણે કર્ણાટક માટે 6 ફર્સ્ટ ક્લાસ, 3 લિસ્ટ-એ અને 9 ટી20 મુકાબલા રમ્યા હતા. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેણે 18 વિકેટ ઝડપી હતી. ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા બાદ પણ તેઓ કોચિંગ ક્ષેત્રે સક્રિય હતા.

## કોહલી સાથે માથાકૂટ બાદ ટ્રેવિસ હેડના પરિવારને અપશબ્દો બોલાયા

### ટ્રેવિસ હેડની પત્ની જેસિકાનું દર્દ છલકાયુ

મુંબઈ

IPL 2026માં 22 મેના શુક્રવારે સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે એક હાઈવોલ્ટેજ મેચ રમાઈ હતી. આ રોમાંચક મુકાબલામાં માત્ર ચોગ્ગા-છગ્ગાનો જ વરસાદ નહોતો થયો, પરંતુ મેદાન પર ભારે તણાવ પણ જોવા મળ્યો હતો. મેચ દરમિયાન વિરાટ કોહલી અને ઓસ્ટ્રેલિયન બેટ્સમેન ટ્રેવિસ હેડ વચ્ચે તીખી નોકઝોક થઈ હતી. જેની આડઅસર હવે સોશિયલ મીડિયા પર દેખાઈ રહી છે, જ્યાં ટ્રેવિસ હેડની પત્ની જેસિકા હેડને વિરાટ કોહલીના ફેન્સની અભદ્ર ટ્રોલિંગનો સામનો કરવો પડી રહ્યો છે. આ મેચમાં RCBની ટીમ 256 રનના વિશાળ ટાર્ગેટનો પીછો કરી રહી હતી અને વિરાટ કોહલી બેટિંગ કરી રહ્યો હતો. આ દરમિયાન હૈદરાબાદના ફિલ્ડર ટ્રેવિસ હેડે કોહલીને વધુ આક્રમક



બેટિંગ કરવા માટે કહ્યું હતું. હેડની આ વાત પર વળતો જવાબ આપતા કોહલીએ તેને પડકાર ફેંક્યો કે, જો એટલો જ દમ હોય તો તે પોતે આવીને બોલિંગ કરી બતાવે. જોકે, આ ઘટનાના થોડા જ સમય બાદ વિરાટ કોહલી આઉટ થઈ ગયો હતો. કોહલી આઉટ થતાં જ ટ્રેવિસ હેડે તેની તરફ જોઈને કંઈક ટિપ્પણી કરી હતી, જેના કારણે કોહલી ભારે નારાજ થઈ ગયો હતો. આ હાઈસ્કોરિંગ મેચ સનરાઈઝર્સ હૈદરાબાદે 55 રનથી જીતી લીધી હતી, પરંતુ RCBની ટીમ માટે રાહતના સમાચાર એ રહ્યા કે તેઓ પૉઈન્ટ્સ ટેબલમાં ટોપ પર ફિનિશ કરવામાં સફળ રહ્યા હતા. મેચ બાદ હેડ સાથે હાથ મિલાવ્યા વગર જ આગળ વધી ગયો વિરાટ! મેચ પૂરી થયા બાદ ખેલાડીઓ જ્યારે પરસ્પર હાથ મિલાવી રહ્યા હતા ત્યારે થયો હતો. પોસ્ટ-મેચ હેન્ડશેક દરમિયાન ટ્રેવિસ હેડે વિરાટ કોહલી તરફ હાથ લંબાવ્યો હતો, પરંતુ ગુસ્સામાં રહેલા કોહલીએ હેડને સંપૂર્ણપણે ઈગ્નોર કરીને આગળ વધી ગયો હતો. કોહલીના આ વર્તનનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થયો છે અને ફેન્સ વચ્ચે વચ્ચે જોરદાર દલીલો શરૂ થઈ ગઈ છે. જોકે, આ સમગ્ર વિવાદને લઈને હજુ સુધી વિરાટ કોહલી કે ટ્રેવિસ હેડ તરફથી સત્તાવાર રીતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. આ વિવાદ બાદ ટ્રેવિસ હેડની પત્ની જેસિકા હેડે ટ્રોલર્સ સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. જેસિકાએ જણાવ્યું કે, 'આ બિલકુલ 2023ના વર્લ્ડ કપ ફાઈનલ જેવું જ લાગી રહ્યું છે. અમે બરાબર છીએ, પરંતુ લોકો અમારા મિત્રો અને પરિવારને નિશાન બનાવી રહ્યા છે. રમતમાં ઝનૂન હોવું સારી બાબત છે, પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે ખેલાડીઓની પાછળ પણ તેમનો પરિવાર અને માણસો હોય છે.

## બિઝનેસ

### નાણા મંત્રીએ કહ્યું- દેશના વિકાસ પર નકારાત્મક માહોલ બનાવવો ખોટો છે

# પેટ્રોલ-ડીઝલ ડ્યુટી ઘટાડાથી સરકારને ₹1 લાખ કરોડનું નુકસાન

મુંબઈ

નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે (25 મે) જણાવ્યું કે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યુટી (ઉત્પાદન શુલ્ક) ઘટાડવાથી સરકારને 1 લાખ કરોડનું નુકસાન થશે. આ સાથે તેમણે ભારતના આર્થિક વિકાસને લઈને સર્જાઈ રહેલા નિરાશાજનક માહોલને નકારી કાઢ્યો અને દેશની આર્થિક સ્થિતિનો બચાવ કર્યો. નાણા મંત્રીએ આ વાત મુંબઈમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI)ના 37મા સ્થાપના દિવસ સમારોહમાં કહી હતી. તેલ કંપનીઓએ 10 દિવસમાં ચોથી વાર ભાવ વધાર્યા. દેશમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) એ સોમવારે છેલ્લા 10 દિવસમાં ચોથી વખત ઈંધણના દરોમાં વધારો કર્યો છે. 15 મેના રોજ



પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. ત્યારથી લઈને આજના ચોથી વખત વધારા સુધી, પેટ્રોલ અને ડીઝલ બંનેની કિંમત લગભગ 7.5 પ્રતિ લિટર સુધી વધી ગઈ છે. સરકાર દ્વારા એક્સાઈઝ ડ્યુટીમાં કરવામાં આવેલી ઘટાડાથી દેશભરના ગ્રાહકોને પેટ્રોલ અને ડીઝલના પંપ પર ઓછી કિંમતો ચૂકવવી પડી રહી છે. આ પગલું એવા સમયે પરિવારો અને વ્યવસાયોને સીધી રાહત આપે છે, જ્યારે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે વૈશ્વિક ઉર્જા બજાર ભારે દબાણ હેઠળ છે. ભારતના પડકારો મુખ્યત્વે બાહ્ય છે નાણા મંત્રી સીતારમણે કહ્યું કે ભારતીય અર્થતંત્ર પર જે પણ દબાણ દેખાઈ રહ્યું છે, તેના માટે ભારતની પોતાની નીતિઓ નહીં પરંતુ દેશની સીમાઓ બહારના મુખ્ય કારણો જવાબદાર છે. તેમણે કહ્યું કે ભારત દુનિયાની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંનો એક બની રહ્યો છે. ઘણા હાઈ-ફ્રીક્વન્સી ઈન્ડિકેટર્સ એ સાબિત કરે છે કે દેશમાં ઔદ્યોગિક માંગ અને આર્થિક ગતિ સતત મજબૂત બની રહી છે. નાણા મંત્રીએ કહ્યું કે આપણી સામેના પડકારો આંતરિક કરતાં વધુ બાહ્ય છે. આપણને સોનું, ઈંધણ અને ફર્ટિલાઈઝર (ખાતર)ની આયાત માટે વિદેશી મુદ્રાની જરૂર પડે છે.

### કાર્યક્ષમતા વધારવા અને સ્વચ્છ ઇંધણના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય નિર્ણય

## હવે પેટ્રોલ પંપ પર નહીં થાય મોટો ખેલ : સરકારે CNG-LNGના નિયમ અંગે લીધો કડક નિર્ણય

મુંબઈ

કાર્યક્ષમતા વધારવા અને સ્વચ્છ ઈંધણના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્ર સરકારે રવિવારે(24 મે) 'કાનૂની મેટ્રોલોજી (સરકાર દ્વારા માન્ય પરીક્ષણ કેન્દ્ર) નિયમો, 2013' માં સુધારો કર્યો છે. આ સુધારાનો ઉદ્દેશ્ય વજન અને માપની ચકાસણી માટે દેશના માળખાગત સુવિધાને વિસ્તૃત કરવા ઉપરાંત, ભારતના કાનૂની મેટ્રોલોજી ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવાનો છે. આ સુધારાની મુખ્ય વિશેષતા એ છે કે, વધારાની ઈંધણ વિતરણ પ્રણાલીઓની ચકાસણી અને પુનઃચકાસણીનો સમાવેશ કરવા માટે સરકાર દ્વારા માન્ય પરીક્ષણ કેન્દ્રો(GATCs)ના કાર્યક્ષેત્રનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. પેટ્રોલ પંપ પર ફ્યૂલ ઓછું આપવા સહિતના અનેક કૌભાંડની ઘટનાઓ સામે આવતી હોય છે. જેને લઈને સરકારે કાનૂની મેટ્રોલોજી નિયમ-2013માં કેટલાક ફેરફાર કર્યા



છે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, હવે વેરિફિકેશન સર્વિસિઝ ઉપલબ્ધ કરવામાં આવશે. આ ફેરફારથી ફ્યૂલ માપતોલમાં કોઈ ગડબડ ન થાય અને સિસ્ટમ મજબૂત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેમાં સરકારે પેટ્રોલ ડીઝલ ઉપરાંત CNG, LNG અને હાઈડ્રોઝનના જથ્થાની તપાસ હાઈ-ટેક સરકારી સેન્ટર્સ પર કરવાનો નિર્ણય કરાયો છે. આ સુધારા હેઠળ રાજ્ય સરકારોને તેમના સંબંધિત નિયમો અનુસાર, GATC દ્વારા ચકાસણી માટે વજન અને માપની વધારાની શ્રેણીઓ સૂચિત કરવાની સત્તા આપવામાં આવી છે. પેટ્રોલ અને ડીઝલ ડિસ્પેન્સર્સની ચકાસણી માટે ફી પ્રતિ નોઝલ 5,000 નક્કી કરવામાં આવી છે, જ્યારે CNG, LPG, LNG અને હાઈડ્રોજન ડિસ્પેન્સર્સ માટે આ ફી પ્રતિ નોઝલ 10,000 નક્કી કરવામાં આવી છે. સુધારેલા નિયમો હેઠળ, GATC દ્વારા ચકાસાયેલ ઉપકરણોની યાદીમાં ડિસ્પેન્સર્સ સિસ્ટમમાં પાંચ કેટેગરીઓ ઉમેરવામાં આવી છે. આમાં પેટ્રોલ/ડીઝલ ડિસ્પેન્સર્સ, CNG ડિસ્પેન્સર્સ, LPG ડિસ્પેન્સર્સ, LNG ડિસ્પેન્સર્સ અને હાઈડ્રોજન ડિસ્પેન્સર્સનો સમાવેશ થાય છે.

### સોનાનો વાયદો રૂ.709 અને ચાંદીનો વાયદો રૂ.4876 તેજ

# એમસીએક્સ પર ક્રૂડ તેલના વાયદામાં રૂ.479નો કડાકો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.24785.38 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.217156.58 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 16161.30 કરોડનાં કામકાજ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.241941.95 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.24785.38 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.217156.58 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.2235.79 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 16161.30 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.159150ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159500 અને નીચામાં રૂ.158919ના સ્તરને સ્પર્શી, રૂ.158679ના આગલા બંધ સામે રૂ.709 વધી રૂ.159388ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.473 વધી રૂ.127676 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.53 વધી રૂ.15969ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.817 વધી રૂ.158950 થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.159043ના



ભાવે ખૂલી, ઉપરમાં રૂ.159280 અને નીચામાં રૂ.158420ના મથાળે અથડાઈ, રૂ.158235ના આગલા બંધ સામે રૂ.623 વધી રૂ.158858ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.276683ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.277245 અને નીચામાં રૂ.275215ના મથાળે અથડાઈ, રૂ.271846ના આગલા બંધ સામે રૂ.4876 વધી રૂ.276722ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.4546 વધી રૂ.280547ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.4525 વધી રૂ.280564ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 3030.20 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.4.2 વધી રૂ.1348.9ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત મે વાયદો રૂ.3.75 વધી રૂ.373.7ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો 55 પૈસા વધી રૂ.386.5ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 40 પૈસા વધી રૂ.203.15 થયો હતો.

## સેન્સેક્સ 1074 પોઈન્ટ વધીને 76,488 પર બંધ

- **નિફ્ટીમાં પણ 312 પોઈન્ટનો ઉછાળો, 24,032 પર પહોંચ્યો, ઓટો અને બેન્કિંગ શેરોમાં ખરીદી**

મુંબઈ

સેન્સેક્સ આજે 25 મેના રોજ 1074 પોઈન્ટ (1.42%)ના ઉછાળા સાથે 76,500 પોઈન્ટ પર બંધ થયો. નિફ્ટીમાં પણ 312 પોઈન્ટ (1.32%)નો ઉછાળો રહ્યો, તે 24,032ના સ્તરે બંધ થયો. આજના કારોબારમાં ઓટો, બેન્કિંગ અને રિયલ્ટી શેર્સમાં વધુ ખરીદી જોવા મળી.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં દાવો કર્યો હતો કે ઈરાન યુદ્ધ સમાપ્ત કરવાનો કરાર 'લગભગ ફાઈનલ' થઈ ચૂક્યો છે. બંને દેશો વચ્ચે હજુ અંતિમ વિગતો પર કામ ચાલી રહ્યું છે. ખાડી દેશોના નેતાઓ અને ઈઝરાયલી વડાપ્રધાન સાથે વાતચીત બાદ આ કરાર ફાઈનલ થઈ રહ્યો છે. ટ્રમ્પે કહ્યું કે કરાર હેઠળ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવામાં આવશે. આ તે જ દરિયાઈ માર્ગ છે જ્યાંથી વિશ્વની કુલ તેલ સપ્લાયનો લગભગ પાંચમો ભાગ પસાર થાય છે. આ સમાચાર આવ્યા પછી આજે વહેલી સવારે જ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો. તેલ કંપનીઓએ આજે 25 મેના રોજ પેટ્રોલ 2.61 પ્રતિ લિટર અને ડીઝલ 2.71 પ્રતિ લિટર મોંઘું કર્યું છે. આ વધારા પછી દિલ્હીમાં હવે એક લિટર પેટ્રોલની કિંમત 102.12 અને ડીઝલની કિંમત 95.20 થઈ ગઈ છે સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે. અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે. રેઝિસ્ટન્સ એટલે કે, તે સ્તર જ્યાં શેર કે ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આવું વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે.

# વિશ્વમાં ઈબોલા વાઈરસના ખતરાને જોતાં અમદાવાદ એરપોર્ટે જાહેર કરી એડવાઈઝરી






અમદાવાદ

વિશ્વમાં ઈબોલા વાઈરસ (Ebola Disease)ના વધતા સંકટ અને પબ્લિક હેલ્થ ઈમરજન્સી (PHEIC)ની સ્થિતિને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટના વહીવટી તંત્ર દ્વારા તમામ એરલાઈન્સ અને સંબંધિત અધિકારીઓ માટે આદેશ જાહેર કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય હિત અને જનઆરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ દ્વારા ભારતમાં આવતા તમામ પ્રવાસીઓ માટે કેટલાક નિયમોનું કડક પાલન કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે.

એરપોર્ટ પર ઈબોલા વાઈરસના સંક્રમણને રોકવા અને તકેદારીના ભાગરૂપે નીચે મુજબના મહત્વના પગલાં તાત્કાલિક અસરથી લાગુ કરવાના રહેશે.

ઈબોલા એ ઓર્થોઈબોલા વાઈરસ પરિવારનો એક અત્યંત ઘાતક અને જીવલેણ ઝૂનોટિક (પ્રાણીઓમાંથી માણસોમાં ફેલાતો) ચેપ છે. શરૂઆતના તબક્કામાં તેના લક્ષણો સામાન્ય ફ્લૂ જેવા જ હોય છે, જેમાં દર્દીને તીવ્ર તાવ આવવો, શરીરમાં નબળાઈ અને થાક લાગવો, માથાનો દુખાવો, ગળામાં ખરાશ તેમજ સ્નાયુઓ અને સાંધામાં અસહ્ય દુખાવો થવો સામેલ છે. સ્થિતિ વધુ બગડે ત્યારે દર્દીને ઉલટી અને ઝાડાની સમસ્યા થાય છે. આ બીમારીનું સૌથી મુખ્ય અને વિશિષ્ટ લક્ષણ એ છે કે તેમાં કોઈ પણ દેખીતા કારણ વગર દર્દીના શરીરના આંતરિક અને બાહ્ય અંગોમાંથી લોહી વહેવા લાગે છે.

ઈબોલા વાઈરસ હવામાંથી ફેલાતો નથી, પરંતુ તે સંક્રમિત વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી ખૂબ જ ઝડપથી ફેલાય છે, સંક્રમિત દર્દીના લોહી, લાળ, પરસેવો, આંસુ, ઉલટી, મળ અથવા માતાના દૂધના સીધા સંપર્કમાં આવવાથી આ ચેપ લાગે છે. વાઈરસથી દૂષિત થયેલા કપડાં, પથારી, ધાબળા કે અન્ય કોઈ સપાટીને અડવાથી પણ સંક્રમણ ફેલાઈ શકે છે. ઈબોલાના કારણે મૃત્યુ પામેલી વ્યક્તિના શવના સીધા સંપર્કમાં આવવાથી પણ આ વાઈરસ અન્ય લોકોમાં ઝડપથી ટ્રાન્સફર થાય છે.

### » તમામ મુસાફરો માટે SDF ફોર્મ ફરજિયાત

એરલાઈન્સે દરેક રૂટના તમામ આંતરરાષ્ટ્રીય મુસાફરો પાસે 'સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ' (SDF) ફરજિયાત પણે ભરાવવાનું રહેશે. આ પ્રક્રિયાનો હેતુ દેશમાં સંક્રમણના સંભવિત જોખમને રોકવાનો છે.

### » ફ્લાઈટ લેન્ડ થાય તે પહેલાં જાહેરાત કરવી પડશે

એરપોર્ટ પર ભીડ ઓછી કરવા અને ઈબોલા વાઈરસના ફેલાવાના જોખમને ઘટાડવા માટે, ફ્લાઈટના આગમન પહેલાં જ પ્લેનની અંદર સ્વાસ્થ્યના નિયમો અને SDF ફોર્મ ભરવા અંગેની તમામ સત્તાવાર જાહેરાતો પૂર્ણ કરી લેવાની રહેશે.

### » 24 કલાક હેલ્થ વર્કર્સ તૈનાત રહેશે

એરપોર્ટના અરાઈવલ (આગમન) એરિયામાં ફ્રન્ટલાઈન હેલ્થ વર્કર્સ 24 કલાક (24x7) ફરજ પર તૈનાત રહેશે. કોઈ પણ પ્રકારના ગેરવહીવટના કારણે મુસાફરો કે હેલ્થ વર્કર્સ પર સંક્રમણનું જોખમ ન ઊભું થાય તે માટે ચેપ નિયંત્રણના નિયમો અને એસઓપી (SOP) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

### » 'એર સુવિધા' પોર્ટલ ફરી શરૂ થઈ શકે છે

આ સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ બનાવવા માટે, નાગરિક ઉડ્ડયન મંત્રાલય (MoCA) દ્વારા આગામી સમયમાં 'એર સુવિધા' (Air Suvidha) પોર્ટલ ફરીથી કાર્યરત કરવામાં આવી શકે છે. જ્યાં સુધી આ ડિજિટલ પોર્ટલ શરૂ ન થાય, ત્યાં સુધી તમામ મુસાફરોએ નિયમ મુજબ મેન્યુઅલી ફોર્મ ભરવાની પ્રક્રિયા સખત રીતે ચાલુ રાખવાની રહેશે.

### » અન્ય એરલાઇન્સ માટે નિયમો

જે એરલાઈન્સ DGCAના એનેક્સર-1 હેઠળ નથી આવતી, તેમણે પણ મુસાફરોના ટ્રેસિંગ (મેડિકલ તપાસ/નજર) માટે ફ્લાઈટના આગમન પહેલાં SDF ફોર્મ એકત્રિત કરવા પડશે.

ખાસ કરીને કેટેગરી-1, કેટેગરી-2, અથવા કેટેગરી-3ના મુસાફરો તેમજ ઈબોલાનું જોખમ ધરાવતા મુસાફરો માટે આ ફોર્મ ફરજિયાત રહેશે. આ પત્ર દ્વારા એરપોર્ટ ઓથોરિટી અને તમામ સબંધીત એરલાઈન્સ કંપનીઓને તાકીદ કરવામાં આવી છે કે જનઆરોગ્યની સુરક્ષાના આ મહત્વપૂર્ણ સમયગાળામાં કોઈપણ ક્ષતિ વિના તમામ નિયમોનું પાલન સુનિશ્ચિત કરવામાં આવે.

**પીઆઈની વિકેટ પાડવાનું ષડયંત્ર?**

## માધુપુરા પોલીસ સ્ટેશનમાં 'પનોતી' વહીવટદારની એન્ટ્રીથી કકળાટ...!

DGP અને ગૃહમંત્રી સુધી પહોંચ્યા સળગતા સવાલો




અમદાવાદ

અમદાવાદના કાયદો અને વ્યવસ્થાના નકશા પર માધુપુરા પોલીસ સ્ટેશન ફરી એકવાર વિવાદોના વંટોળમાં સપડાયું છે. અંદરખાનેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, માધુપુરા વિસ્તારમાં એક એવા વિવાદિત વહીવટદારના પગલાં પડ્યા છે, જેને ખાખી આલમમાં 'પીઆઈની વિકેટ પાડનારી પનોતી' તરીકે ઓળખવામાં આવે છે. આ વહીવટદાર એટલે બીજું કોઈ નહીં, પણ વિવાદાસ્પદ સુરેશ ચૌધરી (ઉર્ફે સૂરો)! ઈતિહાસ સાક્ષી છે કે આ 'સૂરા'એ જે જે પોલીસ ઈન્સ્પેક્ટર (PI)નો વહીવટ સંભાળ્યો છે, તે તમામ PI બે મહિનામાં ઘરભેગા થઈ ગયા છે. હવે સવાલ એ ઉઠે છે કે, શું માધુપુરાના સીધા અને સજ્જન પીઆઈ પણ આ પૈસાભૂખ્યા વહીવટદારનો ભોગ બનશે?

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરેશ ચૌધરીની સત્તાવાર નોકરી 'K કંપની'માં હોવા છતાં, તે કેદી જાપ્તા કે બંદોબસ્તમાં જવાને બદલે આખો દિવસ એસી કારમાં ફરીને માધુપુરાનો કાળો વહીવટ ચલાવી રહ્યો છે. જો આ વહીવટદારની કોલ ડિટેઈલ્સ (CDR) કઢાવવામાં આવે, તો નામચીન બુટલેગરો સાથેની તેની મિલીભગત અને આર્થિક સાંઠગાંઠના એવા પુરાવા મળશે કે ગાંધીનગર સુધી ભૂકંપ આવી જશે! ગૃહમંત્રીશ્રી અને DGP સાહેબને જનતા પૂછી રહી છે કે, આવા ભ્રષ્ટ તત્વોને જિલ્લા બહાર કેમ બદલી કરવામાં આવતા નથી? કોના આશીર્વાદ છે આ 'સૂરા' પર?

વહીવટદારનો ખાસ માણસ અને અડ્ડાઓ પરથી ઉઘરાણું કરવામાં 'જાદુગર' ગણાતો વેલજી દુધેશ્વર ચોકી પર અડ્ડો જમાવીને બેઠો છે. વેલજી ઉપલા અધિકારીઓને પણ અંધારામાં રાખવામાં માહિર છે. તે દાવો કરે છે કે વિસ્તારમાં માત્ર ત્રણ જ અડ્ડા ચાલુ છે, પરંતુ 'પાક્કો ગુજરાત' પાસે રહેલી યાદી કંઈક અલગ જ સત્ય બયાન કરે છે:

'શું પોલીસ કમિશનર સાહેબ, સેક્ટર-૧ સાહેબ, DCP ઝોન-૨ અને ACP એલ-ડિવિઝન આ સમગ્ર મામલે કડક આકરા પગલાં ભરીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરશે? શું માધુપુરા પોલીસ સ્ટેશનને આ 'લૂખા તત્વો'ની પકડમાંથી મુક્ત કરાશે?'

## સાવધાન અમદાવાદ! તમે જે ખાઓ-પીઓ છો એ અસલી છે કે નકલી...?

ચાંદલોડિયામાંથી પકડાયું નકલી બ્રાન્ડેડ વસ્તુઓનું મોટું ગોડાઉન: 15 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત




અમદાવાદ

નકલી... નકલી અને નકલી! આજે તમે સવારે જે ચા પીધી, જે ઘી ખાધું કે જે સાબુથી કપડાં ધોયા, શું એ અસલી હતા? આ સવાલ એટલા માટે પૂછવો પડે છે કારણ કે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક એવો પર્દાફાશ કર્યો છે જે જાણીને તમારા હોશ ઊડી જશે. તમારા રસોડાથી લઈને પર્સ સુધી પહોંચી ગયેલી જાણીતી બ્રાન્ડ્સ પાછળ નકલી માફિયાઓનું મોટું નેટવર્ક કામ કરી રહ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે શહેરના ચાંદલોડીયા વિસ્તારમાંથી ડુપ્લિકેટ બ્રાન્ડેડ વસ્તુઓનું આખેઆખું ગોડાઉન ઝડપી પાડ્યું છે. રૂ. ૧૫ લાખનો મુદ્દામાલ અને ટોપ બ્રાન્ડ્સ નિશાના પર પોલીસના દરોડા દરમિયાન ગોડાઉનમાંથી દેશની નામાંકિત બ્રાન્ડ્સના નામે વેચાતી નકલી વસ્તુઓનો અંદાજે ૧૫ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ મળી આવ્યો છે. ગ્રાહકો જે બ્રાન્ડ્સ પર આખું બંધ કરીને વિશ્વાસ કરે છે, તે તમામ વસ્તુઓ અહીં ડુપ્લિકેટ બનાવવામાં કે પેક કરવામાં આવતી હતી. અમુલ ઘી, સાગર ઘી અને એવરેસ્ટ મસાલા. રોજિંદી વસ્તુઓ: સર્ફ એક્સેલ પાવડર અને ફેવિકવિક. અન્ય પ્રોડક્ટ્સ: પ્રખ્યાત બ્રાન્ડની સિગારેટ અને પાન મસાલા. કનેક્શન રાજસ્થાનનું, વેચાણ ગુજરાતમાં! આ કાળા કારોબારના તાર છેક પાડોશી રાજ્ય રાજસ્થાન સુધી જોડાયેલા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ તમામ નકલી અને જોખમી વસ્તુઓ રાજસ્થાનમાં તૈયાર કરવામાં આવતી હતી, અને ત્યાંથી અમદાવાદ લાવીને હોલસેલ ભાવે બજારમાં અસલી તરીકે પધરાવી દેવાતી હતી. ધરપકડ કરાયેલા આરોપીઓના નામ: ૧. અરુણ ગુપ્તા, ૨. સચિન ગુપ્તા, ૩. સુજીત પોદ્દાર

પાક્કો ગુજરાતની જનતાને અપીલ: ખરીદતા પહેલા આટલું ચેક કરો : આ ભેળસેળિયાઓ માત્ર પૈસાની લૂંટ નથી ચલાવી રહ્યા, પણ લોકોના સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં કરી રહ્યા છે.

## ગુજરાત બોર્ડ અને પ્રાથમિક શિક્ષણ નિયામકની કડક નોટિસ, માન્યતા રદ થવાના એંધાણ!

અમદાવાદ

નિયમોનું ઉલ્લંઘન કરનારી શૈક્ષણિક સંસ્થાઓ સામે ગુજરાત શિક્ષણ વિભાગે હવે લાલ આંખ કરી છે. અમદાવાદની જાણીતી 'સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલ' (Seventh-day Adventist School) વિરુદ્ધ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સંયુક્ત રીતે કડક નોટિસ ફટકારવામાં આવી છે. હાઈકોર્ટ (HC) તરફથી વચગાળાની રાહત મળ્યા બાદ પણ સ્કૂલ મેનેજમેન્ટની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. તંત્રે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નિયત સમયમર્યાદામાં જરૂરી પુરાવા રજૂ કરવામાં નહીં આવે, તો સ્કૂલની માન્યતા કાયમી ધોરણે રદ કરવા સુધીની આકરા પગલાં લેવાશે. મળતી વિગતો અનુસાર, સેવન્થ ડે સ્કૂલ સામે સરકારી નિયમો, ફી માળખું અથવા વહીવટી અનિયમિતતાઓને લઈને લાંબા સમયથી તપાસ ચાલી રહી હતી. આ મામલો ગુજરાત હાઈકોર્ટ સુધી પણ પહોંચ્યો હતો, જ્યાંથી સ્કૂલને કાનૂની પ્રક્રિયા હેઠળ થોડી રાહત મળી હતી. જો કે, કોર્ટની આ રાહત બાદ હવે શિક્ષણ વિભાગે સ્કૂલને પોતાની બાજુ સાબિત કરવા માટે આખરી તક (અંતિમ નોટિસ) આપી છે. શિક્ષણ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સ્કૂલ મેનેજમેન્ટે બોર્ડના ધારાધોરણોનું પાલન કર્યું છે કે નહીં તે અંગેના સચોટ દસ્તાવેજો અને પુરાવા રજૂ કરવા પડશે.

## છાસવાલાનું નવું નજરાણું : ગ્રાહકને પીરસાયો સ્પેશ્યલ 'કોક્રોચ' મિલ્ક શેક!

અમદાવાદના પોલિટેકનિક ચાર રસ્તા પાસે આવેલી બ્રાન્ડેડ આઉટલેટની ઘોર બેદરકારી




અમદાવાદ

દેશ-દુનિયામાં ભલે 'કોક્રોચ જનતા પાર્ટી'નો તહેલકો મચ્યો હોય, પણ અમદાવાદના ફેમસ દેશી બ્રાન્ડ 'છાસવાલા'એ આ વાતને કંઈક વધારે જ સિરિયસલી લઈ લીધી લાગે છે! કાળઝાળ ગરમીના મોસમમાં ઠંડક મેળવવા માટે બ્રાન્ડેડ આઉટલેટનો સહારો લેતા ગ્રાહકો માટે હવે આંખો ફાટી જાય તેવા કિસ્સા સામે આવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદના પોલિટેકનિક ચાર રસ્તા પર આવેલા 'છાસવાલા'ના સ્ટોરમાંથી સામે આવ્યો છે.

અહીં એક ગ્રાહકે હોશે-હોશે ઠંડક મેળવવા માટે પ્રીમિયમ 'કાજુ અંજીર મિલ્ક શેક'નો ઓર્ડર આપ્યો હતો.

ગ્રાહક હજુ મિલ્ક શેકની ચુસ્કી લેવાની તૈયારી જ કરતો હતો ત્યાં ગ્લાસની અંદરથી કાજુ-અંજીરના બદલે આખેઆખો 'વંદો' (Cockroach) તરતો જોવા મળ્યો હતો! બ્રાન્ડેડ અને મોંઘા દાટ મિલ્ક શેકમાંથી વંદો નીકળતા જ ગ્રાહકે પોતાનો પિત્તો ગુમાવ્યો હતો અને સ્ટોરના સત્તાવાળાઓ સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

આરોગ્ય સાથે ચેડાં ક્યાં સુધી?

નામાંકિત બ્રાન્ડના નામે મસમોટી રકમ વસૂલતા 'છાસવાલા'ના આઉટલેટમાં હાઈજીનની આવી ધજાગરા ઉડતી સ્થિતિ જોઈને ગ્રાહકોમાં ભારે આક્રોશ છે. ગરમીમાં રાહત મેળવવા ગયેલા ગ્રાહકને આવું 'સ્પેશ્યલ નજરાણું' મળશે તેવી કલ્પના પણ નહીં હોય. હવે જોવાનું એ રહેશે કે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આ આઉટલેટ સામે કેવા કડક પગલાં ભરે છે!

## પ્રજાપતિ સમાજના 85થી વધુ વિધાર્થીઓને નોટબુક અને ચોપડાનું વિતરણ: શિક્ષણ ક્ષેત્રે સરાહનીય કાર્ય




અમદાવાદ

સમગ્ર પ્રજાપતિ યુવા શક્તિ સંગઠન દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એક સરાહનીય અને પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ગયા વર્ષની સફળતાને જાળવી રાખતા, આ વર્ષે પણ સંગઠન દ્વારા ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા પ્રજાપતિ સમાજના આશરે ૮૫ થી ૯૦ જેટલા જરૂરિયાતમંદ બાળકોને વિનામૂલ્યે નોટો અને ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય પ્રવૃત્તિમાં મુખ્ય દાતા મનુભાઈ રણછોડભાઈ લાઠીયા હસ્તક મેહુલ લાઠીયા તરફથી વિદ્યાદાન આપવામાં આવ્યું હતું. આ સાથે જ અન્ય દાતા રાજુભાઈ એસ. પ્રજાપતિ અને કલ્પેશ લાઠીયા (નિકોલ) ના આર્થિક સહયોગથી બાળકોને શૈક્ષણિક કીટ પૂરી પાડવામાં આવી હતી. સમગ્ર પ્રજાપતિ યુવા શક્તિ સંગઠનના મુખ્ય કન્વીનર રાજુભાઈ એસ. પ્રજાપતિ, કલ્પેશ લાઠીયા તથા તેમની સમગ્ર ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે પ્રજાપતિ સમાજના પૂજ્ય સંત શ્રી સાઈચરણ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે હાજર રહીને તમામ વિદ્યાર્થીઓને જીવનમાં ઉચ્ચ શિક્ષણ મેળવી પ્રગતિ કરવા અને દેશનું નામ રોશન કરવા માટે આશીર્વાદ પાઠવ્યા હતા. સંગઠનની આ ભગીરથ કામગીરીને સમગ્ર સમાજે બિરદાવી છે.

## ડેઝ ગ્રુપ અમદાવાદ દ્વારા જૈન સમાજના ભામાશાહ અશોક પાટણીનું આત્મીય સન્માન અને ભવ્ય કાર્યક્રમનું નિમંત્રણ

આગામી 7 જૂન 2026ના રોજ અમદાવાદના દિનેશ હોલમાં યોજાશે ભવ્ય "Days Housie 2026 અને સન્માન સમારોહ"



અમદાવાદ

દિગંબર જૈન યુવા સંઘ ચેરીટેબલ ટ્રસ્ટ - ડેઝ ગ્રુપ (DAYS Group) અમદાવાદની ટીમને તાજેતરમાં એક અત્યંત ગૌરવપૂર્ણ અને પ્રેરણાદાયી અવસર પ્રાપ્ત થયો છે. સંસ્થાની પ્રગતિશીલ ટીમે દેશના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ, મહાન દાનવીર, જૈન સમાજના આધુનિક ભામાશાહ અને R.K. Marble ના આદરણીય શ્રી અશોકજી પાટણી સાહેબ સાથે એક ખાસ આત્મીય મુલાકાત કરી હતી.

આ વિશેષ મુલાકાત દરમિયાન ડેઝ ગ્રુપની ટીમ દ્વારા તેમને આગામી ૭ જૂન ૨૦૨૬, રવિવારના રોજ અમદાવાદના જાણીતા દિનેશ હોલ ખાતે આયોજિત થનારા "Days Housie 2026 અને સન્માન સમારોહ" માટે સાદર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ ભવ્ય કાર્યક્રમ સંગીત અને મનોરંજનથી ભરપૂર રહેશે, તેમજ આ જ મંચ પરથી જૈન સમાજના ગણમાન્ય શ્રેષ્ઠીઓનું વિશેષ સન્માન પણ કરવામાં આવશે.

અશોકજી પાટણીએ સેવાકીય કાર્યોને બિરદાવ્યા

મુલાકાત દરમિયાન શ્રી અશોકજી પાટણીએ ડેઝ ગ્રુપ દ્વારા કરવામાં આવતા સામાજિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક સેવાકીય કાર્યોની ખુલ્લા દિલથી પ્રશંસા કરી હતી. તેમણે ટીમના તમામ યુવા સભ્યો સાથે વિસ્તૃત વાતચીત કરી સમાજસેવા, પરસ્પર એકતા તેમજ યુવાશક્તિના મહત્વ પર પોતાના અમૂલ્ય વિચારો વહેંચ્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે સમાજહિતના આવા સત્કાર્યો અવિરતપણે આગળ વધતા રહેવા જોઈએ.

ડેઝ ગ્રુપના અધ્યક્ષ મનીષ પાટણીએ જણાવ્યું કે, 'અશોકજી પાટણી સાથેની આ મુલાકાત અમારા માટે અત્યંત ભાવનાત્મક અને પ્રેરણાદાયી ક્ષણ બની રહી છે.' અશોકજીએ ખૂબ જ આત્મીયતાથી ખાતરી આપી છે કે ડેઝ ગ્રુપના દરેક સામાજિક અને માનવસેવાના કાર્યોમાં તેઓ હંમેશા સાથે ઊભા રહેશે. તેમના આ આશીર્વાદ અને સમર્થનથી સમગ્ર ટીમમાં એક નવી ઊર્જા, ઉત્સાહ અને આત્મવિશ્વાસનો સંચાર થયો છે.

**પૂર્વ પતિના ગંભીર આક્ષેપોથી મચ્યો ખળભળાટ**

## શું ભુવાના 'ચક્કર'માં સિંગર તેજલ ઠાકોરના થયા છૂટાછેડા?

અમદાવાદ

ગુજરાતી લોક સંગીત ક્ષેત્રે પોતાની ગાયકીથી જાણીતી બનેલી સિંગર તેજલ ઠાકોર અત્યારે એક મોટા વિવાદના વંટોળમાં સપડાઈ છે. સોશિયલ મીડિયાથી લઈને કલા જગતમાં આ સમાચાર વાયરલ થતાં જ ભારે ચર્ચા જાગી છે. તેજલ ઠાકોરના પૂર્વ પતિ દ્વારા લગાવવામાં આવેલા કેટલાક સનસનાટીપૂર્ણ આક્ષેપોને કારણે આખો મામલો જાહેરમાં આવ્યો છે અને ચર્ચાનો વિષય બન્યો છે કે, શું કોઈ ભુવાના ચક્કરમાં આવીને આ જાણીતી સિંગરનું ઘર ભાંગ્યું છે?

મળતી વિગતો મુજબ, તેજલ ઠાકોરના પૂર્વ પતિએ મીડિયા અને સોશિયલ મીડિયા સમક્ષ આવીને ગંભીર આક્ષેપો કર્યા છે. તેમનું કહેવું છે કે વૈવાહિક જીવનમાં ભંગાણ પડવાનું મુખ્ય કારણ એક ભુવાજી છે.

પૂર્વ પતિના આક્ષેપ અનુસાર, તેજલ ઠાકોર અવારનવાર ભુવાના સંપર્કમાં રહેતી હતી અને અંધશ્રદ્ધા કે અન્ય કોઈ અકળ કારણોસર ઘરના સંસારમાં અણબનાવ શરૂ થયો હતો, જે અંતે છૂટાછેડા સુધી પહોંચી ગયો. આ આક્ષેપો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ફેન્સ પણ ચોંકી ઉઠ્યા છે.

બીજી તરફ, આ ગંભીર આક્ષેપો બાદ સિંગર તેજલ ઠાકોર કે તેમના પરિવાર તરફથી સત્તાવાર રીતે કોઈ ખુલાસો કે પ્રતિક્રિયા સામે આવી છે કે નહીં તેના પર સૌની નજર ટકેલી છે. કલા જગતમાં આ પ્રકારના અંગત વિવાદો જ્યારે સાર્વજનિક બને છે ત્યારે સોશિયલ મીડિયા પર અવનવી ચર્ચાઓને વેગ મળતો હોય છે.

પાક્કો ગુજરાતનો સળગતો સવાલ એ છે કે, શું ખરેખર પૂર્વ પતિ દ્વારા લગાવવામાં આવેલા આ આક્ષેપોમાં કોઈ સત્યતા છે કે પછી આ માત્ર એકતરફી આક્ષેપો જ છે? આ વિવાદમાં આગામી સમયમાં કેવો વળાંક આવે છે અને સત્ય શું છે તે તો બંને પક્ષોની સત્તાવાર રજૂઆત બાદ જ સ્પષ્ટ થશે. - રિપોર્ટ પાક્કો ગુજરાત.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI